વર્ષ : 4 અંક : 05

1-15 સપ્ટેમ્બર, 2023 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## 'ભારતીયતા'નો ઉદય

લાલ કિલ્લાની પ્રાચીર પરથી 10મી વખત તિરંગો ફરકાવનારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક 'શિલ્પી' તરીકે દરેક વ્યક્તિને 'વિકસિત થઈ રહેલા ભારત'નો સાક્ષાત્કાર કરાવ્યો, તો હવે 140 કરોડ નાગરિકોને પરિવારજન બનાવીને ભવ્ય ભારતના નિર્માણની આધારશિલા રોપી છે...



# સ્વર્ણિમ વર્ષ તરફ ભારતની કૂચ...

**વિવિધતામાં એકતા અને વિકસિત ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહેલું ભારત હવે સ્વર્ણિમ ઈતિહાસ રચવા માટે તૈયાર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના 77મા પર્વ નિમિત્તે સળંગ 10મી વખત ધ્વજ ફરકાવ્યો હતો. હવે 2047માં વિકસિત ભારતનો તિરંગો ફરકાવવાનો 140 કરોડ દેશવાસીઓનો સંકલ્પ છે, એ સંકલ્પને સિદ્ધ કરવા માટે શ્રેષ્ઠ ભારતનો મંત્ર અને પરિશ્રમની પરાકાષ્ઠા એ સૌથી મોટી તાકાત છે.**

*સ્વતંત્રતા દિવસના આયોજનનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.*

न्यू ईन्डिया

# સમાચાર

વર્ષ 4, અંકઃ 05 | 1-15 સપ્ટેમ્બર, 2023

**મુખ્ય સંપાદક**
**રાજેશ મલ્હોત્રા**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષ કુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**પવન કુમાર**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમિત કુમાર (અંગ્રેજી)**
**જય પ્રકાશ ગુપ્તા (અંગ્રેજી)**
**નદીમ અહેમદ (ઉર્દૂ)**
**પૉલમી રક્ષિત (બંગાળી)**

સિનિયર ડિઝાઈનર
**ફુલચંદ તિવારી**
**રાજીવ ભાર્ગવ**

ડિઝાઈનર
**અભય ગુપ્તા**
**ફિરોઝ અહેમદ**




13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરોઃ

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ- @NISPIBIndia**

## અંદરના પાને...

## ભારતના નવનિર્માણની ક્રાંતિ...



**કવર સ્ટોરી**

લાલ કિલ્લાની પ્રાચીર પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ્યારે 10મી વખત રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યા હતા ત્યારે 140 કરોડ નાગરિકોને પોતાનો પરિવાર માનીને અત્યાર સુધી કરવામાં આવેલી વિકાસયાત્રા અંગે તેમના મનમાં સ્વાભાવિક સંતોષ હતો તેમજ મગજમાં વર્ષ 2047 સુધીમાં ભવ્ય ભારતના નિર્માણ માટેનો સંકલ્પ પણ હતો. | 12-37

**અંધકારથી ઉજાસ તરફ લઈ જવાનું કામ 'ગુરુ' કરે છે**



**શિક્ષક દિવસઃ** ભારતમાં ગુરુને ભગવાનથી પણ વિશેષ માનવામાં આવે છે | 8-9

**યોજનાઃ સુધારા અને પરિવર્તનોથી ઉછળતી કૂદતી મત્સ્યકૃષિ**



પીએમ મત્સ્ય સંપદા યોજનાનાં 3 વર્ષ તેનો ઉદ્દેશ્ય જળકૃષિ પ્રણાલી સંબંધિત જોખમો દૂર કરવામાં મદદ કરવાનો છે | 40-42


**સમાચાર સાર** | 4-5

**વ્યક્તિત્વ – લાન્સ નાયક કરમસિંહ**
1948માં પાકિસ્તાની સૈનિકોને એકલા જ ભારે પડ્યા | 6

**વિદેશી વિદ્યાર્થીઓની સુગમ શૈક્ષણિક સફર 'સ્ટડી ઈન ઈન્ડિયા'**
દુનિયાભરના વિદ્યાર્થીઓને એક પ્લેટફોર્મ પર તમામ સુવિધાઓ મળશે | 7

**રાષ્ટ્રપતિનું સંબોધનઃ સ્વતંત્રતા દિવસ ઈતિહાસ સાથે જોડાવાનો, વર્તમાનનું આકલન કરવાનો અને ભવિષ્યના ચિંતનનો અવસર**
ભારતે સમગ્ર દુનિયામાં પોતાની ઓળખ અને વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા વધારી | 10-11

**રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી નવા યુગની શરૂઆત**
અમૃત ભારત સ્ટેશન યોજનાથી 508 રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ | 38-39

**બેંકિંગ સેવાઓ સાથે દરેક વર્ગ જોડાઈ રહ્યો છે, ઘરે બેઠા બેંકિંગ ટ્રાન્ઝેક્શનની સુવિધા**
ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકનાં 5 વર્ષઃ 6 કરોડ કરતાં વધારે ખાતા ખુલ્યા | 43

**169 શહેરોમાં 10 હજારથી વધુ ઈલેક્ટ્રિક બસો દોડશે**
કેન્દ્રીય મંત્રીમંડળે વિશ્વકર્મા યોજનાને મંજૂરી આપી | 44-45

**મોદી મંત્રઃ રાજ્યના વિકાસથી દેશનો વિકાસ**
મહારાષ્ટ્રને ભેટઃ ભારતના વિકાસથી મહારાષ્ટ્રને લાભ થઈ રહ્યો છે | 46-47

**વારસાની સમૃદ્ધિની સાથે-સાથે વિકાસ**
સંત રવિદાસના સ્મારક-સંગ્રહાલયનો શિલાન્યાસ | 48-49

**સ્વદેશી અંગે દેશમાં નવી ક્રાંતિ, હેન્ડલૂમ ક્ષેત્રમાં અભૂતપૂર્વ કામ**
9મા રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ સમારંભમાં પીએમ મોદીનું સંબોધન | 50-51

**ચોમાસુ સત્રઃ લોકસભામાં 22 અને રાજ્યસભામાં 25 બિલ પાસ થયા**
ઘોંઘાટ અને હોબાળા વચ્ચે ઘણાં જનહિત બિલ રજૂ કરાયા અને પસાર થયા | 52

**ઉકેલકર્તા ભારતની ક્ષમતાઓ શિખર સંમેલનમાં દુનિયાને દેખાશે**
G-20: પીએમ મોદીએ કહ્યું, લાલચ આપણને સત્યનો અનુભવ કરવાથી રોકે છે | 53-55

**સ્વસ્થ શ્રમિક અને શ્રમિક પરિવાર, ભારતનો મજબૂત આધાર**
ફરીદાબાદની ESIC હોસ્પિટલમાં પ્રેમલતાનો સફળતાપૂર્વક ઈલાજ | 56



**પ્રકાશક અને મુદ્રક - મનીષ દેસાઈ, મુખ્ય મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યૂરો મુદ્રણઃ ઈન્ફિનિટી એડવર્ટાઈઝિંગ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, FBD વન કોર્પોરેટ પાર્ક, 10મો માળ, નવી દિલ્હી - ફરીદાબાદ બોર્ડર, NH-1, ફરીદાબાદ- 121003 | પત્રવ્યવહાર અને ઈમેઈલ એડ્રેસઃ રૂમ નં - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 | ઈ-મેઈલ - response-nis@pib.gov.in RNI નંબર DELGUJ/2020/78810**

# સંપાદકની કલમે

## અમૃતકાળમાં વિકસિત ભારતનો સંકલ્પ બને વધુ સશક્ત

વંદે માતરમ્,

કોઈપણ રાષ્ટ્રની યાત્રામાં એક એવો સમય આવે છે જ્યારે તેનાં કાર્યોની અસર સદીઓ સુધી રહે છે. ભારતનો 77મો સ્વતંત્રતા દિવસ વિકાસની આ યાત્રાની શરૂઆત તરીકે ઉભરી આવ્યો છે. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાની પ્રાચીર પરથી સળંગ 10મી વખત તિરંગો ફરકાવ્યો ત્યારે રાષ્ટ્રને તેમણે આપેલું સંબોધન માત્ર સ્વતંત્રતા દિવસની ઉજવણી પૂરતું મર્યાદિત ન હતું, પરંતુ તેમના મનમાં ફરજની ભાવનાથી પ્રેરિત થઈને 'નવા ભારત'નું નિર્માણ કરવાની મજબૂત ઈચ્છાશક્તિ પણ હતી. જે રીતે સ્વાતંત્ર્ય સેનાનીઓએ આઝાદી માટે પોતાના પ્રાણની આહુતિ આપીને ક્રાંતિને પ્રજ્વલિત કરી હતી, તેવી જ રીતે ભવ્ય ભારતના નિર્માણનો પાયો નાંખવામાં આવ્યો એ 140 કરોડ ભારતીયોનું માત્ર સપનું નથી, પરંતુ સંકલ્પ બની ગયો છે. કેન્દ્ર સરકાર સર્વજન હિતાય- સર્વજન સુખાય માટે સમર્પિત છે. આજે ભારતીયોના મનમાં અને વિશ્વના મનમાં ભારત વિશે 'જો અને તો'ની કોઈ જ ભાવના નથી.

આજે ભારતની સૌથી મોટી તાકાત વિશ્વાસ બની ગયો છે. ભારતની સંભાવનાઓ વિશ્વાસની નવી ઊંચાઈઓ પાર કરી રહી છે. ભારતે યુવાનો, નારી શક્તિ, ખેડૂતો, પછાત લોકો અને વંચિત લોકો એમ સૌને સાથે લઈને વિકાસની નવી પટકથા લખી છે. આજે ભારતની પ્રગતિ વિશ્વને પણ અચંબામાં મૂકી રહી છે. ભારતની મજબૂત લોકશાહી, મજબૂત નેતૃત્વ, મજબૂત ઈચ્છાશક્તિ જ આગામી 25 વર્ષ માટે વિકસિત ભારતનો મંત્ર છે. રાષ્ટ્ર પ્રથમની ચેતનાથી ઓતપ્રોત, નવું ભારત સમગ્ર વિશ્વનું મંગળ થાય તેવી ઈચ્છા સાથે આગળ વધી રહ્યું છે. આજે સમગ્ર વિશ્વમાં ભારત પ્રત્યે એક નવી આશા, નવો વિશ્વાસ જન્મ્યો છે. અમૃતકાળના આ સમયગાળામાં ભારતની દિશા શું હશે અને ભારતનો તિરંગો કેવી રીતે વિકસિત ભારતનો તિરંગો બનશે અને તેના માટે લાલ કિલ્લાની પ્રાચીર પરથી પ્રધાનમંત્રી મોદીએ જે સંદેશો આપ્યો છે, એ જ આ વખતની અમારી કવર સ્ટોરી છે.

વ્યક્તિત્વની શ્રેણીમાં લાન્સ નાયક કરમસિંહની પ્રેરક ગાથા, સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રને આપેલું સંબોધન, પીએમ મત્સ્ય સંપદા યોજનાનાં 3 વર્ષ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકના 5 વર્ષના અવસરે વિશેષ સામગ્રીને આ અંકમાં સમાવી લેવામાં આવી છે. સાથે જ, પ્રધાનમંત્રી દ્વારા રાજ્યોને આપવામાં આવેલી વિકાસની ભેટ, 5 સપ્ટેમ્બરે શિક્ષક દિવસ નિમિત્તે વિશેષ સામગ્રી, G-20 સાથે સંકળાયેલા કાર્યક્રમો, સ્ટડી ઈન ઈન્ડિયા પોર્ટલનો પ્રારંભ, અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત 508 રેલવે સ્ટેશનોના પુનઃવિકાસનો શિલાન્યાસ, મધ્યપ્રદેશના સાગર ખાતે સંત રવિદાસના સ્મારકનો શિલાન્યાસ, 9મા રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આપેલા સંબોધનને આ વખતના અંકમાં સમાવી લેવામાં આવ્યા છે.

આપના સૂચનો અમને મોકલતા રહો.

(રાજેશ મલ્હોત્રા)

હિંદી, અંગ્રેજી તેમજ અન્ય 11 ભાષામાં ઉપલબ્ધ પત્રિકા વાંચો/ ડાઉનલોડ કરો.
https://newindiasamachar.pib.gov.in/news.aspx




# આપની વાત...

### ઘટનાઓ અને સાંપ્રત બાબતો વિશે વિગતવાર માહિતી મળે છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીનનો નવો અંક વાંચવા મળ્યો. આ મેગેઝીનમાં આપવામાં આવતા તથ્યો અને સંદર્ભોથી હું ખૂબ જ પ્રભાવિત છું. આમાં આપવામાં આવતા શીર્ષક લોકોને પ્રેરણા આપનારા હોય છે. સાથે જ, તે લોકોને ભારતની ઘટનાઓ અને સાંપ્રત બાબતો વિશે વિગતવાર માહિતી પૂરી પાડે છે.

મૃત્યુંજય કુમાર પાઠક
pinderadeo944@gmail.com

### જ્ઞાનવર્ધક અને રાષ્ટ્રીય તેમજ સાંસ્કૃતિક વિચારધારાથી પ્રેરિત

મને ક્યાંકથી ન્યૂ ઈન્ડિયા સમાચારનું જૂનું મેગેઝીન વાંચવા મળ્યું. મને આ મેગેઝીન ખરેખર ગમ્યું. મેગેઝીન ખૂબ જ જ્ઞાનવર્ધક છે અને રાષ્ટ્રીય તેમજ સાંસ્કૃતિક વિચારધારાથી પ્રેરિત છે. મેગેઝીનના તમામ લેખો અપડેટેડ અને નવી માહિતીથી ભરેલા છે તેમજ સંક્ષિપ્ત અને હકીકતલક્ષી માહિતી છે.

આત્મારામ ગુપ્ત
aram09073@gmail.com

### સરકારી યોજનાઓ વિશે માહિતી મળે છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન વાંચ્યા પછી મને ખબર પડી કે, તે એક સારું મેગેઝીન છે. આ મેગેઝીન અમને સરકારની યોજનાઓ વિશેની તમામ માહિતી પૂરી પાડે છે.

પૂર્ણિમા દુબે
dubey.purnima11@gmail.com

### હું ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન નિયમિત વાંચું છું

હું ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન નિયમિત વાંચું છું. આ મેગેઝીનમાં પ્રકાશિત થતા લેખોમાં તમામ સાર આપેલો હોય અને માહિતી સારી લાગે છે. કવર સ્ટોરી સહિત અન્ય લેખો રસપ્રદ હોય છે. વ્યક્તિત્વ અને 'આઝાદી કા અમૃત ઉત્સવ' શ્રેણીમાં દેશભક્ત નાયકો વિશે વાંચવાનું ગમે છે. તેમાં ઘણી માહિતી આપેલી હોય છે. તેમજ મેગેઝીનનું કવર પેજ જે રીતે તૈયાર કરવામાં આવે છે તે ખૂબ જ પ્રશંસનીય છે.

snehasurabhi5@gmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચારમાં સ્વાતંત્ર્ય સેનાનીઓની ગાથાઓ વાંચવા મળી

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીનમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ પર આધારિત ગાથાઓ વાંચવા મળી. હું તમિલનાડુના કોંગુ વિસ્તારમાં રહું છું અને હાલમાં ઉદુમલપેટમાં રહું છું. હું કોલેજના વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ કરું છું. તેથી મેં મારા સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને 'આઝાદી કા અમૃત ઉત્સવ'માં તેમના પ્રદેશના અજ્ઞાત નાયકો વિશે જાણવા માટે પ્રોત્સાહિત કર્યા. આ પ્રયાસમાં મારા વિદ્યાર્થીઓએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન આપનારા કેટલાક એવા સ્વાતંત્ર્ય સેનાનીઓની ઓળખી કાઢ્યા જેમણે ઘણી મહત્વની ભૂમિકા નિભાવી હતી.

ડૉ. એસ. શેનબાગવલ્લી
shenbagavalligvgvc@gmail.com

**અમને ફોલો કરો @NISPIBIndia**

**પત્રવ્યવહાર અને ઈમેઈલનું સરનામું: રૂમ નંબર - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 ઈમેઈલ - response-nis@pib.gov.in**

# કેન્દ્રની પહેલને કારણે સહારામાં 15 વર્ષથી અટવાયેલા પૈસા પાછા મળવાની શરૂઆત થઈ




દરેક ગરીબ અને મધ્યમ વર્ગના વ્યક્તિના અધિકારોનું રક્ષણ કરવા અને સમાજના છેવાડાના વ્યક્તિના દુઃખને દૂર કરવા માટે પ્રતિબદ્ધ કેન્દ્ર સરકારની પહેલથી સહારા ઈન્ડિયામાં અટવાયેલા ભંડોળ રોકાણકારો સુધી પહોંચવાનું શરૂ થઈ ગયું છે. ઑગસ્ટના પ્રથમ અઠવાડિયામાં, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે સહારા રિફંડ પોર્ટલ દ્વારા સહારા જૂથની સહકારી મંડળીઓના માન્ય થાપણદારોને ભંડોળ ટ્રાન્સફર કર્યું હતું. વર્તમાન સરકાર કેવી રીતે રોકાણકારોની મહેનતની કમાણીનો એક-એક પૈસો પાછો મેળવવા માટે સતત પ્રયાસ કરી રહી છે, તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે સહારા રિફંડ પોર્ટલના આરંભ સમયે કહેવામાં આવ્યું હતું કે નોંધણીના 45 દિવસ માન્ય થાપણદારોને ચૂકવણી કરવામાં આવશે. પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી સમિતિ અને ભારત સરકારની એજન્સીઓએ સાથે મળીને એક મહિના કરતાં પણ ઓછા સમયમાં ફંડ ટ્રાન્સફર કરવાનું શરૂ કરી દીધું છે.



# પૂર્વોત્તરના 2.5 લાખ યુવાનોને કૌશલ્યવાન બનાવવા માટે રૂપિયા 360 કરોડની યોજનાનો પ્રારંભ કરાયો

પૂર્વોત્તર ક્ષેત્રના અભૂતપૂર્વ વિકાસને વેગ આપવાની સાથે સાથે હવે કેન્દ્ર સરકારે યુવાનો માટે ક્રાંતિકારી પહેલ હાથ ધરી છે. આ વિશેષ પહેલમાં 2.5 લાખ યુવાનોને કૌશલ્યવાન બનાવવા માટે 360 કરોડ રૂપિયાની નાણાકીય ફાળવણી કરવામાં આવી છે. આ નવી પહેલનું નામ છે 'ટ્રાન્સફોર્મિંગ લાઈવ્સ, બિલ્ડિંગ ફ્યૂચર્સ - નોર્થ ઈસ્ટ' રાખવામાં આવ્યું છે. એટલે કે, 'જીવનમાં પરિવર્તન, ભવિષ્યનું નિર્માણ' પહેલ યુવાનોને કૌશલ્યોથી સજ્જ કરશે અને તકો પૂરી પાડશે. કૃષિ-બાગાયત, પ્રવાસન, સેવાઓ વગેરે જેવા ક્ષેત્રોમાં રહેલી અપાર સંભાવનાઓને ઉજાગર કરવામાં તે મદદ કરશે. આ પહેલથી યુવાનોને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય જોબ માર્કેટમાં એક વિશિષ્ટ સ્થાન મળવાની સાથે સાથે, પૂર્વોત્તર પ્રદેશને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે ઉદ્યોગસાહસિકોને પણ સશક્ત બનાવશે.

# 10 કરોડથી વધુ લોકોએ તિરંગા સાથે સેલ્ફી અપલોડ કરી હતી



'તિરંગો' સ્વતંત્રતા અને રાષ્ટ્રીય એકતાની ભાવનાનું પ્રતિક છે. દરેક ભારતીયને તિરંગા પ્રત્યે લાગણીનું જોડાણ હોય છે અને તે રાષ્ટ્રીય પ્રગતિને આગળ વધારવા માટે સખત મહેનત કરવા માટે પ્રેરિત કરે છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ દેશે 13 થી 15 ઑગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરી હતી. આ અભિયાન હેઠળ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને https://harghartiranga.com પર તિરંગા સાથેની તેમની તસવીરો અપલોડ કરવાની અપીલ કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ કરેલી આ અપીલની અસર એવી હતી કે, 16 ઑગસ્ટ સુધીમાં આ પોર્ટલ પર 10 કરોડથી વધુ લોકોએ તિરંગા સાથે પોતાની સેલ્ફી અપલોડ કરી હતી. ભારતીયોએ દરેક જગ્યાએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો, તિરંગા સાથે સેલ્ફી લીધી અને તેને હર ઘર તિરંગા વેબસાઈટ પર અપલોડ કરી હતી. ગયા વર્ષે પણ દરેક લોકોની સહભાગિતાને કારણે હર ઘર તિરંગા કાર્યક્રમને જબરદસ્ત સફળતા મળી હતી અને 6 કરોડથી વધુ લોકોએ તિરંગા સાથે સેલ્ફી અપલોડ કરી હતી.

## માનવજાતની સેવાઃ અંગદાન વધ્યું, અંગદાતાઓની સુવિધા પણ વધી

રાષ્ટ્રની સકારાત્મક પહેલને કારણે સમાજમાં જાગૃતિ વધી રહી છે. જેના પરિણામે વર્ષ 2013માં માત્ર 5 હજાર લોકોએ અંગદાન કર્યું હતું તેની તુલનાએ હવે દર વર્ષે 15 હજારથી વધુ લોકો અંગદાન કરી રહ્યા છે. કેન્દ્ર સરકારે અંગદાન વધારવા માટે અનેક પગલાં લીધાં છે. અંગદાતાઓ માટે રજાનો સમયગાળો 30 દિવસથી વધારીને 60 દિવસ કરવામાં આવ્યો છે અને 65 વર્ષની વય મર્યાદા પણ દૂર કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા અંગદાનની પ્રક્રિયાને વધારે સુવ્યવસ્થિત કરવામાં આવી છે. આટલું જ નહીં, વિદેશમાં કોઈ વ્યક્તિના મૃત્યુના કિસ્સામાં પાર્થિવ દેહને પરત લાવવાની પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવા માટે, એક ઈ-કેર પોર્ટલ (ઈ-ક્લિયરન્સ ઓફ આફ્ટરલાઈફ રીમેન્સ) શરૂ કરવામાં આવ્યું છે. કેન્દ્ર દ્વારા કરવામાં આવેલી આ પહેલ પર કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું છે કે, અન્ય વ્યક્તિને જીવનદાન આપવા કરતાં મોટી કોઈ જ માનવસેવા હોઈ શકે નહીં.

## ડિજિટલ આરોગ્ય સુવિધાઓથી સારવાર સરળ બની

એક ક્લિક કરતા જ દર્દીના આરોગ્યને લગતી તમામ માહિતી મેળવવાની વાત હોય કે પછી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં બેસીને જિલ્લાના નિષ્ણાત તબીબ પાસેથી ટેક્નોલોજીની મદદથી સારવાર મેળવવાની વાત હોય. દરેક કિસ્સામાં, ટેક્નોલોજીએ દર્દીઓની સારવારને માત્ર સરળ જ નહીં પરંતુ સસ્તી અને સરળ પણ બનાવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ટ્વીટ કર્યું હતું કે, બિન-ચેપી રોગો પરના રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ, NCD પોર્ટલ દ્વારા પાંચ કરોડથી વધુ આયુષ્માન ભારત સ્વાસ્થ્ય ખાતા (ABHA) બનાવવામાં આવ્યા છે. આના પર પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, 'ખૂબ જ સારી માહિતી! દેશભરના આપણા ગરીબ ભાઈ-બહેનોને સારી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવાની આ અમારી પ્રાથમિકતા છે. તે ખૂબ જ સંતોષની વાત છે કે, આ સુવિધાઓ ડિજિટલ થઈ રહી હોવાથી કરોડો લોકોને લાભ મળી રહ્યો છે.' પ્રધાનમંત્રી મોદીએ 27 સપ્ટેમ્બર, 2021ના રોજ આયુષ્માન ભારત ડિજિટલ હેલ્થ મિશનની શરૂઆત કરી હતી, જેનો ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં લોકો માટે ડિજિટલ હેલ્થ આઈડી બનાવવાનો છે. આ અંતર્ગત, 31 જાન્યુઆરી 2023 સુધીમાં, કુલ 31 કરોડથી વધુ આરોગ્ય ખાતા ખોલવામાં આવ્યા છે. તે 14 અંકનો રેન્ડમલી જનરેટ કરવામાં આવતો નંબર છે જે, વ્યક્તિના મેડિકલ રેકોર્ડ ડિજિટલ આરોગ્ય સંભાળ ઈકોસિસ્ટમ સાથે જોડાયેલા હોય તેની ખાતરી કરે છે.



## ઑક્ટોબર 2024 સુધીમાં 1000 શહેરો 3-સ્ટાર કચરામુક્ત શહેરો બનશે

*"મહાત્મા ગાંધીએ સ્વચ્છતાને આઝાદીના સપના સાથે જોડી હતી. આજે આટલા દાયકાઓ પછી ફરી એકવાર સ્વચ્છતા અભિયાને દેશને ન્યૂ ઈન્ડિયાના સપના સાથે જોડી દીધો છે. તે આપણી આદતોને બદલવાનું અભિયાન પણ બની રહ્યું છે અને આપણે એ ન ભૂલવું જોઈએ કે સ્વચ્છતા એક કાર્યક્રમ છે.*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ શબ્દોને આગળ વધારતા, સ્વચ્છ ભારત મિશન (શહેરી) 2.0ની શરૂઆત 1 ઓક્ટોબર 2021ના રોજ 5 વર્ષમાં તમામ શહેરોને કચરા મુક્ત બનાવવાના ખ્યાલ સાથે કરવામાં આવી છે. હવે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે ઑક્ટોબર 2024 સુધીમાં 1000 શહેરોને 3 સ્ટાર રેટિંગ સાથે કચરા મુક્ત શહેર બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ મિશનમાં વૈજ્ઞાનિક ઢબે કચરાના સંચાલનનો સમાવેશ થાય છે જેમાં સ્રોત પર કચરાનું વિભાજન, ડોર-ટુ-ડોર કચરાનું એકત્રીકરણ અને ઉકરડામાં સુરક્ષિત રીતે તેના નિકાલનો સમાવેશ થાય છે. આના માટે, મંત્રાલયે તૃતીય પક્ષ ઑડિટ અને સ્વચ્છતા સર્વેક્ષણો દ્વારા નગરપાલિકાઓના ઘન કચરા વ્યવસ્થાપનનું મૂલ્યાંકન કરવા માટે "કચરા મુક્ત શહેર" - સ્ટાર રેટિંગ પ્રોટોકોલ શરૂ કર્યો છે. ●

લાન્સ નાયક કરમસિંહ

# પાકિસ્તાની સૈનિકોને એકલા જ ભારે પડ્યા



જન્મઃ 15 સપ્ટેમ્બર 1915
અવસાનઃ 20 જાન્યુઆરી 1993

1948માં દુશ્મનોએ કરેલા હુમલા દરમિયાન લાન્સ નાયક કરમસિંહે અદમ્ય સાહસ અને વીરતાનો પરિચય આપવની સાથે સાથે ઈજાગ્રસ્ત સૈનિકોને લડવા માટે પ્રેરિત પણ કર્યા હતા. દુશ્મનોએ આઠ વખત હુમલો કર્યો પરંતુ ઈજાગ્રસ્ત હોવા છતાં કરમસિંહે થોડાક એવા જવાનો સાથે મળીને તેમને તગેડી મૂક્યા હતા. તેમણે સંકટ દરમિયાન નીડર સેનાનાયક હોવાનો પુરાવો આપ્યો હતો અને તિથવાલ પર તિરંગાની શાન બચાવી હતી. યુદ્ધ દરમિયાન અદ્વિતીય સાહસ અને શૌર્ય બતાવવા બદલ તેમને પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા...

આ ઘટના 13 ઓક્ટોબર 1948ના રોજ સવારે લગભગ 6 વાગે બની હતી. 1 શીખ રેજિમેન્ટના અધિકારક્ષેત્ર વાળી પોસ્ટ પર કબજો કરવાના હેતુથી દુશ્મનો સતત આગળ વધી રહ્યા હતા અને ભારતીય સેનાને પાછળ ધકેલવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પરંતુ સ્થળ પર હાજર શીખ રેજિમેન્ટના એક સૈનિકે પાકિસ્તાનના નાપાક ઈરાદાઓ પર પાણી ફેરવી દીધું હતું. પોતાની બંદૂકથી પાકિસ્તાની સેનાને જડબાતોડ જવાબ આપનારા આ સૈનિક બીજા કોઈ નહીં પરંતુ લાન્સ નાયક કરમસિંહ હતા.

પંજાબના બરનાલા જિલ્લામાં એક સામાન્ય ખેડૂતના ઘરે 15 સપ્ટેમ્બર 1915ના રોજ કરમસિંહનો જન્મ થયો હતો. તેમને શાળાકીય અભ્યાસમાં ઓછો રસ હતો, પરંતુ તેઓ રમતગમતમાં તેઓ ઉત્કૃષ્ટ હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, તેમના 26મા જન્મદિવસે, 15 સપ્ટેમ્બર, 1941ના રોજ, કરમસિંહ સૈન્યમાં જોડાયા જ્યાં તેમને શીખ રેજિમેન્ટમાં તૈનાત કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાની દુશ્મનોએ 13 ઓક્ટોબર 1948ના રોજ તોપો અને મોર્ટારની ભારે ગોળીબાર સાથે હુમલો કર્યો હતો. હુમલા સમયે લાન્સ નાયક કરમસિંહ ફોરવર્ડ બોર્ડર પોસ્ટની કમાન સંભાળી રહ્યા હતા. ભારતીય સૈનિકો કરતા 10 ગણી વધારે સંખ્યામાં દુશ્મન સૈનિકોએ ચોકી પર હુમલો કર્યો હતો. દુશ્મનોએ આ ચોકી પર આઠ વખત હુમલો કર્યો, પરંતુ 1 શીખ રેજિમેન્ટના જવાનોએ દરેક વખતે તેમને મારીને તગેડી મૂક્યા હતા. જ્યારે દારૂગોળાનો જથ્થો ઓછો થવા લાગ્યો, ત્યારે લાન્સ નાયક કરમસિંહ ભીષણ ગોળીબાર વચ્ચે કંપનીની મુખ્ય પોઝીશન પર આવ્યા, તેમની સાથે બે ઈજાગ્રસ્ત સાથીઓને પણ પોતાની સાથે લઈ ગયા. દુશ્મનોથી ઘેરાયેલા હોવા છતાં, જોખમ અને તેની ઈજાની પરવા કર્યા વગર, કરમસિંહે જમીન પર સરકીને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું ચાલુ રાખ્યું અને સૈનિકોને યુદ્ધ ચાલુ રાખવાની હિંમત આપતા રહ્યા. વચ્ચે-વચ્ચે તેઓ દુશ્મનો પર ગ્રેનેડ પણ ફેંકતા રહ્યા. ઈજાગ્રસ્ત હોવા છતાં તેમણે ત્યાંથી ખસવાની ના પાડી અને અગ્રીમ મોરચા પર અડીખમ રહ્યા. જ્યારે ઘૂસણખોરો નજીક આવ્યા, ત્યારે તેમણે ખાઈમાંથી બહાર નીકળીને બંને ઘૂસણખોરોને બેયોનેટ મારીને ખતમ કરી દીધા. આ કામથી દુશ્મનોનું મનોબળ તૂટી ગયું અને તેઓએ ઘેરો હટાવી લીધો.

લાન્સ નાયક કરમસિંહ તેમના સાથીઓ માટે પ્રેરણા સ્રોત હતા અને તેમના દુશ્મનો માટે આતંક હતા. લાન્સ નાયક કરમસિંહને તિથવાલના યુદ્ધમાં તેમની ઉત્કૃષ્ટ ભૂમિકા બદલ પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. લાન્સ નાયક કરમસિંહ એવા જૂજ સૈનિકોમાંના એક હતા જેમણે પોતાના હાથે પરમવીર ચક્ર મેળવ્યું હતું. બર્મામાં બ્રિટિશ આર્મી માટે આટલી બહાદુરી અને હિંમત સાથે લડવા બદલ તેમને અગાઉ પણ વીરતા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

15 ઑગસ્ટ 1947ના રોજ જ્યારે ભારત આઝાદ થયું ત્યારે ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુની સાથે તિરંગો ફરકાવવા માટે પસંદ કરવામાં આવેલા પાંચ સૈનિકોમાંથી એક કરમસિંહ પણ હતા. દેશના વાસ્તવિક જીવનના નાયકોને યોગ્ય સન્માન આપવું એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ટોચની પ્રાથમિકતા રહી છે. આ કડીમાં, આંદામાન અને નિકોબાર ટાપુઓના 21 મોટા ટાપુઓ, કે જેનું અત્યાર સુધી કોઈ નામ નહોતું, તેના નામ 21 પરમવીર ચક્ર વિજેતાઓના નામ પરથી રાખવામાં આવ્યા છે. આમાં એક ટાપુનું નામ લાન્સ નાયક કરમસિંહના નામ પર રાખવામાં આવ્યું છે. 20 જાન્યુઆરી 1993ના રોજ તેમના ગામમાં તેમનું અવસાન થયું હતું.

# વિદેશી વિદ્યાર્થીઓની સુગમ શૈક્ષણિક સફર
# 'સ્ટડી ઈન ઈન્ડિયા'



નાલંદા, વિક્રમશિલા અને વલ્લભ યુનિવર્સિટીઓ ભારતીય શિક્ષણના ભવ્ય ભૂતકાળની ગાથા વર્ણવે છે જે વિશ્વના વિવિધ ભાગોમાંથી વિદ્યાર્થીઓ અને વિદ્વાનો માટે આકર્ષણનું કેન્દ્ર રહી છે. ભારતને વૈશ્વિક કેન્દ્ર તરીકે ફરીથી સ્થાપિત કરવા માટે, ભારતની વર્તમાન સરકારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 લાગુ કરી છે અને યુનિવર્સિટીઓની સંખ્યામાં પણ વધારો કર્યો છે. આ કડીમાં, 3 ઑગસ્ટના રોજ સ્ટડી ઈન ઈન્ડિયા પોર્ટલ (SII) લોન્ચ કરવામાં આવ્યું છે, જેથી વિશ્વભરના વિદ્યાર્થીઓ વન સ્ટોપ પ્લેટફોર્મ પર તમામ સુવિધાઓ મેળવી શકે...

શિક્ષણ મંત્રાલયે ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલયના સહયોગથી સ્ટડી ઈન ઈન્ડિયા પોર્ટલની શરૂઆત કરી છે. SII પ્રોગ્રામ એ 2018માં શિક્ષણ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલો એક મુખ્ય કાર્યક્રમ છે. પોર્ટલનો પ્રારંભ કરતા, શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે, શિક્ષણને ભૌગોલિક રાજનીતિની સીમાઓથી ઓળંગીને આગળ લઈ જવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ, સ્ટડી ઈન ઈન્ડિયા પોર્ટલ ભારતને ઉચ્ચ શિક્ષણ માટે એક પસંદગીનું સ્થળ બનાવવા માટે, એક સમૃદ્ધ ભવિષ્યને આકાર આપવા માટે શૈક્ષણિક સીમાઓને ભૂંસી નાખવાની દિશામાં લેવામાં આવેલું એક મહત્વપૂર્ણ પગલું બનવા જઈ રહ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલીકરણ સાથે, ભારતમાં વિદેશી યુનિવર્સિટીઓનો પ્રવેશ અને આપણી અગ્રણી સંસ્થાઓના આંતરરાષ્ટ્રીય કેમ્પસ ખોલવાની શરૂઆત થઈ ગઈ છે.

આ કાર્યક્રમમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું હતું કે, આ પોર્ટલ વિવિધ પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓનું સ્વાગત કરીને ભારતને વૈશ્વિક શિક્ષણ કેન્દ્ર બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ શિક્ષણ ક્ષેત્રે બ્રાન્ડ 'ઈન્ડિયા'ની મજબૂત આંતરરાષ્ટ્રીય હાજરીને ચિહ્નિત કરશે. તેમણે ઉમેર્યું હતું કે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની હાજરીથી સ્થાનિક વિદ્યાર્થીઓને પણ વૈશ્વિકીકરણની દુનિયા સાથે વધુ નજીકથી કનેક્ટ થવામાં અને વૈશ્વિક કાર્યસ્થળ માટે વધુ સારી રીતે તૈયાર થવામાં મદદ મળવા જેવા વિવિધ લાભો મળશે. SII કાર્યક્રમ અજોડ અનુભવ પૂરો પાડવા માટે દુનિયાભરના પ્રતિભાશાળી અને મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓને ભારતના જીવંત અને સાંસ્કૃતિક રીતે વૈવિધ્યસભર શૈક્ષણિક માહોલમાં અભ્યાસ કરવા માટે આકર્ષવા માટે આકર્ષિત કરશે.

### વિદ્યાર્થીઓને વન સ્ટોપ ઉકેલ મળશે

સ્ટડી ઈન ઈન્ડિયા પોર્ટલ પર ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વિશેની વિગતવાર માહિતી ઉપલબ્ધ છે. આ વેબસાઈટ સ્નાતક, સ્નાતકોત્તર, ડૉક્ટરેટ સ્તરના કાર્યક્રમો તેમજ યોગ, આયુર્વેદ, શાસ્ત્રીય કળા વગેરે જેવી ભારતીય જ્ઞાન પ્રણાલીઓના અભ્યાસક્રમોને આવરી લેતા શૈક્ષણિક કાર્યક્રમોની માહિતી પ્રદાન કરે છે. અહીં શૈક્ષણિક સુવિધાઓ, સંશોધન સહાય અને સંબંધિત માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. નવી વેબસાઈટ પર, વિદ્યાર્થીઓને તેમની પસંદગીની એક કરતાં વધુ સંસ્થા, અભ્યાસક્રમો માટે અરજી કરવાની સુવિધા મળશે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને અહીં નોંધણી અને વિઝા અરજી પ્રક્રિયા માટે એક સંકલિત વન-સ્ટોપ ઉકેલ પણ મળશે.

### કાર્યક્રમમાં 10થી વધુ દેશોના રાજદૂતો સામેલ થયા

સ્ટડી ઈન ઈન્ડિયા પોર્ટલના શુભારંભ કાર્યક્રમમાં 10થી વધુ દેશોના રાજદૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન ભારતમાં અભ્યાસ કરી રહેલા રશિયા, થાઈલેન્ડ, જાપાન, ઈથોપિયા, ઈક્વાડોર, કઝાકિસ્તાન અને રિપબ્લિક ઓફ કોરિયાના વિદ્યાર્થીઓના સન્માનના પ્રતીકરૂપે તરીકે તેમને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યા હતા. ●

# અંધકારથી ઉજાસ તરફ લઈ જવાનું કામ 'ગુરુ' કરે છે




**દરેક વ્યક્તિની સફળતા પાછળ ગુરુનો હાથ હોય છે. દેશમાં ગુરૂને ભગવાન કરતાં પણ વિશેષ દરજ્જો આપવમાં આવ્યો છે, ગુરૂને પ્રકાશનો દીવો માનવામાં આવે છે, જે પોતાની જાતને બાળીને બીજાના જીવનમાં ઉજાસ લાવે છે તે ગુરુ છે, ગુરુ વિના વ્યક્તિનું જીવન અધૂરું છે. ગુરુ જ એ વ્યક્તિ છે, જે પોતે એક જગ્યાએ રહીને બીજાને પોતાના મુકામ સુધી લઈ જાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, વર્ષ 2047ના ભારતની સ્થિતિ અને ભાગ્ય આજના વિદ્યાર્થીઓ પર નિર્ભર છે અને તેમનું ભવિષ્ય આજના શિક્ષકો દ્વારા ઘડવામાં આવી રહ્યું છે...**


રાષ્ટ્રીય સ્તરે શિક્ષકોની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવવા માટે તેમજ તેમનું સન્માન કરવા માટે દર વર્ષે 5 સપ્ટેમ્બરે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે 15 ઑગસ્ટ 2023ના રોજ ઐતિહાસિક લાલ કિલ્લા પર સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે કેન્દ્ર સરકાર દ્વારા શાળાના સન્માનિત શિક્ષકોને પણ વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ સન્માન દ્વારા, શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા વિભાગ એવા શિક્ષકોના યોગદાનને બિરદાવે છે જેઓ તેમની અતૂટ પ્રતિબદ્ધતા સાથે દેશના ભાવિને ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને ટાંકીને કહ્યું હતું કે, 'શિક્ષણ એ ખૂબ જ ઉમદા વ્યવસાય છે જે વ્યક્તિના ચરિત્ર અને ભવિષ્યનું ઘડતર કરે છે.' પ્રધાનમંત્રી મોદીએ વિશ્વના નેતાઓ દ્વારા ભારતીય શિક્ષકો પ્રત્યે ઉચ્ચ સન્માન અંગે કહ્યું હતું કે, આ વાત મોટાભાગે તેઓ વિદેશી મહાનુભવોને મળે ત્યારે તેમના દ્વારા શિક્ષકોની પ્રશંસા તરીકે સાંભળવા મળે છે. ભૂટાન, સાઉદી અરબના રાજા અને WHOના મહાનિદેશકે આપણા ભારતીય શિક્ષકોની પ્રશંસા કરી છે.

જ્યારે આપણે આપણા જીવનમાં સફળતાની સફર જોઈએ છીએ, ત્યારે આપણને આપણા કોઈને કોઈ શિક્ષક ચોક્કસપણે યાદ આવે છે. ઝડપથી બદલાઈ રહેલા સમયમાં અને કોરોના સંકટકાળ દરમિયાન શિક્ષકોએ પરિવર્તનના પડકારને ન માત્ર સ્વીકાર્યો પરંતુ

### આજની પેઢીને આઝાદીની ચળવળ સંબંધિત ઈતિહાસથી માહિતગાર કરો

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, આઝાદી પહેલાં ઘણાં વર્ષો સુધી દેશમાં સ્વતંત્રતાના સંગ્રામનો લાંબો ઈતિહાસ રહ્યો છે. આ દરમિયાન દેશના ખૂણે ખૂણેથી સ્વતંત્રતા સેનાનીઓએ પોતાના પ્રાણની આહુતિ આપી હતી. આજની પેઢી, જો આપણા વિદ્યાર્થીઓ આ જાણશે તો તેની અસર તેમના વ્યક્તિત્વમાં પણ જોવા મળશે, અને આ કાર્યમાં શિક્ષકોની જવાબદારી ઘણી મોટી છે. જો તમારા શહેરમાં આઝાદીની ચળવળ સંબંધિત કોઈ જગ્યા હોય તો વિદ્યાર્થીઓને ત્યાં લઈ જઈ શકો છો.



"આજે, ભારતના શિક્ષણ ક્ષેત્રમાં એક મોટું પરિવર્તન આવી રહ્યું છે. આપણે હવે માત્ર આઉટલેટ પર ધ્યાન કેન્દ્રિત કરવાની પરંપરાગત રીતથી દૂર થઈને અને પરિણામોને પ્રાથમિકતા આપવાની દિશામાં ડગલાં માંડી રહ્યાં છીએ. યુવાનોમાં સંશોધન અને આવિષ્કારની ભાવના કેળવવા માટે સખત મહેનત કરી રહેલા શિક્ષકો જોઈને મને આનંદ થાય છે. આ ભાવના જ આપણા યુવાનોને પોતાના અને રાષ્ટ્ર માટે અસાધારણ કામ કરવા માટે શક્તિ પૂરી પાડશે."

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## માત્ર શિક્ષણ જ નહીં, શિક્ષકો માટે પણ વ્યાપક કાર્ય કર્યું

વર્ષ 2014માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં નવી સરકારની રચના થયા બાદ માત્ર શિક્ષણ ક્ષેત્રે જ નહીં પરંતુ શિક્ષકો માટે પણ વ્યાપક કામગીરી કરવામાં આવી છે. સમયની સાથે સાથે શિક્ષણની પદ્ધતિઓમાં પણ પરિવર્તન આવ્યું છે, તેથી શિક્ષકો અને વર્ગખંડો નવી ટેક્નોલોજીથી સજ્જ થયા છે, જેનો લાભ માત્ર વિદ્યાર્થીઓને જ નહીં, પરંતુ શિક્ષકોને પણ મળ્યો છે. નવી સરકાર આવ્યા પછી નીતિઓ અને વિચારસરણીમાં આવેલા પરિવર્તનનું પરિણામ એ આવ્યું છે કે, શિક્ષકોને કાયમી ધોરણે બહાલી આપવાનું કામ કરવાની સાથે સાથે, તેમના માનદ વેતન અને સુવિધાઓમાં પણ સન્માનજનક વધારો કરવામાં આવ્યો છે. વર્તમાન કેન્દ્ર સરકારના પ્રયાસોના પરિણામે જ સરકાર પ્રાદેશિક ભાષાઓમાં શિક્ષણ પર ભાર આપી રહી છે, જેના કારણે શિક્ષકોના જીવનમાં પણ સુધારો થઈ રહ્યો છે. જે પ્રાથમિક શિક્ષકો પ્રાદેશિક ભાષાઓમાં તેમનું કામ શીખ્યા છે, તેમને અંગ્રેજીમાં શીખવવાની બાબતને પ્રાથમિકતા આપવામાં આવતી હોવાના કારણે હાલાકી ભોગવવી પડી હતી, પરંતુ વર્તમાન સરકારે પ્રાદેશિક ભાષામાં શીખવવાની શરૂઆત કરીને આમાં ફેરફાર કરી દીધો અને પ્રાદેશિક ભાષાઓને પ્રાધાન્ય આપ્યું હોવાથી શિક્ષકોની નોકરી બચી ગઈ છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું છે કે, એવો માહોલ બનાવવો જોઈએ જ્યાં લોકો શિક્ષક બનવા માટે આગળ આવે.

તેને અવસરમાં ફેરવી નાખ્યો. અભ્યાસમાં ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કેવી રીતે કરવો, નવી પદ્ધતિઓ કેવી રીતે અપનાવવી, વિદ્યાર્થીઓને કેવી રીતે મદદ કરવી તે બધું જ શિક્ષકોએ સરળતાથી અપનાવ્યું. દેશમાં દરેક જગ્યાએ કેટલીક નવા ઈનોવેશન થઈ રહ્યાં છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળીને કંઈક નવું કરી રહ્યાં છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. શિક્ષકો આ પડકારોનો કેવી રીતે ઉકેલ લાવે છે તેના પર આપણી શિક્ષણ પ્રણાલીનું ભવિષ્ય નિર્ભર છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, શિક્ષકોએ આ પડકારોને વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસની તકો તરીકે જોવી જોઈએ. શિક્ષકો માત્ર શિક્ષક રહેવાના બદલે તેઓ વિદ્યાર્થીઓના માર્ગદર્શક અને રક્ષક બને તેવી પણ અપીલ કરવામાં આવી છે.

21મી સદીમાં વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષકોની ભૂમિકા પહેલાં કરતા વધુ સાર્થક બની રહી છે. દરેક માતા-પિતાની ઈચ્છા હોય છે કે, તેમના બાળકોને શીખવવા માટે શ્રેષ્ઠ શિક્ષકો મળે અને તેમની બધી જ આશા આ શિક્ષકો પર જ ટકેલી હોય છે. પ્રધાનમંત્રી મોદીએ પ્રાથમિક શિક્ષકોના સંબંધમાં કહ્યું છે કે, તેઓ બાળકોના પરિવાર સિવાયની એવી પ્રથમ વ્યક્તિઓમાં સામેલ છે જે બાળક સાથે મહત્તમ સમય વિતાવે છે. શિક્ષકો પોતાની જવાબદારી પ્રત્યે જેટલા વધુ સભાન રહેશે એટલી જ દેશની ભાવિ પેઢી વધુ મજબૂત બનશે. શિક્ષકની ભૂમિકા વ્યક્તિને સાચો માર્ગ બતાવવાની છે. એક શિક્ષક જ આપણને સપનું જોવાનું શીખવે છે અને તે સપનાઓને સંકલ્પોમાં રૂપાંતરિત કરે છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, 2047ના ભારતની સ્થિતિ અને ભાગ્ય આજના વિદ્યાર્થીઓ પર નિર્ભર છે અને તેમનું ભવિષ્ય આજના શિક્ષકો દ્વારા ઘડવામાં આવી રહ્યું છે. જ્યારે શિક્ષક વિદ્યાર્થીના સપનાં સાથે જોડાઈ જાય છે, ત્યારે તેમનું સન્માન અને સ્નેહ મેળવવામાં સફળતા મળે છે. ●



સ્વતંત્રતા દિવસ

# ઈતિહાસ સાથે જોડાવાનો, વર્તમાનનું આકલન કરવાનો અને ભવિષ્યના ચિંતનનો અવસર

*અમૃતકાળમાં એક વિરાટ સંકલ્પની સિદ્ધિના માર્ગ પર આગળ વધી રહેલા ભારતની સોનેરી તસવીર બન્યા છે દ્રૌપદી મુર્મુ, જેઓ આદિવાસી સમુદાયમાંથી આવતા પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ છે. તેમણે 77માં સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કર્યું ત્યારે તે માત્ર એક પરંપરા નહોતી. તેમણે વિકસિત ભારતના લક્ષ્યની દિશામાં છેલ્લાં કેટલાક વર્ષોમાં બાંધવામાં આવેલા આધારસ્તંભોનો ઉલ્લેખ કર્યો હતો. ખેડૂતોથી લઈને ચંદ્રયાન સુધી અને આદિવાસીઓથી લઈને મહિલાઓના ઉત્કર્ષ સુધી સરકાર દ્વારા થઈ રહેલાં કાર્યોનો ઉલ્લેખ કર્યો હતો. આ સાથે એ પણ જણાવવામાં આવ્યું હતું કે, સ્વતંત્રતા દિવસ કેવી રીતે સાચા અર્થમાં ઈતિહાસ સાથે ફરીથી જોડાવાનો, વર્તમાનનું મૂલ્યાંકન કરવાનો અને ભવિષ્ય માટેના માર્ગનું નિર્માણ કરવા અંગે ચિંતન કરવાનો અવસર છે. આ દષ્ટિકોણ સાથે, કેવી રીતે ભારતે વિશ્વ મંચ પર તેની અલગ ઓળખ અને વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. અહીં રાષ્ટ્રપતિના સંબોધનના અંશો રજૂ કર્યા છે:*

### 77મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે સૌને હાર્દિક અભિનંદન

દેશના 77મા સ્વતંત્રતા દિવસ પર આપ સૌને મારી હાર્દિક શુભેચ્છાઓ! આ દિવસ આપણા સૌના માટે ગૌરવપૂર્ણ અને પવિત્ર છે. ચારે બાજુ ઉત્સવનો માહોલ જોઈને મને ખૂબ જ ખુશી થાય છે. આનંદ અને ગૌરવ વાત છે કે, નગરો અને ગામડાંઓમાં, એટલે કે દેશમાં દરેક જગ્યાએ - બાળકો, યુવાનો અને વડીલો - બધા જ ઉત્સાહપૂર્વક સ્વતંત્રતા દિવસના પર્વની ઉજવણીની તૈયારી કરી રહ્યા છે. આપણા દેશવાસીઓ ખૂબ જ ઉત્સાહથી 'આઝાદીનો અમૃત મહોત્સવ' ઉજવી રહ્યાં છે.

### ભારતનું નાગરિકત્વ એ આપણી ઓળખ છે

સ્વતંત્રતા દિવસ આપણને યાદ અપાવે છે કે, આપણે માત્ર એક વ્યક્તિ નથી, પરંતુ આપણે સૌ એક એવા મહાન જન-સમુદાયનો ભાગ છીએ, જે પોતાની રીતે આ પ્રકારનો સૌથી મોટો અને સૌથી વધુ જીવંત સમુદાય છે. તે વિશ્વની સૌથી મોટી લોકશાહીના નાગરિકોનો સમુદાય છે. આપણે જ્યારે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરીએ છીએ, ત્યારે વાસ્તવમાં આપણે એક મહાન લોકશાહીના નાગરિક હોવાનો ઉત્સવ પણ ઉજવીએ છીએ. આપણામાંના દરેક વ્યક્તિની અલગ અલગ ઓળખ છે. જ્ઞાતિ,

સંપ્રદાય, ભાષા અને પ્રદેશ ઉપરાંત અમારી એક ઓળખ આપણા પરિવાર અને કાર્યક્ષેત્ર સાથે જોડાયેલી પણ હોય છે. પરંતુ આપણી એક ઓળખ એવી છે જે આ બધાથી ઉપર છે, અને આપણી આ ઓળખ છે, ભારતના નાગરિક હોવાની. આપણે સૌ, સમાન રીતે, આ મહાન દેશના નાગરિકો છીએ.

### સ્વાતંત્ર્ય સેનાનીઓને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાંજલિ

હું ભારતના તમામ નાગરિકો સાથે એકજૂથ થઈને તમામ જાણીતા અને અજ્ઞાત સ્વાતંત્ર્ય સેનાનીઓને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. માતંગિની હાઝરા અને કનકલતા બરુઆ જેવી વીરાંગનાઓએ ભારત માતા માટે પોતાના પ્રાણની આહૂતિ આપી દીધી. માતા કસ્તુરબા, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સાથે કદમથી કદમ મિલાવીને સત્યાગ્રહના માર્ગ પર ચાલતા રહ્યાં. સરોજિની નાયડુ, અમ્મુ સ્વામીનાથન, રમા દેવી, અરુણા આસફ-અલી અને સુચેતા કૃપલાણી જેવી અનેક મહિલા વિભૂતિઓએ તેમના પછીની તમામ પેઢીઓ માટે આત્મવિશ્વાસ સાથે, દેશ અને સમાજની સેવા કરવા માટે પ્રેરણાદાયી આદર્શો રજૂ કર્યા છે. મહિલાઓ દેશના વિકાસ અને દેશ સેવાના દરેક ક્ષેત્રમાં બહોળું યોગદાન આપી રહી છે અને દેશનું ગૌરવ વધારી રહી છે. આજે આપણી મહિલાઓએ એવા ઘણાં ક્ષેત્રોમાં પોતાનું વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે, જેમાં થોડા દાયકાઓ પહેલાં તેમની ભાગીદારીની કલ્પના પણ નહોતી કરી શકાતી.

### નારી સશક્તિકરણને પ્રાથમિકતા આપો

દેશમાં મહિલાઓના આર્થિક સશક્તિકરણ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આર્થિક સશક્તિકરણથી પરિવાર અને સમાજમાં મહિલાઓનું સ્થાન મજબૂત થાય છે. હું તમામ દેશવાસીઓને આગ્રહ કરું છું કે, તેઓ નારી સશક્તિકરણને પ્રાથમિકતા આપે. હું ઈચ્છું છું કે, આપણી બહેનો અને દીકરીઓ હિંમતપૂર્વક દરેક પ્રકારના પડકારોનો સામનો કરે અને જીવનમાં આગળ વધે. મહિલાઓનો વિકાસ, સ્વાતંત્ર્ય સંગ્રામના આદર્શોમાં સામેલ છે.

### ભારતમાં આંતરરાષ્ટ્રીય મંચો પર અગ્રણી સ્થાન બનાવ્યું

ભારત, સમગ્ર વિશ્વમાં, વિકાસના ધ્યેયો અને માનવતાવાદી સહયોગને આગળ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. ભારતે આંતરરાષ્ટ્રીય મંચો પર અગ્રણી સ્થાન બનાવ્યું છે અને G-20 દેશોની અધ્યક્ષતાની જવાબદારી પણ સંભાળી છે. ભારતની G-20ની અધ્યક્ષતામાં એક નવી વાત એ છે કે, ડિપ્લોમેસીને પાયાના સ્તરેથી જોડવામાં આવી છે. એક આંતરરાષ્ટ્રીય રાજદ્વારી ગતિવિધિમાં લોકોની સહભાગિતાને પ્રોત્સાહિત કરવા માટે પોતાની રીતે આ પ્રકારનું પ્રથમ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. G-20 સંબંધિત કાર્યક્રમો અંગે તમામ નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### દેશે પડકારોને અવસરમાં બદલ્યા

દેશે પડકારોને તકોમાં રૂપાંતરિત કર્યા છે અને પ્રભાવશાળી GDP વૃદ્ધિ પણ નોંધાવી છે. આજે વૈશ્વિક આર્થિક વિકાસ માટે દુનિયાની નજર ભારત પર ટકેલી છે. આજે ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે અને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટે આગળ વધી રહ્યું છે. આપણી આર્થિક પ્રગતિની આ યાત્રામાં સહિયારા વિકાસ પર ભાર મુકવામાં આવ્યો છે. વંચિતોને પ્રાધાન્ય આપવું એ આપણી નીતિઓ અને કાર્યોનાં કેન્દ્રમાં રહે છે. પરિણામે, છેલ્લા એક દાયકામાં મોટી સંખ્યામાં લોકોને ગરીબીમાંથી બહાર કાઢવાનું શક્ય બન્યું છે. તેવી જ રીતે, આદિવાસીઓની સ્થિતિમાં સુધારો લાવવા અને તેમને પ્રગતિની યાત્રામાં સામેલ કરવા માટે વિશેષ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. હું આપણા આદિવાસી ભાઈઓ અને બહેનોને અપીલ કરું છું કે, તમે બધા તમારી પરંપરાઓને સમૃદ્ધ બનાવવાની સાથે સાથે આધુનિકતાને અપનાવો.

> “ સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ, હું આપ સૌને, ખાસ કરીને સરહદોનું રક્ષણ કરતા સૈન્યના જવાનો, આંતરિક સુરક્ષા પૂરી પાડતા તમામ દળો અને પોલીસ જવાનો તેમજ દુનિયાના વિવિધ ભાગોમાં વસતા પ્રવાસી ભારતીયોને શુભેચ્છાઓ પાઠવું છું.

### યુવા પેઢીના સપનાંથી બળ મળી રહ્યું છે

ભારતની પ્રગતિને, ખાસ કરીને યુવા પેઢીનાં સપનાંઓથી બળ મળે છે. વિકાસની અનંત સંભાવનાઓ દેશવાસીઓની પ્રતિક્ષા કરી રહી છે. સ્ટાર્ટ-અપ્સથી લઈને રમત-ગમત સુધી, આપણાં યુવાનોએ શ્રેષ્ઠતાના નવા આકાશમાં ઉડાન ભરી છે. આજના નવા ભારતની મહત્વકાંક્ષાઓની નવી ક્ષિતિજો અપાર છે. ભારતીય અંતરિક્ષ સંશોધન સંગઠન નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે અને શ્રેષ્ઠતાના નવા માપદંડો સ્થાપિત કરી રહ્યું છે. આ વર્ષે, ઈસરોએ ચંદ્રયાન-3 લોન્ચ કર્યું છે. ચંદ્રનું અભિયાન અવકાશમાં આપણા ભાવિ કાર્યક્રમો માટે માત્ર એક પગથિયું છે. સંશોધન, આવિષ્કાર અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે, આગામી પાંચ વર્ષમાં રૂ. 50,000 કરોડની રકમ સાથે સરકાર દ્વારા અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી રહી છે.

### આપણે આપણાં મૂળ પર પાછા આવવું જોઈએ

આપણે અક્ષય ઊર્જાના ક્ષેત્રમાં અભૂતપૂર્વ લક્ષ્યો પ્રાપ્ત કર્યાં છે. આંતરરાષ્ટ્રીય સૌર ઉર્જા અભિયાનને ભારતે નેતૃત્વ પૂરું પાડ્યું છે. આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને પૂરી કરવામાં આપણો દેશ અગ્રણી ભૂમિકા ભજવી રહ્યો છે. વૈશ્વિક સમુદાયને આપણે LiFE એટલે કે લાઈફ ફોર એન્વાયર્નમેન્ટ મંત્ર આપ્યો છે. આપણે આપણા મૂળમાં પાછા જવું જોઈએ. આજે પણ અનેક એવા આદિવાસી સમુદાયો છે જેઓ પ્રકૃતિની ખૂબ નજીક અને પ્રકૃતિ સાથે સુમેળમાં રહે છે. તેમનાં જીવન-મૂલ્યો અને જીવનશૈલી ક્લાઈમેટ એક્શનના ક્ષેત્રમાં અમૂલ્ય પાઠ શીખવાડે છે. ●



# ભારતના નવનિર્માણની ક્રાંતિ

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ્યારે લાલ કિલ્લાની પ્રાચીર પરથી 10મી વખત રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યા હતા, ત્યારે તેમના મનમાં 140 કરોડ નાગરિકોને પોતાનો પરિવાર માનીને અત્યાર સુધીની વિકાસયાત્રા વિશે સ્વાભાવિક સંતોષ હતો, તેમજ મસ્તિષ્કમાં 2047 સુધીમાં ભવ્ય ભારતનું નિર્માણ કરવાનો કૃત સંકલ્પ પણ હતો. જે રીતે આદરણીય બાપુના આહ્વાનથી આઝાદીની ચળવળ પ્રજ્વલિત થઈ, તેવી જ રીતે પ્રધાનમંત્રી મોદીએ ભારતની તાકાત, જોશ, શૌર્ય અને પુરુષાર્થનો સાક્ષાત્કાર કરાવીને અમૃત કાળખંડ માટે એક-એક વ્યક્તિના પ્રયાસોથી ભારતના નવનિર્માણની ક્રાંતિની શરૂઆત કરી દીધી છે અને વિકસિત ભારતના સંકલ્પથી સિદ્ધિનો માર્ગ પ્રશસ્ત થઈ રહ્યો છે...*



***લાલ કિલ્લાની પ્રાચીરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું વિક્રમી 10મું સંબોધન. એટલે કે તિરંગો ફરકાવવાના આ સમયગાળાને દાયકો કહેવામાં આવે તો દૂરંદેશી નેતૃત્વના દૃષ્ટિકોણ અને વિકાસની યાત્રાને સમજવામાં સરળતા રહેશે. તેથી જ તે માત્ર એક દાયકો નથી. ખરા અર્થમાં વિકાસનો દાયકો, ભારતીયતાના સાક્ષાત્કારનો દાયકો છે. એવો ભારતીય દાયકો જે અટકતો નથી, થાકતો નથી, હાંફતો નથી, હારતો નથી. એક એવો દાયકો જેણે ભારતના નવનિર્માણને નવી દિશા આપી છે. વિકાસની યાત્રાને સતત આગળ ધપાવતા તે ભવ્ય ભારતના નિર્માણ તરફ પ્રસ્થાન કરી રહ્યો છે.***



એ પણ એક સુખદ સંયોગ જ છે કે, જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારતની આઝાદીના સાક્ષી એવા લાલ કિલ્લા પરથી વિશ્વના સૌથી મોટી વસ્તી વાળા સામર્થ્યવાન, પરાક્રમથી છલકાતા પોતાના દેશની એક-એક વ્યક્તિને પરિવારજન માનીને સંબોધન કરી રહ્યા હતા, ત્યારે ભારત પોતાની આઝાદીના અમૃતકાળના પહેલા વર્ષમાં પ્રવેશી ચુક્યું છે. આવી સ્થિતિમાં, પ્રધાનમંત્રીએ 77માં સ્વતંત્રતા દિવસને એક એવો અવસર બનાવી દીધો છે કે, જ્યાં દેશના દરેક નાગરિક 2047માં ભારતીય તિરંગાને વિકસિત ભારતનો તિરંગો બનાવવા માટે તૈયાર દેખાય છે. ખરેખર, કોઈપણ સુધારા માટે સાહસની જરૂર હોય છે અને જ્યાં સાહસ હોય ત્યાં નવી સંભાવનાઓ જન્મ લે છે. દેશનો વિકાસ ત્યારે જ થઈ શકે જ્યારે ઈરાદો સ્પષ્ટ હોય, નીતિ યોગ્ય હોય, દેશમાં અર્થપૂર્ણ પરિવર્તન લાવવા યોગ્ય નીતિ હોય. આ દૃષ્ટિકોણને કારણે આજે ભારતમાં નવનિર્માણની ક્રાંતિ ચાલી રહી છે. આયોજનને યથાર્થ સાથે, નીતિને ઘડતર સાથે, ઈચ્છાશક્તિને ક્રિયાશક્તિ સાથે, સંકલ્પને સિદ્ધિ સાથે જોડવાની પરિવર્તનકારી પહેલ કરવામાં આવી રહી છે. લાલ કિલ્લા પરથી પોતાના સંબોધનમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, યુવાના સામર્થ્ય દ્વારા વિશ્વને એક નવી દિશા આપવા, વિશ્વનું સારું કરવા, શ્રેષ્ઠ ભારતના સંકલ્પને સાકાર કરવા, પ્રાદેશિક આકાંક્ષાઓને તક આપીને મુખ્ય અવાજ બનવા તેમજ ભારતની અર્થવ્યવસ્થાને દુનિયાની ત્રણ મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ કરવાના સંકલ્પ સાથે દેશ આગળ વધી રહ્યો છે.

ખરા અર્થમાં જ્યારે યુગ બદલનારા પરિવર્તનો થાય છે, ત્યારે તેઓ પોતાની રીતે સમય લે છે. છેલ્લાં 9 વર્ષોમાં, ભારતની વિકાસ યાત્રાએ એક ભવ્ય ભારત માટે મજબૂત પાયો તૈયાર કર્યો છે અને દરેક ભારતીયને તેના સામર્થ્ય, શક્તિ, ઓજસ્વિતા, પુરુષાર્થ, એટલે કે ભારતીયતાનો પરિચય કરાવ્યો છે. આજે જેમ જેમ ભારત મજબૂત બની રહ્યું છે તેમ તેમ ભારતની ઓળખ અને પરંપરાઓ પ્રત્યે વિશ્વની રુચિ પણ વધી રહી છે. ભારત પાસેથી વિશ્વની અપેક્ષાઓ પણ વધી છે. ભારતના ભાવિને ઘડવાનો 'સૌનો પ્રયાસ' એક નવા ભારતના પાયાનું નિર્માણ કરી રહ્યો છે, જેથી





2047માં દરેકનું સ્વપ્ન, દરેકનો સંકલ્પ એ જ હોય જોઈએ કે જ્યારે દેશ આઝાદીના 100 વર્ષની ઉજવણી કરશે ત્યારે 2047માં દેશ વિકસિત ભારત તરીકે ઉભરી આવે.

બેશકપણે, નવા માર્ગો પર ચાલવાથી જ નવા દૃષ્ટાંતરૂપ કામ કરી શકાય છે. આજે, નવું ભારત નવાં લક્ષ્યો નક્કી કરી રહ્યું છે, નવા માર્ગો ઘડી રહ્યું છે. નવો ઉત્સાહ છે, નવો ઉમંગ છે. નવી સફર છે, નવો વિચાર છે. દિશા નવી છે, નવી દૃષ્ટિ છે. નવો સંકલ્પ છે, નવો વિશ્વાસ છે. આજે ફરી એકવાર આખું વિશ્વ ભારત તરફ, ભારતનો સંકલ્પને, ભારતના લોકોની તીવ્રતાને, ભારતીય માનવશક્તિના જીજીવિષાને, આદર અને આશાની ભાવના સાથે જોઈ રહ્યું છે. જ્યારે ભારત આગળ વધે છે ત્યારે વિશ્વ આગળ વધે છે. લાલ કિલ્લાની પ્રાચીરથી કરવામાં આવેલી દરેક જાહેરાત સાકાર થઈ છે. સંકલ્પથી સિદ્ધિ તરફનો માર્ગ જ નવા ભારતના સર્જનનો આધાર બની ગયો છે. એક સમૃદ્ધ, શક્તિશાળી અને વિકસિત ભારત, નીતિ, ન્યાય, સત્ય, મર્યાદા અને કર્તવ્યના માર્ગ પર ચાલતું અને સશક્ત થઈને ચાલનારું ભારત, આજે વિશ્વની સામે તેના સામર્થ્યને પ્રદર્શિત કરી રહ્યું છે. લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધન કરતા પહેલાં જ પ્રધાનમંત્રી મોદીએ તાજેતરમાં કહ્યું હતું કે, "મારી સામે એક અદ્ભુત દૃશ્ય છે. તે ભવ્ય છે, તે વિરાટ છે, તે વિહંગમ છે. આની પાછળની જે કલ્પના છે, આજે આપણે આંખોની સામે તે સપનું સાકાર થતું જોઈ દેખાઈ રહ્યું છે, ત્યારે મને એક પ્રસિદ્ધ કવિતાની પંક્તિઓ કહેવાનું મન થાય છેઃ-

*નવી સવાર છે, નવી વાત છે, નવું કિરણ છે, જ્યોત નવી છે.*
*નવો ઉમંગ, નવા તરંગ, નવી આશા છે, નવો શ્વાસ છે.*
*ઉઠો, ધરાના અમર સપુતો, ફરી નવું નિર્માણ કરો.*
*જન-જનનાં જીવનમાં ફરીથી નવી સ્ફૂર્તિ, નવા પ્રાણ ભરો."*

***ચાલો જાણીએ કે, વિષયવાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમૃત કાળખંડમાં વિકાસની યાત્રા અને સ્વર્ણિમ ભારત માટે શું સંદેશો આપ્યો:-***

# માત્ર નાગરિક નહીં પરિવારજન...



*લાલ કિલ્લા પરથી 10મી વખત ધ્વજ ફરકાવનારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 140 કરોડની વસ્તી ધરાવતી વિશાળ લોકશાહીના લોકોને માત્ર નાગરિકો નહીં પરંતુ આ 10 વર્ષમાં તેમના જીવનમાં મૂળભૂત પરિવર્તન લાવીને પોતાનો પરિવાર બનાવી દીધા છે. યુવાનો હોય કે ખેડૂતો, મહિલાઓ હોય કે શ્રમિકો, સૌને તેમણે પોતાના પરિવારના સભ્યો ગણાવ્યા છે. તેમણે તેમના સંબોધનમાં 51 વખત આ શબ્દનો ઉપયોગ કર્યો હતો...*

- મારા પરિવારજનો, હું તમારી વચ્ચેથી જ આવ્યો છું, હું તમારામાંથી જ નીકળીને અહીં આવ્યું છું, હું તમારા માટે જીવું છું. જો મને સપનું આવે તો, એ પણ તમારા માટે આવે છે. જો હું પરસેવો પાડું છું તો પણ હું તમારા માટે જ પાડું છું, તમે મને જવાબદારી સોંપી છે એટલા માટે હું આ બધુ નથી કરતો પરંતુ, હું તે એટલા માટે કરી રહ્યો છું કારણ કે તમે જ મારો પરિવાર છો અને તમારા પરિવારના સભ્ય તરીકે, હું તમારામાંથી કોઈને હું દુઃખી જોઈ શકતો નથી, હું તમારા સપના તૂટતા જોઈ શકતો નથી.
- હું તમારા સંકલ્પને સિદ્ધિ સુધી લઈ જવા માટે તમારા જીવનમાં સાથી બનીને, તમારો એક સેવક બનીને, તમારી સાથે જોડાયેલો રહીને, તમારી સાથે જીવવાનો, તમારી સાથે ઝઝૂમવાનો સંકલ્પ લઈને ચાલનારો માણસ છું.
- મારા પ્રિય પરિવારજનો, હું જ્યારે 2014માં તમારી પાસે પરિવર્તનનું વચન લઈને આવ્યો હતો. 2014માં, મેં તમને વચન આપ્યું હતું કે હું પરિવર્તન લાવીશ. અને મારા પરિવારના સભ્યોના 140 કરોડ સભ્યો, તમે મારા પર ભરોસો મૂક્યો અને મેં વિશ્વાસને પૂર્ણ કરવાનો પૂરો પ્રયાસ કર્યો છે.
- રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મથી એ પાંચ વર્ષ જે વાયદા કર્યા હતા તે વિશ્વાસમાં બદલાઈ ગયા કારણ કે મેં પરિવર્તનનું વચન આપ્યું હતું. મેં એ વચનને વિશ્વાસમાં બદલી દીધું છે. કઠોર મહેનત કરી છે, દેશ માટે કર્યું છે, ગૌરવથી કર્યું છે, માત્ર અને માત્ર રાષ્ટ્ર સર્વોપરીની લાગણી સાથે કર્યું છે.
- 2019માં સિદ્ધિઓના આધારે આપ સૌએ મને ફરીથી આશીર્વાદ આપ્યા હતા. પરિવર્તનનું વચન મને અહીં લઈ આવ્યું અને આગામી 5 વર્ષ અભૂતપૂર્વ વિકાસના છે.

**2047નું સપનું સાકાર કરવાની સૌથી મોટી સ્વર્ણિમ પળ આવનારા 5 વર્ષ છે. આગલી વખતે 15 ઑગસ્ટે આ લાલ કિલ્લા પરથી જ હું તમારી સમક્ષ દેશની સિદ્ધિઓ, તમારા સામર્થ્ય, તમારા સંકલ્પ, તેમાં થયેલી પ્રગતિ અને સફળતાનું ગૌરવગાન વધુ આત્મવિશ્વાસ સાથે તમારી સમક્ષ રજૂ કરીશ.**





# હવે પ્રજાસત્તાકની 75મી વર્ષગાંઠનો અવસર

*આઝાદીના અમૃત મહોત્સવમાં સંકલ્પિત ભારત સ્વર્ણિમ વર્ષનાં વિરાટ લક્ષ્યો તરફ આગળ વધી રહ્યું છે. તે પણ એક સંયોગ છે કે, અમૃતકાળ તરફ આગળ વધી રહેલા ભારતના પહેલા જ વર્ષમાં આપણા પ્રજાસત્તાકનું 75મું વર્ષ ઉજવવામાં આવશે, જે રાષ્ટ્ર નિર્માણમાં વ્યસ્ત રહેવા માટે નવી પ્રેરણા-ચેતનાનો અવસર બનશે...*

**હું હજાર વર્ષ પહેલાની વાત કરી રહ્યો છું કારણ કે, દેશ સમક્ષ ફરી એક વાર તક આવી છે, આપણે એવા સમયગાળામાં જીવી રહ્યા છીએ, આ અમૃતકાળનું પ્રથમ વર્ષ છે. આવનારા એક હજાર વર્ષનો દેશનો સ્વર્ણિમ ઈતિહાસ તેમાંથી અંકુરિત થવાનો છે. આ સમયગાળામાં બનનારી ઘટનાઓ આગામી એક હજાર વર્ષ સુધી તેની અસર ઊભી કરવાની છે.**

- પૂજ્ય બાપુનાં નેતૃત્વમાં અસહકારનું આંદોલન, સત્યાગ્રહની ચળવળ અને ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ જેવા અસંખ્ય વીરોનું બલિદાન, એ પેઢીમાં ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે જેણે દેશની આઝાદીમાં પોતાનું યોગદાન ન આપ્યું હોય.
- આજે દેશની આઝાદીની લડાઈમાં જેમણે પણ યોગદાન આપ્યું છે, બલિદાન આપ્યું છે, તે સૌને હું આદરપૂર્વક નમન કરું છું, તેમને અભિનંદન આપું છું. 15મી ઑગસ્ટને મહાન ક્રાંતિકારી અને આધ્યાત્મિક જીવનના રુચિ તુલ્ય પ્રણેતા શ્રી અરવિંદોની 150મી જન્મજયંતિ પૂર્ણ થઈ રહી છે. આ વર્ષ સ્વામી દયાનંદ સરસ્વતીની 150મી જન્મજયંતિનું વર્ષ છે. આ વર્ષે રાણી દુર્ગાવતીની 500મી જન્મજયંતિનો ખૂબ જ પવિત્ર અવસર છે, જેને સમગ્ર દેશ ખૂબ જ ધામધૂમથી ઉજવવા જઈ રહ્યો છે.
- આ વર્ષે મીરાબાઈ ભક્તિ યોગનાં સિરમોર મીરાબાઈનાં 525 વર્ષનું પણ પાવન પર્વ છે. આ વખતે જ્યારે આપણે 26 જાન્યુઆરીની ઉજવણી કરીશું ત્યારે તે આપણા પ્રજાસત્તાક દિવસની 75મી વર્ષગાંઠ હશે.
- અનેક રીતે અનેક અવસરો, અનેક સંભાવનાઓ, રાષ્ટ્રનિર્માણમાં જોડાયેલા રહેવા માટે પળે-પળ નવી પ્રેરણા, પળે-પળ નવી ચેતના, પળે-પળ સપનાં, પળે-પળ સંકલ્પ, કદાચ આનાથી મોટો અવસર બીજો કોઈ હોઈ શકે નહીં.
- દેશની નારી શક્તિ, દેશની યુવા શક્તિ, દેશના ખેડૂતો, દેશનાં ગામડાંના લોકો, દેશના શ્રમિકો, કોઈ હિંદુસ્તાની એવો ન હતો જે આઝાદીનાં સપનાં લઈને જીવતો ન હોય. આઝાદી મેળવવા માટે પોતાના પ્રાણની પણ આહુતિ આપવા તૈયાર થનારી એક મોટી ફોજ તૈયાર થઈ ગઈ હતી
- જનચેતનાનું તે વ્યાપક સ્વરૂપ, તે ત્યાગ અને તપસ્યાનું વ્યાપક રૂપ, જન-જનમાં એક નવો વિશ્વાસ જગાડનારી એ પળ છેવટે 1947માં દેશ આઝાદ થયો, હજાર વર્ષની ગુલામીના કાળમાં આંખોમાં સેવેલા સપનાં દેશવાસીઓએ પૂરાં થતાં જોયાં.

# નવા આત્મવિશ્વાસ સાથે પંચ પ્રાણને સમર્પિત




*આઝાદીની ચળવળ દરમિયાન મીઠા-ચરખા-ખાદીના પ્રતીકો સાથે જોડાયેલા આહ્વાને જનઆંદોલનને જાગૃત કર્યું હતું, તો હવે નવા ભારતના નિર્માણની દિશામાં આગળ વધી રહેલા ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'પંચ પ્રાણ' (વિકસિત ભારત, ગુલામીના દરેક અંશથી મુક્તિ, આપણા વારસાનું ગૌરવ, એકતા-એકજૂથતા, નાગરિકોમાં કર્તવ્યની ભાવના)ના આહ્વાન સાથે જોડાઈને આવનારા હજાર વર્ષ માટે ભવ્ય ભારતનો શિલાન્યાસ કરી રહ્યા છે...*

- ગુલામીની માનસિકતામાંથી બહાર આવેલો દેશ આજે પંચ પ્રાણને સમર્પિત થઈને એક નવા આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યો છે. નવા સંકલ્પોને સિદ્ધ કરવા માટે તે પૂરા દિલથી જોડાઈ રહ્યો છે.
- મારી ભારત માતાની ઊર્જાનું જે સામર્થ્ય હતું, તે રાખના ઢગલામાં દબાયેલું પડ્યું હતું. 140 કરોડ દેશવાસીઓના પુરુષાર્થથી, તેમની ચેતનાથી અને તેમની ઊર્જાથી ફરી એકવાર જાગૃત થઈ ગયું છે.
- આ જ તે કાળખંડ છે, આપણે છેલ્લાં 9-10 વર્ષોમાં અનુભવ કર્યો છે. સમગ્ર વિશ્વમાં ભારતની ચેતના પ્રત્યે, ભારતનાં સામર્થ્ય પ્રત્યે એક નવું આકર્ષણ, એક નવો વિશ્વાસ, નવી આશા જાગી છે અને ભારતમાંથી ઉઠેલા આ પ્રકાશ પુંજમાં, વિશ્વને તેમાં પોતાના માટે જ્યોતિ દેખાઈ રહી છે.
- આવી ઘટનાઓ દેશનું ભાગ્ય બદલી નાખે છે. આ સામર્થ્ય દેશનું ભાગ્ય બદલી નાખખે છે. ભારતની 1000 વર્ષની ગુલામી અને આવનારાં 1000 વર્ષના ભવ્ય ભારત વચ્ચેના પડાવ પર ઊભા છીએ. એક એવી સંધિ પર ઊભા છીએ અને તેથી હવે આપણે અટકવાનું નથી, દ્વિધામાં જીવવાનું નથી.

**આ અમૃતકાળ ભારત માતા માટે કંઈક કરી છૂટવાનો સમય આપણા બધા માટે લાવ્યો છે. 1947 પહેલાં જન્મેલી પેઢીને દેશ માટે મરવાનો મોકો મળ્યો હતો. તેમણે દેશ માટે મરવાની તક ક્યારેય ગુમાવી નથી, પરંતુ દેશ માટે જીવવાની આનાથી સારી તક બીજી કોઈ હોઈ શકે નહીં.**

- આપણે ગુમાવેલા એ વારસા પર ગર્વ કરીને, ખોવાયેલી સમૃદ્ધિને પ્રાપ્ત કરીને ફરી એકવાર એ વાત માનીને ચાલવાનું છે, કે આપણે જે કંઈ પણ કરીશું, આપણે જે પણ પગલાં ઉઠાવીશું, તે આવનારાં 1000 વર્ષ પોતાની દિશા નક્કી કરવાના છે. ભારતનું ભાગ્ય લખવાના છે.



# યુવા શક્તિ અને ભવિષ્યનું ભારત

*ભારત ચોક્કસ કાળખંડમાં યુવાન છે અને આજે વિશ્વમાં સૌથી વધુ યુવા વસ્તી ધરાવે છે. આવી સ્થિતિમાં યુવાનોનાં સપનાં અને આકાંક્ષાઓને નવી ઉડાન આપીને ભવિષ્યના ભવ્ય ભારતનું સોનેરી ચિત્ર ઊભું કરવામાં આવી રહ્યું છે. આના માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું વિઝન - "આ જ સમય છે, યોગ્ય સમય છે..." યુવાનોને અમૃતકાળના લક્ષ્યના સારથી બનાવી રહ્યા છે.*

**મને અખંડ, અતૂટ, એકનિષ્ઠ વિશ્વાસ છે કે 2047માં જ્યારે દેશ આઝાદીના 100 વર્ષની ઉજવણી કરશે ત્યારે મારો દેશ વિકસિત ભારત બનીને જ રહેશે. હું આ મારા દેશના સામર્થ્ય અને ઉપલબ્ધ સંસાધનોના આધારે કહી રહ્યો છું. સૌથી વધુ 30 વર્ષથી ઓછી ઉંમરની મારી યુવા શક્તિના ભરોસે હું કહી રહ્યો છું.**

- આ આપણું સૌભાગ્ય છે કે આપણી પાસે કેટલીક એવી વસ્તુઓ છે જે આપણા પૂર્વજોએ આપણને વારસામાં આપી છે અને વર્તમાન કાળખંડે તેનું ઘડતર કર્યું છે. આજે આપણી પાસે ડેમોગ્રાફી છે, આજે આપણી પાસે ડેમોક્રેસી છે, આજે આપણી પાસે ડાઈવર્સિટી છે. ડેમોગ્રાફી, ડેમોક્રેસી અને ડાઈવર્સિટીની આ ત્રિપુટી ભારતનાં દરેક સ્વપ્નને સાકાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- આજે સમગ્ર વિશ્વમાં જ્યાં દેશો વૃદ્ધ થઈ રહ્યા છે, તો ભારત યુવાની તરફ ઊર્જાવાન થઈને આગળ વધી રહ્યું છે. તે કેટલા મોટા ગૌરવનો કાળખંડ છે કે, આજે વિશ્વમાં 30 વર્ષથી ઓછી વયની સૌથી વધારે વસ્તી આ મારી ભારત માતાના ખોળામાં છે.
- આજે હું મારા દેશના નવયુવાનોને, મારા દેશના દીકરા-દીકરીઓને એ ચોક્કસ કહેવા માગું છું, જે સૌભાગ્ય આજે મારા યુવાનોને મળ્યું છે, તે સૌભાગ્ય ભાગ્યે જ કોઈને નસીબ થાય છે. અને એટલા માટે આપણે એ ગુમાવવાનું નથી. યુવા શક્તિમાં મારો ભરોસો છે, યુવા શક્તિમાં સામર્થ્ય છે. આપણી નીતિઓ અને આપણી રીતિઓ પણ એ યુવા સામર્થ્યને વધારે બળ આપવા માટે છે.
- આજે મારા યુવાનોએ ભારતને વિશ્વની પ્રથમ ત્રણ સ્ટાર્ટઅપ ઈકોનોમી સિસ્ટમમાં સ્થાન અપાવી દીધું છે. વિશ્વના યુવાનો ભારતની આ શક્તિ વિશે, ભારતની આ તાકાતને જોઈને આશ્ચર્ય પામી રહ્યા છે. આજે વિશ્વ ટેક્નોલોજી સંચાલિત છે અને આવનારો યુગ ટેક્નોલોજીથી પ્રભાવિત રહેનારો છે અને ત્યારે ટેક્નોલોજીમાં ભારતની જે પ્રતિભા છે, તેની એક નવી ભૂમિકા રહેવાની છે.
- ભારત જે કમાલ કરી રહ્યું છે, ટિઅર-2, ટિઅર-3 શહેરોના યુવાનો પણ આજે મારા દેશનું ભાગ્ય ઘડી રહ્યા છે. નાનાં-નાનાં સ્થળોએથી મારા નવયુવાનોની આશા, આકાંક્ષા, પ્રયાસ અને પ્રભાવ કોઈનાથી કમ નથી. નવી એપ, નવા ઉકેલ, ટેકનોલોજી ડિવાઈસમાં તેનું સામર્થ્ય દેખાઈ રહ્યું છે.
- વિશ્વને યુવા શક્તિની જરૂર છે, યુવા કૌશલ્યની જરૂર છે. અમે એક અલગ કૌશલ્ય મંત્રાલય બનાવ્યું છે, તે માત્ર ભારતની જરૂરિયાતો જ નહીં પૂરી કરશે, પરંતુ તેની પાસે વિશ્વની જરૂરિયાતો પૂરી કરવાનું સામર્થ્ય પણ હશે.

# ભારત પ્રત્યે વિશ્વમાં એક નવો વિશ્વાસ



*G-20ની અધ્યક્ષતા કરી રહેલા ભારતે લગભગ 200 સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કરીને વિશ્વને ભારતીયતાનો સાક્ષાત્કાર કરાવ્યો છે. આજે દુનિયા, ભારતના સામર્થ્યથી માત્ર પરિચિત નથી થઈ, પરંતુ આશ્ચર્યચકિત પણ છે. રાષ્ટ્ર પ્રથમની ચેતનાથી ભારત પ્રત્યે દુનિયાનો વિશ્વાસ વધી રહ્યો છે...*

- રાષ્ટ્રીય ચેતના એક એવો શબ્દ છે જે આપણને ચિંતાઓમાંથી મુક્ત કરી રહ્યો છે. રાષ્ટ્રીય ચેતના એ સિદ્ધ કરી રહી છે કે ભારતનું સૌથી મોટું સામર્થ્ય બન્યું છે ભરોસો, જન-જનમાં આપણો વિશ્વાસ, દરેક વ્યક્તિનો સરકાર પર વિશ્વાસ, દરેક વ્યક્તિનો દેશના ઉજ્જ્વળ ભવિષ્ય પર વિશ્વાસ અને વિશ્વનો પણ ભારત પ્રત્યે વિશ્વાસ.
- આજે દેશમાં G-20 શિખર મંત્રણાની યજમાની કરવાની તક ભારતને મળી છે અને છેલ્લા એક વર્ષથી જે રીતે ભારતના ખૂણે-ખૂણે G-20ના અનેક એવાં આયોજન થયાં છે, અનેક કાર્યક્રમો થયા છે, તેનાથી દેશના સામાન્ય માનવીના સામર્થ્યનો, દેશની વિવિધતાનો વિશ્વને પરિચય થયો છે. ભારતની વિવિધતાને દુનિયા આશ્ચર્યથી જોઈ રહી છે અને તેના કારણે ભારત પ્રત્યેનું આકર્ષણ વધ્યું છે.
- ભારતને જાણવાની અને સમજવાની ઈચ્છા જાગી છે. એ જ રીતે તમે જુઓ, નિકાસ, આજે ભારતની નિકાસ ઝડપથી વધી રહી છે. આ તમામ માપદંડોના આધારે વિશ્વના નિષ્ણાતો કહી રહ્યા છે કે હવે ભારત અટકવાનું નથી.
- વિશ્વની કોઈપણ રેટિંગ એજન્સી ભારતની પ્રશંસા કરી રહી છે. કોરોનાકાળ પછી દુનિયા નવેસરથી વિચારવા લાગી છે.
- આપણું રાષ્ટ્રીય ચરિત્ર વિશ્વના કલ્યાણ માટે વિચાર કરનારું હોવું જોઈએ. આપણે દેશને એટલો મજબૂત બનાવવાનો છે કે, તે વિશ્વના કલ્યાણ માટે પોતાની ભૂમિકા ભજવી શકે.

**સમગ્ર દુનિયામાં ભારતની ચેતના પ્રત્યે, ભારતના સામર્થ્ય પ્રત્યે એક નવું આકર્ષણ, એક નવો વિશ્વાસ, એક નવી આશા જાગી છે અને ભારતમાંથી નીકળેલા આ પ્રકાશપૂંજમાં દુનિયાને પોતાના માટે આશાની જ્યોત દેખાઈ રહી છે. વિશ્વને એક નવો વિશ્વાસ આવી રહ્યો છે.**

- કોરોના પછી, હું જોઈ રહ્યો છું, સંકટ સમયમાં દેશે જે રીતે વિશ્વની મદદ કરી હતી, તેનું પરિણામ એ આવ્યું છે કે આજે દુનિયામાં આપણા દેશને એક વિશ્વ મિત્રના રૂપમાં છે જોવામાં આવે છે. વિશ્વના અતૂટ સાથી તરીકે દેશની વિશિષ્ટ ઓળખ બની છે.
- ભારતનો વિચાર પણ કેવો છે, આપણે વિશ્વના કલ્યાણની વાતને કેવી રીતે આગળ વધારીએ છીએ. હવે જુઓ, જ્યારે

# ગ્લોબલ સાઉથનો અવાજ બની રહેલું ભારત





આપણે વિચાર કરીએ છીએ, તો શું થાય છે કે, આપણે દુનિયા સમક્ષ પોતાની વિચારધારા રજૂ કરી છે, અને દુનિયા વિચારધારા અંગે આપણી સાથે જોડાઈ રહી છે.

- આપણે એક સૂર્ય, એક વિશ્વ, એક ગ્રીડની વાત કરી. અક્ષય ઉર્જાના ક્ષેત્રમાં આપણું નિવેદન ઘણું મોટું છે, આજે દુનિયા તેને સ્વીકારી રહી છે.
- કોવિડના સમયગાળા પછી, આપણો એવો અભિગમ રહેવો જોઈએ કે, એક પૃથ્વી, એક આરોગ્ય. સમસ્યાઓનો ઉકેલ ત્યારે જ આવશે જ્યારે બીમારીના સમયે માણસ પર, પ્રાણીઓ પર અને છોડ પર સમાન રીતે ધ્યાન આપવામાં આવશે, તો જ આપણે આ કરી શકીશું.
- આપણે G-20 શિખર મંત્રણા માટે દુનિયાની સામે કહ્યું છે, એક વિશ્વ, એક પરિવાર, એક ભવિષ્ય. આપણે આ વિચાર સાથે આગળ વધી રહ્યાં છીએ. આપણે આબોહવા સંકટનો અત્યારે દુનિયા જે પ્રકારે સામનો કરી રહી છે તેનો માર્ગ બતાવ્યો છે, LiFE મિશનની શરૂઆત કરી છે. 'પર્યાવરણ માટે જીવનશૈલી'. આપણે આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની રચના કરી અને આજે દુનિયાના અનેક દેશો તેનો હિસ્સો બની રહ્યા છે.
- આપણે જૈવ-વિવિધતાના મહત્વને ધ્યાનમાં રાખીને બિગ કેટ એલાયન્સની વ્યવસ્થાને આગળ વધારી છે. કુદરતી આફતો અને ગ્લોબલ વોર્મિંગને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જે નુકસાન થાય છે તે માટે દૂરોગામી વ્યવસ્થાની જરૂર છે. અને તેથી આપદા પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગઠબંધન એટલે કે, CDRIના સ્વરૂપમાં વિશ્વને એક ઉકેલ આપ્યો છે.
- દુનિયા આજે મહાસાગરોને સંઘર્ષનું કેન્દ્ર બનાવી રહી છે, તો આપણે દુનિયાને સાગરનું પ્લેટફોર્મ આપ્યું છે. તે પ્લેટફોર્મ વૈશ્વિક દરિયાઈ શાંતિની ગેરંટી બની શકે છે.
- અમે પરંપરાગત ચિકિત્સા પદ્ધતિ પર ભાર મૂક્યો છે જેથી, WHOનું એક વૈશ્વિક સ્તરનું કેન્દ્ર ભારતમાં બનાવવાની દિશામાં કામ થયું છે. અમે યોગ અને આયુષ દ્વારા વિશ્વના કલ્યાણ અને વિશ્વના આરોગ્ય માટે કામ કર્યું છે. આજે ભારત સમગ્ર વિશ્વના કલ્યાણનો પાયો નાખી રહ્યું છે. આ મજબૂત પાયાને આગળ લઈ જવાનું કામ આપણા બધાનું છે. આ આપણા બધાની જવાબદારી છે.
- તમને ગર્વ થશે કે બદલતાં વિશ્વને આકાર આપવામાં આજે મારા 140 કરોડ દેશવાસીઓ, આપનું સામર્થ્ય દેખાઈ રહ્યું છે. તમે નિર્ણાયક વળાંક પર ઊભા છો.
- આજે ભારત ગ્લોબલ સાઉથનો અવાજ બની રહ્યું છે. ભારતની સમૃદ્ધિ, વારસો આજે વિશ્વ માટે એક અવસર બની રહ્યા છે. વૈશ્વિક અર્થવ્યવસ્થા, વૈશ્વિક સપ્લાય ચેનમાં ભારતની ભાગીદારી, આજે ભારત જે કમાયું છે, તે વિશ્વમાં સ્થિરતાની ગેરંટી લઈને આવ્યું છે.
- હવે ન તો આપણાં મનમાં, ન મારા 140 કરોડ પરિવારજનોનાં મનમાં, અને ન દુનિયાનાં મનમાં, કોઈ કિંતુ પરંતુ રહ્યું નથી, કેમ કે વિશ્વાસ બની ગયો છે.

# રાજકીય સ્થિરતાથી સર્વજન હિતાય, સર્વજન સુખાય



*2014માં રાજકીય સ્થિરતાએ દેશવાસીઓને વિકાસના નવા પ્રવાહને જન્મ આપવાનો સંદેશ આપ્યો, જ્યાં સૌના સંતુષ્ટિકરણની નીતિ અપનાવવામાં આવી. આજે દરેક તબક્કે કેન્દ્ર સરકાર નાગરિકોના જીવનને સહજ અને સુગમ બનાવવા માટે સતત કામ કરી રહી છે અને સંતુલિત વિકાસને નવા આયામો પ્રાપ્ત થઈ રહ્યા છે...*

- મારા દેશવાસીઓમાં સારા-નરસાનો ભેદ પારખવાનું સામર્થ્ય છે, સમસ્યાઓના મૂળને સમજવાનું સામર્થ્ય છે અને તેથી 30 વર્ષના અનુભવ પછી 2014માં મારા દેશવાસીઓએ નક્કી કર્યું કે દેશને આગળ વધારવો હોય તો એક સ્થિર સરકારની જરૂર છે, એક મજબૂત સરકારની જરૂર છે, પૂર્ણ બહુમતવાળી સરકાર હોવી જોઈએ એટલે દેશવાસીઓએ એક મજબૂત અને સ્થિર સરકાર બનાવી છે.
- ત્રણ દાયકા સુધી, જે અનિશ્ચિતતાનો સમયગાળો હતો, જે અસ્થિરતાનો સમય હતો, દેશ જે રાજકીય મજબૂરીઓમાં જકડાયેલો હતો, એમાંથી મુક્તિ મળી છે.
- મારી સરકાર, અમારા દરેક નિર્ણય, અમારી દરેક દિશા, એનો એક જ માપદંડ છે - રાષ્ટ્ર પ્રથમ. રાષ્ટ્ર પ્રથમ જ દૂરગામી પરિણામ, સકારાત્મક પરિણામ પેદા કરે છે. દેશમાં મોટા પાયે કામ ચાલી રહ્યું છે.
- હું કહેવા માગીશ કે, 2014માં આપ સૌએ એક મજબૂત સરકાર બનાવી અને હું કહું છું કે 2014માં અને 2019માં આપે એક સરકાર ફોર્મ કરી (રચી) તો મોદીમાં રિફોર્મ (સુધારા) કરવાની હિંમત આવી.
- જ્યારે મોદીએ એક પછી એક રિફોર્મ કર્યા તો મારા બ્યૂરોકેસીએ ટ્રાન્સફોર્મ કરવા માટે પરફોર્મની જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવી.
- રિફોર્મ, પર્ફોર્મ, ટ્રાન્સફોર્મનો આ કાળખંડ હવે ભારતનાં ભવિષ્યને ઘડી રહ્યો છે. અને અમારો વિચાર દેશની તે શક્તિઓને પ્રોત્સાહન આપવાનો છે, જે આવનારા હજાર વર્ષનો પાયો મજબૂત કરવાની છે.

**દેશ પાસે આજે એક એવી સરકાર છે, તે છે 'સર્વજન હિતાય સર્વજન સુખાય', તે દેશના સંતુલિત વિકાસ માટે સમયની દરેક ક્ષણ અને પ્રજાના એક-એક પૈસોને પ્રજાના કલ્યાણ માટે સમર્પિત કરી રહી છે.**

- અમે અલગ કૌશલ્ય મંત્રાલયની રચના કરી. અમે જલ શક્તિ મંત્રાલયની રચના કરી. એ જલ શક્તિ મંત્રાલય દરેક દેશવાસીઓ સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચે, પાણી પ્રત્યે સંવેદનશીલ વ્યવસ્થાઓનો વિકાસ થાય એના પર ભાર મૂકે છે. આપણા અમે અલગ આયુષ મંત્રાલય બનાવ્યું અને યોગ અને આયુષ આજે દુનિયામાં કમાલ કરી રહ્યા છે.
- આપણા કરોડો કરોડો માછીમાર ભાઈઓ-બહેનોનું કલ્યાણ પણ અમારા હૃદયમાં છે અને તેથી જ અમે મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગ માટે અલગ મંત્રાલય બનાવ્યું જેથી સમાજના જે લોકો પાછળ રહી ગયા તેમને આપણે સાથ આપીએ.
- સહકારિતાની ચળવળને વધારે મજબૂત બનાવવા માટે અમે અલગ સહકારિતા મંત્રાલય બનાવ્યું, અમે સહકારથી સમૃદ્ધિનો માર્ગ અપનાવ્યો છે.





# ગરીબીની સમસ્યા હવે ભૂતકાળ બની રહી છે

*કેન્દ્ર સરકારના લાંબા ગાળાના દૃષ્ટિકોણનું પરિણામ એ આવ્યું છે કે, ગરીબી રેખામાંથી બહાર આવનારા લોકોની સંખ્યામાં ઝડપથી વધારો થવા લાગ્યો છે. હવે ગરીબી હટાવો એ માત્ર એક સૂત્ર નથી રહ્યું, છેલ્લાં નવ વર્ષમાં તે વાસ્તવિકતા બનવાનું શરૂ થયું છે અને છેવાડાની વ્યક્તિ પણ અંત્યોદયના સિદ્ધાંત સાથે દેશની સમૃદ્ધિની સાક્ષી બની રહી છે...*

**આજે મારા 5 વર્ષના કાર્યકાળ દરમિયાન મારા 13.5 કરોડ ગરીબ ભાઈ-બહેનો ગરીબીની બેડીઓ તોડીને નવા મધ્યમ વર્ગના રૂપમાં બહાર આવ્યા છે. જીવનમાં આનાથી મોટો કોઈ સંતોષ હોઈ શકે નહીં.**

- જ્યારે 13.5 કરોડ લોકો ગરીબીની આ સમસ્યામાંથી બહાર આવ્યા છે, તો પછી કેવી કેવી યોજનાઓએ તેમને મદદ કરી છે, તેમને આવાસ યોજનાનો લાભ મળવો, પીએમ સ્વનિધિના 50 હજાર કરોડ રૂપિયા શેરી વિક્રેતાઓ સુધી પહોંચ્યા છે.
- જેઓ પરંપરાગત કૌશલ્યથી રહેતા હોય તે લોકો, જેઓ સાધનો અને પોતાના હાથથી કામ કરે છે, તેઓ મોટાભાગે OBC સમુદાયમાંથી છે.
- આપણા સુથારો હોય, આપણા સોની હોય, આપણા કડિયા હોય, આપણા ધોબીકામ કરતા લોકો હોય, આપણા વાળંદ ભાઈ-બહેન પરિવાર હોય, આવા લોકોને એક નવી તાકાત આપવા માટે, અમે આવતા મહિને વિશ્વકર્મા જયંતિ પર વિશ્વકર્મા યોજના શરૂ કરીશું અને લગભગ 13-15 હજાર કરોડ રૂપિયા સાથે તેની શરૂઆત કરીશું.
- અમે પીએમ કિસાન સન્માન નિધિમાં 2.5 લાખ કરોડ રૂપિયા સીધા મારા દેશના ખેડૂતોનાં ખાતામાં જમા કરાવ્યા છે.
- દરેક ઘરમાં શુદ્ધ પાણી પહોંચે તે સુનિશ્ચિત કરવા અમે જલ જીવન મિશન પર બે લાખ કરોડ રૂપિયા ખર્ચ્યા છે.
- ગરીબોને બીમારીને કારણે હોસ્પિટલ જવામાં જે મુશ્કેલી પડતી હતી તેમાંથી મુક્તિ અપાવા માટે યોજના શરૂ કરી છે. તેમને દવાઓ મળે, તેમની સારવાર થાય, ઓપરેશન હોય, સારામાં સારી હોસ્પિટલમાં થાય, એટલે અમે આયુષ્માન ભારત યોજના હેઠળ 70 હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા છે.
- પશુધન, દેશને કોરોનાની રસી તો યાદ છે, 40 હજાર કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા, એ તો યાદ છે પરંતુ તમને જાણીને આનંદ થશે કે અમે પશુધનને બચાવવા માટે પશુધનનાં રસીકરણ માટે લગભગ લગભગ 15 હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા છે.
- આપણી સહકારી સંસ્થાઓ તેનું નેટવર્ક પાથરી રહી છે જેથી ગરીબમાં ગરીબની વાત ત્યાં સાંભળી શકાય, તેમની જરૂરિયાતો પૂરી થાય અને તેઓ પણ રાષ્ટ્રના વિકાસમાં એક નાનકડો એકમ બનીને પોતાનું યોગદાન આપી શકે.

# નવા મધ્યમ વર્ગનો ઉદય



*દાયકાઓથી વંચિત મધ્યમ વર્ગ પર ધ્યાન આપવામાં આવ્યું ન હતું, પરંતુ છેલ્લાં 9 વર્ષોમાં મધ્યમ વર્ગને વિકાસના સાથી બનાવવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્ર સરકારે તેમને ઘણી યોજનાઓ સાથે જોડ્યા છે, જેથી સમૃદ્ધ અને વિકસિત ભારતનાં સપનાં પૂરા કરવા માટે એક તૃત્યાંશ વસ્તી ધરાવતો મધ્યમ વર્ગ એક આધારસ્તંભ અને વિકાસનો મુખ્ય પ્રવાહ બને...*

**જ્યારે ગરીબોની ખરીદશક્તિ વધે છે ત્યારે મધ્યમ વર્ગની વેપાર શક્તિ વધે છે. જ્યારે ગામડાની ખરીદશક્તિ વધે છે ત્યારે નગર અને શહેરની આર્થિક વ્યવસ્થા વધુ તેજ ગતિએ ચાલે છે. અને આ એકબીજા સાથે જોડાયેલું આપણું અર્થ ચક્ર છે. અમે તેને તાકાત આપીને આગળ વધવા માંગીએ છીએ.**

- જન ઔષધિ કેન્દ્રોએ દેશના વરિષ્ઠ નાગરિકોને, દેશના મધ્યમ વર્ગના પરિવારોને એક નવી તાકાત આપી છે. અમે બજારમાં રૂ.100માં મળતી દવાઓ જન ઔષધિ કેન્દ્રમાંથી રૂ. 10, રૂ. 15, રૂ. 20માં આપી. અને આજે દેશનાં 10 હજાર જન ઔષધિ કેન્દ્રોમાંથી આવી બીમારીઓમાં જેમને દવાની જરૂર હોય તેવા લોકોના લગભગ 20 કરોડ રૂપિયા બચી ગયા છે. આ લોકો આ મોટાભાગે મધ્યમ વર્ગના પરિવારોના છે.
- આજે તેની સફળતા જોઈને હું દેશવાસીઓને કહેવા માગું છું કે અમે વિશ્વકર્મા યોજના સાથે સમાજના તે વર્ગને સ્પર્શ કરવા જઈ રહ્યા છીએ. હવે દેશમાં 10 હજાર જન ઔષધિ કેન્દ્રોથી વધારીને અમે આગામી દિવસોમાં 25,000 જન ઔષધિ કેન્દ્રોનાં લક્ષ્ય સાથે કામ કરવા જઈ રહ્યા છીએ.
- જ્યારે દેશમાં ગરીબી ઓછી થાય છે ત્યારે દેશના મધ્યમ વર્ગની તાકાત ઘણી વધી જાય છે. અને હું તમને ખાતરી આપું છું કે આવનારાં પાંચ વર્ષમાં મોદીની ગેરંટી છે કે, દેશ વિશ્વની પ્રથમ ત્રણ અર્થવ્યવસ્થાઓમાં પોતાનું સ્થાન લેશે, તે ચોક્કસપણે જગ્યા બનાવી શકશે. આજે ગરીબીમાંથી બહાર આવેલા 13.5 કરોડ લોકો એક રીતે મધ્યમ વર્ગીય તાકાત બની ગયા છે.
- મારા પરિવારજનો કે જેઓ શહેરોમાં રહે છે પરંતુ ભાડાનાં મકાનમાં રહે છે, ઝૂંપડપટ્ટીમાં રહે છે, ચાલીઓમાં રહે છે, અનધિકૃત કોલોનીઓમાં રહે છે. જો મારા પરિવારજનો પોતાનું ઘર બનાવવા માંગતા હોય, તો અમે તેમને બેન્કમાંથી જે લોન મળશે તેના વ્યાજમાં રાહત આપીને લાખો રૂપિયાની મદદ કરવાનો અમે નિર્ણય લીધો છે.
- મારા મધ્યમ વર્ગના પરિવારની આવકવેરાની મર્યાદા બે લાખથી વધારીને સાત લાખ થઈ જાય તો તેનો સૌથી મોટો ફાયદો પગાર વર્ગને, મારા મધ્યમ વર્ગને થાય છે. 2014 પહેલાં ઈન્ટરનેટ ડેટા ઘણો મોંઘો હતો. હવે વિશ્વના સૌથી સસ્તા ઈન્ટરનેટ ડેટા પર ખર્ચ થાય છે, દરેક પરિવારના પૈસા બચી રહ્યા છે.



# મહિલાઓને આર્થિક રીતે સમૃદ્ધ કરીને સ્વાવલંબી બનાવી

*એક સમય એવો હતો કે જ્યારે દીકરીઓ અને મહિલાઓને પુરૂષો કરતાં ઓછી ગણવામાં આવતી હતી, પરંતુ સમય બદલાયો છે, સંજોગો બદલાયા છે અને દેશમાં નવી વિચારસરણીની સરકાર બની છે. સરકારે દીકરીઓની સુરક્ષા અને મહિલાઓનાં સશક્તિકરણ માટે ખૂબ જ અસરકારક રીતે કામ કર્યું છે, જેની અસર એ છે કે, હવે દેશમાં દીકરીઓ અને મહિલાઓનું સામર્થ્ય દેખાઈ રહ્યું છે. ખેતી હોય, વેપાર-ધંધો હોય કે જ્ઞાન-વિજ્ઞાન હોય કે એન્જિનિયરિંગથી લઈને સૈન્ય સેવા હોય, હવે દીકરીઓ અને મહિલાઓ દેશથી માંડીને વિદેશ સુધી દરેક જગ્યાએ કદમતાલ મિલાવી રહી છે...*

## આજે આપણા દેશનું સામર્થ્ય દેખાઈ રહ્યું છે

- આજે 10 કરોડ મહિલાઓ 'મહિલા સ્વ-સહાય'માં જોડાયેલી છે અને જો તમે 'મહિલા સ્વ-સહાય જૂથ'ની મદદથી ગામડામાં જશો તો તમને ત્યાં બેંકવાળી દીદી મળશે, તમને આંગણવાડીવાળી દીદી મળશે, તમને દવાઓ આપનારી દીદી મળશે અને હવે મારું સપનું છે કે, 2 કરોડ લખપતિ દીદી બને, ગામમાં 2 કરોડ લખપતિ દીદી બનાવવી છે અને આ માટે નવો વિકલ્પ મોકલ્યો છે, વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકલ્પ.
- હું આપણા ગામડાંઓની મહિલાઓનું સામર્થ્ય જોઉં છું અને તેથી હું એક નવી યોજના અંગે વિચારી રહ્યો છું કે, આપણા કૃષિ ક્ષેત્રમાં ટેક્નોલોજી આવવી જોઈએ, એગ્રીટેકને વધુ બળ મળવું જોઈએ, તેથી અમે મહિલા સ્વ-સહાય જૂથની બહેનોને તાલીમ આપીશું. ડ્રોન ચલાવવાની તાલીમ, ડ્રોનનું સમારકામ કરવાની તાલીમ અમે તાલીમ આપીશું અને ભારત સરકાર આવા હજારો મહિલા સ્વ-સહાય જૂથોને ડ્રોન પ્રદાન કરશે, તેઓ તાલીમ આપશે અને અમે આપણા કૃષિ કાર્ય માટે ડ્રોન સેવાઓ ઉપલબ્ધ કરાવવાનું શરૂ કરવામાં આવશે. શરૂઆતમાં અમે ડ્રોન ઉડાવવા માટે 15 હજાર મહિલા સ્વ-સહાય જૂથોને પસંદ કરી રહ્યા છીએ.
- દેશમાં આગળ વધવા માટે, એક વધારાની શક્તિનું સામર્થ્ય ભારતને આગળ લઈ જઈ રહ્યું છે અને તે છે મહિલાઓના નેતૃત્વ હેઠળ વિકાસ. આજે ભારત ગૌરવથી કહી શકે છે કે, દુનિયામાં નાગરિક ઉડ્ડયનના ક્ષેત્રમાં જો કોઈ દેશ પાસે સૌથી વધુ મહિલા પાઈલટ હોય તો, તે મારા દેશ પાસે છે. આજે ચંદ્રયાનની ગતિ હોય કે, મૂન મિશનની વાત હોય, આપણી મહિલા વૈજ્ઞાનિક તેનું નેતૃત્વ કરી રહી છે.
- આપણે, આપણી નારી શક્તિના સામર્થ્યને પ્રોત્સાહન આપીને મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસ અને G-20માં મેં મેં મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસના વિષયોને રજૂ કર્યા છે, ત્યારે સમગ્ર G-20 જૂથ તેનું મહત્વ સ્વીકારી રહ્યું છે અને તેને ઘણું બળ આપી રહ્યા છે.
- એક દેશની મુલાકાતે ગયો હતો ત્યાં એક ખૂબ જ વરિષ્ઠ મંત્રીએ મને એક પ્રશ્ન પૂછ્યો હતો કે, શું તમારી દીકરીઓ વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિષયો ભણે છે? મેં તેમને કહ્યું કે આજે મારા દેશમાં દીકરાઓ કરતાં વધુ દીકરીઓ STEM એટલે કે વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત લઈ રહી છે, મોટાભાગે દીકરીઓ તેમાં ભાગ લઈ રહી છે, તો મારો જવાબ સાંભળીને તેમને જ ખૂબ જ આશ્ચર્યજનક હતું. આપણા દેશનું આ સામર્થ્ય આજે દેખાઈ રહ્યું છે.

કવર સ્ટોરી : 77મો સ્વતંત્રતા દિવસ સમારોહ

# ભારતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત થઈ રહ્યું છે




*દેશમાં અભૂતપૂર્વ ઝડપ અને વ્યાપકતા પર મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ અને આધુનિક કનેક્ટિવિટી બનાવવાનું કામ ચાલી રહ્યું છે. છેલ્લાં નવ વર્ષમાં માત્ર ધોરીમાર્ગો, રેલવે, હવાઈમાર્ગ, જળમાર્ગ જ નહીં, પરંતુ શિક્ષણ, આરોગ્ય અને વેપારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર દિવસ-રાત કામ ચાલી રહ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે લોકોના જીવનમાં સરળતા, વેપાર- વ્યવસાય કરવાની સરળતા, લાખો નવી રોજગારીની તકોનું સર્જન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે ઝડપી વિકાસ...*



- આજે દેશ આધુનિકતાની દિશામાં આગળ વધી રહ્યો છે. ધોરીમાર્ગો હોય, રેલવે હોય, હવાઈમાર્ગ હોય, આઈ-વે હોય, ઈન્ફોર્મેશન વે હોય, જળ માર્ગ હોય, એવું કોઈ પણ ક્ષેત્ર નથી કે જેમાં દેશ આજે પ્રગતિની દિશામાં કામ ન કરી રહ્યો હોય. છેલ્લાં 9 વર્ષોમાં, અમે દરિયાકાંઠાના વિસ્તારોમાં, આદિવાસી વિસ્તારોમાં, આપણા પહાડી વિસ્તારોમાં પણ વિકાસ પર ઘણો મૂક્યો છે.
- અમે પર્વતમાલા, ભારત માલા જેવી વિવિધ યોજનાઓ દ્વારા સમાજના તે વર્ગને તાકાત આપી છે. અમે આપણા પૂર્વીય ભારતને ગેસની પાઈપલાઈનથી જોડવાનું કામ કર્યું છે.
- અમે હોસ્પિટલોની સંખ્યામાં વધારો કર્યો છે. અમે ડૉક્ટરોની સીટોમાં વધારો કર્યો છે જેથી આપણાં બાળકો ડૉક્ટર બનવાનું સપનું પૂરું કરી શકે. અમે માતૃભાષામાં શિક્ષણનું પરિવર્તન લાવીને સૌના માટે સુલભ શિક્ષણ પર ભાર મૂક્યો છે. હું ભારતની સર્વોચ્ચ અદાલતનો પણ આભાર માનું છું કે ભારતની સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે, હવે જે ચુકાદો આપવામાં આવશે તેનો ઓપરેટિવ ભાગ તેની ભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આજે માતૃભાષાનું મહત્વ વધી રહ્યું છે.
- કુદરતી આફતો અને ગ્લોબલ વોર્મિંગને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જે નુકસાન થાય છે તેના માટે આપણી પાસે દૂરોગામી વ્યવસ્થા હોય તેની જરૂર છે. અને તેથી આપદા પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગઠબંધન એટલે કે, CDRIના સ્વરૂપમાં વિશ્વને એક ઉકેલ આપ્યો છે. દુનિયા આજે મહાસાગરોને સંઘર્ષનું કેન્દ્ર બનાવી રહી છે, તો અમે દુનિયાને સાગરનું પ્લેટફોર્મ આપ્યું છે. તે પ્લેટફોર્મ વૈશ્વિક દરિયાઈ શાંતિની ગેરંટી બની શકે છે.
- આજે દેશ અનેક ક્ષમતાઓ સાથે આગળ વધી રહ્યો છે. દેશ આધુનિકતા તરફ આગળ વધવા માટે કામ કરી રહ્યો છે. આજે દેશ અક્ષય ઉર્જામાં કામ કરી રહ્યો છે, આજે દેશ ગ્રીન હાઈડ્રોજન પર કામ કરી રહ્યો છે, સ્પેસમાં દેશની ક્ષમતા વધી રહી છે તેમજ દેશ 'ડીપ સી મિશન'માં પણ સફળતાપૂર્વક આગળ વધી રહ્યો છે.
- દેશમાં રેલ આધુનિક બની રહી છે, તેમજ વંદે ભારત ટ્રેન દોડી રહી છે, બુલેટ ટ્રેન પણ આજે દેશની અંદર કામ કરી રહી છે. દરેક ગામમાં પાકા રસ્તાઓ બની રહ્યા છે, તો આજે દેશમાં ઈલેક્ટ્રીક બસો અને મેટ્રો પણ બની રહી છે.





# આર્થિક પ્રગતિનો નવો અધ્યાય

***અર્થતંત્રને ઔપચારિક બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવાથી કેવી રીતે પરિવર્તન આવે છે અને સ્થાનિક સ્તરે વિકાસને વેગ મળે છે તે અંગે પ્રધાનમંત્રીએ લાલ કિલ્લાની પ્રાચીર પરથી વિગતો આપી હતી, આ દર્શાવે છે કે, ભારતમાં કેવી રીતે આર્થિક સમૃદ્ધિના નવા યુગની શરૂઆત થઈ છે...***

**અમે ગરીબોના કલ્યાણ માટે મહત્તમ નાણાં ખર્ચવાનો પ્રયાસ કર્યો. જ્યારે દેશ આર્થિક રીતે સમૃદ્ધ થાય છે ત્યારે માત્ર તિજોરી નથી ભરાતી, પરંતુ દેશ અને દેશવાસીઓનું સામર્થ્ય વધે છે.**

- અમે 2014માં સત્તામાં આવ્યા હતા, ત્યારે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં આપણે 10મા નંબરે હતા અને આજે 140 કરોડ દેશવાસીઓનો પુરુષાર્થ રંગ લાવ્યો છે કે, આપણે વિશ્વની અર્થવ્યવસ્થામાં 5મા નંબરે પહોંચી ગયા છીએ.
- જ્યારે ભ્રષ્ટાચારના લાખો કરોડોનાં કૌભાંડો અર્થવ્યવસ્થાને ડામાડોળ કરી રહ્યા હતા અને ફ્રેજાઈલ ફાઈવમાં દેશને ઓળખવામાં આવી રહ્યો હતો ત્યારે અમે લીકેજ બંધ કર્યા, એક મજબૂત અર્થવ્યવસ્થા બનાવી.
- તિજોરીનો એક-એક પૈસો જો ઈમાનદારીથી જનતા-જનાર્દન માટે ખર્ચ કરવાનો સંકલ્પ લેનારી સરકાર હોય તો પરિણામ કેવાં આવે છે. હું 10 વર્ષનો હિસાબ તિરંગાની સાક્ષીમાં લાલ કિલ્લાની પ્રાચીરથી મારા દેશવાસીઓને આપી રહ્યો છું. 10 વર્ષ પહેલાં રાજ્યોને 30 લાખ કરોડ રૂપિયા ભારત સરકાર તરફથી આપવામાં આવતા હતા. છેલ્લાં 9 વર્ષમાં આ આંકડો 100 લાખ કરોડ પર પહોંચ્યો છે.
- અગાઉ સ્થાનિક એકમોના વિકાસ માટે ભારત સરકારની તિજોરીમાંથી 70 હજાર કરોડ રૂપિયા જતા હતા, આજે તે 3 લાખ કરોડથી પણ વધુ થઈ ગયા છે.
- પહેલાં ગરીબોનાં ઘર બનાવવા માટે 90 હજાર કરોડ રૂપિયા ખર્ચવામાં આવતા હતા, આજે તેમાં 4 ગણો વધારો થયો છે અને 4 લાખ કરોડ રૂપિયાથી વધુ ગરીબોનાં ઘર બનાવવાં માટે ખર્ચ કરવામાં આવી રહ્યા છે.
- વિશ્વનાં કેટલાક બજારોમાં યુરિયાની જે થેલીઓ 3000 રૂપિયામાં વેચાય છે, મારા ખેડૂતોને તે યુરિયાની થેલી 300 રૂપિયામાં મળે અને તેથી જ દેશની સરકાર મારા ખેડૂતોને યુરિયામાં 10 લાખ કરોડ રૂપિયાની સબસિડી આપી રહી છે.
- મુદ્રા યોજના હેઠળ મારા દેશના યુવાનોને સ્વરોજગાર માટે, તેમના વ્યવસાય માટે, તેમના કારોબાર માટે 20 લાખ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. આ યોજના 8-10 કરોડ નવા લોકોને રોજગાર આપવાનું સામર્થ્ય ધરાવે છે.
- MSMEને લગભગ સાડા ત્રણ લાખ કરોડ રૂપિયાની મદદથી, તેમને કોરોનાનાં સંકટમાં પણ ડૂબવા દેવામાં આવ્યા ન હતા, તેમને તાકાત આપી છે.
- વન રેન્ક વન પેન્શન, મારા દેશના સૈનિકો માટે સન્માનનો વિષય હતો, આજે ભારતની તિજોરીમાંથી 70 હજાર કરોડ રૂપિયા પહોંચી ગયા છે.

# શિલાન્યાસથી ઉદ્ઘાટનની નવી કાર્ય સંસ્કૃતિ



*હવે અટકાવવાનો, લટકાવવાનો, ભટકાવવાનો સમય જતો રહ્યો. નવું ભારત એવી કાર્ય સંસ્કૃતિ લાવ્યું છે કે જ્યાં ભારત સરકાર જે પ્રોજેક્ટ કે અભિયાન હાથ ધરે છે, તેને નિર્ધારિત સમય મર્યાદામાં અથવા ઘણી વખત તે પહેલાં પૂર્ણ કરીને બતાવી રહી છે, જે હવે આદત બની રહી છે...*

**આ એક એવી સરકાર છે જે કામ કરે છે, એવી સરકાર છે જે તેના નિર્ધારિત લક્ષ્યોને પાર કરે છે, આ નવું ભારત છે, આત્મવિશ્વાસથી ભરેલું ભારત છે, સંકલ્પોને વાસ્તવિકતા બનાવવા માટે સખત મહેનત કરી રહેલું ભારત છે.**

- આજે ભારત જૂની વિચારસરણી અને જૂની પેટર્ન છોડીને લક્ષ્યો નક્કી કરીને તેને પ્રાપ્ત કરવાનાં વિઝન સાથે આગળ વધી રહ્યું છે. અને જ્યારે હું કહું છું કે જેનો શિલાન્યાસ અમારી સરકાર કરે છે, તેનું ઉદ્ઘાટન પણ અમારા સમયગાળામાં જ થાય છે.
- આ દિવસોમાં હું જે શિલાન્યાસ કરી રહ્યો છું ને, આપ લખી રાખો તેનું ઉદ્ઘાટન પણ આપ સૌએ મારા નસીબમાં જ છોડ્યું છે. અમારી કાર્ય સંસ્કૃતિ, મોટું વિચારવું, દૂરનું વિચારવું, સર્વજન હિતાય સર્વજન સુખાય વિચારવું એ અમારી કાર્યશૈલી રહી છે.
- વિચારથી પણ વધારે, સંકલ્પથી પણ વધારે કેવી રીતે પ્રાપ્ત થાય એ ઊર્જા સાથે અમે કામ કરીએ છીએ. અમે શરૂઆતમાં લગભગ 5055 હજાર અમૃત સરોવર બનાવવાનો સંકલ્પ કર્યો હતો. પરંતુ આજે લગભગ 75 હજાર અમૃત સરોવરના નિર્માણનું કામ ચાલી રહ્યું છે.
- 18,000 ગામડાંઓ સુધી વીજળી પહોંચાડવી, જન ધન બેન્ક ખાતા ખોલવાં, દીકરીઓ માટે શૌચાલય બનાવવાં જેવાં તમામ લક્ષ્યો સમય પહેલાં પૂરી તાકાતથી પૂર્ણ કરશે. અને જ્યારે ભારત નક્કી કરી લે છે, ત્યારે તે તેને પૂરું કરીને રહે છે, આ અમારો ટ્રેક રેકોર્ડ કહે છે.
- 200 કરોડનું રસીકરણનું કામ. જ્યારે દુનિયા આપણને પૂછે છે ને, ત્યારે 200 કરોડ સાંભળતા જ, તેમની આંખો ફાટી જાય છે, આટલું મોટું કામ! આ મારા દેશની તાકાત છે.
- 5-Gનો અમલ કર્યો, આપણો દેશ દુનિયામાં 5-Gનો સૌથી ઝડપથી અમલ કરનારો દેશ છે. આપણે 700 થી વધુ જિલ્લાઓમાં પહોંચી ગયા છીએ અને હવે 6-Gની તૈયારીમાં ટાસ્ક ફોર્સ બનાવી લીધી છે.
- અક્ષય ઉર્જાનું લક્ષ્ય આપણે નિર્ધારિત સમય કરતાં વહેલાં પૂરું કર્યું. આપણે 2030 સુધીમાં અક્ષય ઉર્જા માટે જે લક્ષ્ય નિર્ધારિત કર્યું હતું તેને 2021-2022માં જ પ્રાપ્ત કરી લીધું છે.
- અમે ઈથેનોલમાં 20 ટકા સંમિશ્રણની વાત કરી હતી, તે પણ પાંચ વર્ષ અગાઉ પૂરું કરી લીધું છે.
- અમે 500 બિલિયન ડૉલરની નિકાસની વાત કરી હતી, તે પણ સમય કરતાં પહેલાં આપણે તેને 500 બિલિયન ડૉલરથી વધુ વધારી શક્યા છીએ.
- આપણા દેશમાં છેલ્લાં 25 વર્ષથી ચર્ચા ચાલી રહી હતી કે નવી સંસદની બને. આ મોદી જ છે જેણે સમય કરતાં વહેલાં નવી સંસદનું નિર્માણ કરી બતાવ્યું છે.



# સંતુલિત વિકાસથી ભાવિ પેઢીને સમૃદ્ધિની ભેટ

*આઝાદી પછી લાંબા સમય સુધી દેશનો અમુક ભાગ ઉપેક્ષિત રહ્યો જેના કારણે સંતુલિત વિકાસ થયો ન હતો. ક્યારેક પૂર્વોત્તર છોડી દેવામાં આવ્યું તો ક્યારેક પૂર્વ ભારત. સર્વાંગી અભિગમને વિકાસનો મુખ્ય આધાર બનાવાયો ન હતો, પરંતુ હવે લાંબાગાળાની વિચારસરણીથી વિકાસના પ્રવાહમાં બાકી રહેલા વિસ્તારો-પ્રાંતો-જિલ્લાઓની આકાંક્ષાઓને નવી ઉડાન મળી રહી છે...*

- આપણે અસંતુલિત વિકાસનો ભોગ બન્યા છીએ, મારું-તારું કરવાના કારણે આપણા દેશનો અમુક હિસ્સો વિમુખતાનો ભોગ બન્યો છે. હવે આપણે સંતુલિત વિકાસ માટે પ્રાદેશિક આકાંક્ષાઓ પર ભાર મૂકવો પડશે અને પ્રાદેશિક આકાંક્ષાઓને લગતી લાગણીને યોગ્ય માન આપવું પડશે.
- જો આપણા શરીરનું કોઈ અંગ નબળું રહેશે તો આપણે તંદુરસ્ત ન કહેવાઈએ. જો કોઈ અંગ અવિકસિત રહી જાય તો આપણું શરીર વિકસિત ન કહેવાય. તેવી જ રીતે, જો મારી ભારત માતાનો કોઈ ભૂ-ભાગ, સમાજનો એક વર્ગ પણ નબળો રહે તો આપણે એવું વિચારીને બેસી ન શકીએ કે મારી ભારત માતા સમર્થ છે અને સ્વસ્થ છે.
- આપણે પ્રાદેશિક આકાંક્ષાઓને સમજીને તેનો ઉકેલ લાવવાની જરૂર છે અને તેથી જ આપણે સમાજનો સર્વાંગી વિકાસ થાય, સર્વપક્ષીય વિકાસ થાય, દરેક ભૂ-ભાગનો વિકાસ થાય, દરેક ક્ષેત્રને પોતાની તાકાત ખીલવવાનો અવસર પ્રાપ્ત થાય, તે દિશામાં આગળ વધવા માંગીએ છીએ.
- અમે સંતુલિત વિકાસ માટે મહત્વાકાંક્ષી જિલ્લા, મહત્વાકાંક્ષી તાલુકાની કલ્પના કરી હતી અને આજે આપણને સુખદ પરિણામો મળી રહ્યાં છે. આજે, રાજ્યના જે સામાન્ય માપદંડો, જે મહત્વાકાંક્ષી જિલ્લાઓ, એક સમયે ઘણા પાછળ રહી ગયેલા હતા, તેઓ આજે રાજ્યમાં પણ ઘણી સારી કામગીરી કરવા લાગ્યા છે અને મને વિશ્વાસ છે કે આવનારા દિવસોમાં, આપણા મહત્વાકાંક્ષી જિલ્લાઓ, અમારા મહત્વાકાંક્ષી તાલુકાઓ ચોક્કસપણે આગળ વધશે.

**આજે એક એવી સરકાર છે, જે સર્વજન હિતાય, સર્વજન સુખાયથી દેશના સંતુલિત વિકાસ માટે સમયની એક-એક ક્ષણ અને જનતાના એક-એક પૈસા તેમના કલ્યાણ માટે ખર્ચે છે.**

**આપણા સૌની બહુ મહત્વની જવાબદારી છે, તમે જે રીતે જીવન જીવ્યા છો, આપણી ભાવિ પેઢીને આવું જીવન જીવવા માટે મજબૂર કરવી એ આપણો ગુનો છે, આપણી જવાબદારી છે કે આપણે આવનારી પેઢીને એવો સમૃદ્ધ દેશ આપીએ, એવો સંતુલિત દેશ આપીએ, એવો સામાજિક ન્યાયના વારસાનો દેશ આપીએ કે, જેથી તેમને નાની-નાની વસ્તુઓ મેળવવા માટે ક્યારેય સંઘર્ષ ન કરવો પડે.**

# ભારતની જીવનશૈલી પણ પર્યાવરણ માટે સંદેશ



*આબોહવા સંકટ સામે દુનિયા ઝઝૂમી રહી છે તેવા આ યુગમાં ભારત ખેતરો, તળાવો, સ્વચ્છતા, ગ્રીન એનર્જીનો સમાવેશ કરીને પર્યાવરણ માટે જીવનશૈલીનો સંદેશ આપી રહ્યું છે. સ્વચ્છ ભારત મિશનમાં 11.5 કરોડથી વધુ શૌચાલયોનું નિર્માણ, લગભગ 75 હજાર અમૃત સરોવરનું નિર્માણ, કુદરતી ખેતી, ગ્રીન હાઈડ્રોજન મિશન અથવા પર્યાવરણ માટે જીવનશૈલી - LiFE, આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન, બિગ કેટ એલાયન્સ અથવા CDRIની શરૂઆત સાથે ભારત પર્યાવરણ મિત્ર રહ્યું છે...*



- દુનિયા જે પ્રકારે આબોહવા સંકટનો સામનો કરી રહી છે, તો આપણે તેનો માર્ગ બતાવ્યો છે, આપણે પર્યાવરણ માટે જીવન શૈલી - LiFE મિશન પહેલની શરૂઆત કરી છે.
- અમે આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની રચના કરી અને આજે દુનિયાના અનેક દેશો આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનો હિસ્સો બની રહ્યા છે.
- જૈવ-વિવિધતાના મહત્વને ધ્યાનમાં રાખીને આપણે બિગ કેટ એલાયન્સની વ્યવસ્થાને આગળ વધારી છે.
- ગ્લોબલ વોર્મિંગને કારણે, કુદરતી આફતોને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જે નુકસાન થાય છે તે માટે આપણી પાસે દૂરોગામી વ્યવસ્થા હોય તેની જરૂર છે. અને તેથી આપદા પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગઠબંધન એટલે કે, CDRIના સ્વરૂપમાં વિશ્વને એક ઉકેલ આપ્યો છે.
- ભારતની આઝાદીના અમૃત મહોત્સવમાં અમે 75 અમૃત સરોવર બનાવવાનો સંકલ્પ કર્યો છે. તે સમયે આશરે 50-55 હજાર અમૃત સરોવરની કલ્પના કરવામાં આવી હતી. પરંતુ આજે લગભગ લગભગ 75 હજાર અમૃત સરોવરનાં નિર્માણનું કામ ચાલી રહ્યું છે. જનશક્તિ અને જળશક્તિની આ તાકાત ભારતનાં પર્યાવરણનાં રક્ષણમાં પણ ઉપયોગી થવાની છે.



- આજે દેશ અક્ષય ઉર્જા મામલે કામ કરી રહ્યો છે. આપણે 2030 સુધીમાં અક્ષય ઉર્જા માટે જે લક્ષ્ય નિર્ધારિત કર્યું હતું તેને આપણે 2021-2022માં જ પ્રાપ્ત કરી લીધું છે.
- દેશમાં ગ્રીન હાઈડ્રોજન પર કામ થઈ રહ્યું છે. દેશ 'ડીપ સી મિશન'માં પણ સફળતાપૂર્વક આગળ વધી રહ્યો છે. ઈથેનોલ મિશ્રણની વાત પણ કરી હતી અને અમે સમય કરતાં પાંચ વર્ષ વહેલાં તે કરી બતાવ્યું છે.
- નેનો યૂરિયા, નેનો DAP પર કામ થઈ રહ્યું છે તેમજ બીજી તરફ પ્રાકૃતિક ખેતી પર અમે ભાર મૂકી રહ્યા છીએ.



# શાંતિ-સુરક્ષા-સમૃદ્ધિથી એક નવા યુગનો આરંભ

*એક સમય એવો હતો જ્યારે આતંકવાદી-નક્સલવાદી હુમલા, કોમવાદ જેવા મુદ્દાઓએ દેશમાં અસુરક્ષાનો માહોલ ઊભું કર્યો હતો. લોકો ઘરની બહાર નીકળતા હતા, પરંતુ તેમના મનમાં અસુરક્ષાની લાગણી હતી. પરંતુ હવે તે ભૂતકાળની વાત થઈ ગઈ છે અને શાંતિ, સુરક્ષા, સમૃદ્ધિના નવા યુગની શરૂઆત થઈ છે...*



**અવારનવાર આપણને સાંભળવા મળતું હતું કે, અહીં બોમ્બ બ્લાસ્ટ થયો, ત્યાં બોમ્બ બ્લાસ્ટ થયો. દરેક જગ્યાએ લખેલું રહેતું હતું કે, આ થેલીને હાથ ન લગાડશો, જાહેરાતો થતી હતી. આજે દેશ સુરક્ષાનો અનુભવ કરી રહ્યો છે અને જ્યારે સુરક્ષા અને શાંતિ હશે ત્યારે આપણે પ્રગતિની નવી આકાંક્ષાઓ પૂરી કરી શકીએ છીએ.**

- છેલ્લા કેટલાક અઠવાડિયામાં પૂર્વોત્તરમાં, ખાસ કરીને મણિપુરમાં અને ભારતના કેટલાક અન્ય ભાગોમાં પણ, પરંતુ ખાસ કરીને મણિપુરમાં જે રીતે હિંસાનો દોર ચાલ્યો એમાં ઘણાં લોકોએ જીવ ગુમાવવો પડ્યો, મા-દીકરીનાં સન્માન સાથે રમત રમાઈ, પરંતુ થોડા દિવસોથી સતત શાંતિના અહેવાલો મળી રહ્યા છે. દેશ મણિપુરના લોકો સાથે છે.
- મણિપુરનાં લોકોએ છેલ્લા કેટલાક દિવસોથી જે શાંતિ જાળવી રાખી છે એ શાંતિના પર્વને દેશ આગળ વધારીએ અને શાંતિથી જ ઉકેલનો માર્ગ નીકળશે. અને રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે મળીને તે સમસ્યાઓનાં સમાધાન માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે, કરતી રહેશે.
- શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટનો જમાનો હવે ભૂતકાળ થઈ ગયો છે. નિર્દોષોના મોત હવે વિતેલા દિવસોનો અતિત બની ગયા છે. આજે દેશમાં આતંકવાદી હુમલાઓમાં ધરખમ ઘટાડો થયો છે. નક્સલ અસરગ્રસ્ત વિસ્તારોમાં પણ મોટું પરિવર્તન આવ્યું છે, ખૂબ જ મોટા પરિવર્તનનો માહોલ સર્જાયો છે.

# વિવિધતાથી ભરેલા દેશમાં એકતાનું સામર્થ્ય




*વિવિધતામાં એકતા એ ભારતની વિશેષતા છે. આપણને વિવિધતાનું ગર્વ છે. વિવિધતામાં એકતા એ માત્ર એક સૂત્ર નથી પરંતુ તે આપણી અપાર શક્તિનો ભંડાર છે. ભારતની વિવિધતા એવી તાકાત છે જે વિશ્વમાં બીજે ક્યાંય જોવા મળતી નથી. વિવિધતાથી ભરેલા ભારતમાં આપણે એકતાના બળે આગળ વધવાનું છે...*

- આવનારા 25 વર્ષ સુધી આપણે માત્રને માત્ર એક જ મંત્રનું પાલન કરીને આગળ વધવાનું છે કે, આપણું રાષ્ટ્રીય ચરિત્ર સર્વોપરી હોવું જોઈએ. એકતાનો સંદેશ, ભારતની એકતામાં જીવવું, ભારતની એકતાને આંચ આવે તેવી કોઈ આપણી ભાષા નહીં હોય કે પછી એવું કોઈ આપણું પગલું પણ નહીં હોય. દરેક ક્ષણે દેશને જોડવાના પ્રયાસો મારા તરફથી પણ ચાલુ જ રહેશે. ભારતની એકતા આપણને સામર્થ્ય આપે છે.
- વૈવિધ્યતાથી ભરેલા દેશમાં એકતાનું સમાર્થ્ય હોય છે. જો આપણે આપણા દેશને 2047માં વિકસિત ભારત તરીકે જોવો હોય, તો આપણે શ્રેષ્ઠ ભારતનો મંત્ર જીવવો પડશે. આપણે તેને ચરિતાર્થ કરવું પડશે.
- ભારતનો કોઈ ભૂ-ભાગ, સમાજનો કોઈ વર્ગ નબળો રહે તો આપણે એવું વિચારીને બેસી ન શકીએ કે મારી ભારત માતા સમર્થ છે અને સ્વસ્થ છે. અને તેથી જ આપણે પ્રાદેશિક આકાંક્ષાઓ પર ધ્યાન આપવાની જરૂર છે અને તેથી જ આપણે સમાજનો સર્વાંગી વિકાસ થાય, સર્વપક્ષીય વિકાસ થાય, દરેક ભૂ-ભાગનો વિકાસ થાય, દરેક ક્ષેત્રને પોતાની તાકાત ખીલવવાનો અવસર પ્રાપ્ત થાય, તે દિશામાં આગળ વધવા માંગીએ છીએ.
- હું જ્યારે દેશની એકતાની વાત કરું છું ત્યારે, જો મણિપુરમાં ઘટના બને તો મહારાષ્ટ્રના દિલમાં દુ:ખ થાય છે, આસામમાં પૂર આવે તો કેરળ બેચેન થઈ જાય છે. ભારતના કોઈપણ ભાગમાં કંઈ પણ થાય, આપણે એક અંગદાનની ભાવના અનુભૂતિ કરીએ છીએ.

**છેલ્લા એક વર્ષથી, જે રીતે G-20ના ઘણાં કાર્યક્રમો ભારતના દરેક ખૂણામાં યોજાયા છે, તેનાથી વિશ્વને દેશના લોકોની શક્તિ અને વિવિધતાનો પરિચય થયો છે.**

**ભારત 'મધર ઓફ ડેમોક્રેસી' છે, ભારત 'મોડલ ઓફ ડાઈવર્સિટી' પણ છે. ભાષાઓ ઘણી છે, બોલીઓ અનેક છે, વેશભૂષા ઘણી છે, વિવિધતા ખૂબ જ છે. આપણે એ બધાના આધાર પર આગળ વધવાનું છે. જ્યારે અફઘાનિસ્તાનથી ગુરુ ગ્રંથ સાહિબનું સ્વરૂપ લાવવામાં આવે છે ત્યારે આખો દેશ ગર્વ અનુભવે છે.**



# અમૃતયાત્રાથી એક હજાર વર્ષનો સ્વર્ણિમ ઈતિહાસ અંકુરિત થશે

*ભારતીય તિરંગાની વધી રહેલી શક્તિ સાથે, રાષ્ટ્ર આગામી 25 વર્ષમાં તિરંગાને વિકસિત ભારતનો તિરંગો બનાવવાના લક્ષ્ય તરફ આગળ વધવાની સામૂહિક જવાબદારીથી સજ્જ છે. હવે 140 કરોડ દેશવાસીઓ પૂજ્ય બાપુના સપનાનું ભારત બનાવવા માટે સંકલ્પબદ્ધ પરિવાર તરીકે આગળ વધી રહ્યા છે, જેથી જ્યારે લાલ કિલ્લાની પ્રાચીર પરથી 2047નો તિરંગો ધ્વજ લહેરાશે, ત્યારે દુનિયા વિકસિત ભારતની પ્રશંસા કરતી જોવા મળે...*

## 25 વર્ષનો મંત્રઃ રાષ્ટ્રીય ચરિત્ર સર્વોપરી

- જ્યારે 2047માં આપણે એક વિકસિત ભારતના નિર્માણના સપના સાથે આગળ વધી રહ્યા છીએ, ત્યારે તે માત્ર એક સપનું નથી, તે 140 કરોડ દેશવાસીઓનો સંકલ્પ છે. અને તે સંકલ્પને સિદ્ધ કરવા માટે પરાકાષ્ઠાના સ્તરનો પરિશ્રમ કરવાની પણ જરૂર છે, તેની સૌથી મોટી તાકાત હોય છે, રાષ્ટ્રીય ચારિત્ર્ય છે.
- આપણું રાષ્ટ્રીય ચરિત્ર જીવંત બને, તેજસ્વી બને, પુરુષાર્થી બને, પરાક્રમી બને, પ્રખર બને; તે આપણા સૌની સામૂહિક જવાબદારી છે. અને આવનારા 25 વર્ષ સુધી આપણે માત્રને માત્ર એક જ મંત્રનું પાલન કરીને આગળ વધવાનું છે કે, આપણા રાષ્ટ્રીય ચરિત્ર સર્વોપરી હોવું જોઈએ.
- એકતાનો સંદેશ, ભારતની એકતામાં જીવવું, ભારતની એકતાને આંચ આવે તેવી કોઈ આપણી ભાષા નહીં હોય કે પછી એવું કોઈ આપણું પગલું પણ નહીં હોય. દરેક ક્ષણે દેશને જોડવાના પ્રયાસો મારા તરફથી પણ ચાલુ જ રહેશે. ભારતની એકતા આપણને સામર્થ્ય આપે છે.
- ઉત્તર હોય, દક્ષિણ હોય, પૂર્વ હોય, પશ્ચિમ હોય, ગામ હોય, શહેર હોય, પુરુષ હોય, મહિલા હોય; આપણે સૌએ એકતાની ભાવના સાથે અને વૈવિધ્યતાથી ભરેલા દેશમાં એકતાનું સમાર્થ્ય હોય છે અને બીજી મહત્વની વાત, હું જોઉં છું કે, જો આપણે આપણા દેશને 2047માં વિકસિત ભારત તરીકે જોવો હોય, તો આપણે શ્રેષ્ઠ ભારતનો મંત્ર જીવવો પડશે. આપણે તેને ચરિતાર્થ કરવું પડશે.

## 2047: વિકસિત ભારતનો તિરંગો હોય

- મેં 2014માં કહ્યું હતું કે, ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ. દુનિયાના કોઈપણ ટેબલ પર મેક ઈન ઈન્ડિયા વસ્તુ હોય તો દુનિયાને ભરોસો બેસવો જોઈએ કે, આનાથી સારું કંઈ હોઈ જ ન શકે.
- દેશમાં આગળ વધવા માટે, એક વધારાની શક્તિનું સામર્થ્ય ભારતને આગળ લઈ જઈ રહ્યું છે અને તે છે મહિલાઓના નેતૃત્વ હેઠળ વિકાસ. આજે ભારત ગૌરવથી કહી શકે છે કે, દુનિયામાં નાગરિક ઉડ્ડયનના ક્ષેત્રમાં જો કોઈ દેશ પાસે સૌથી વધુ મહિલા પાઈલટ હોય તો, તે મારા દેશ પાસે છે.
- સપનાં અનેક છે, સંકલ્પ સ્પષ્ટ છે, નીતિઓ સ્પષ્ટ છે. નિયતની સામે કોઈ પ્રશ્નાર્થ ચિહ્ન નથી. આઝાદીના અમૃતકાળમાં, 2047માં જ્યારે દેશ આઝાદીના 100 વર્ષનો ઉત્સવ ઉજવશે, તેવા સમયે ભારતનો તિરંગો ઝંડો વિશ્વમાં વિકસિત ભારતનો તિરંગો ઝંડો હોવો જોઈએ, આપણે સહેજ પણ અટકવાનું નથી, સહેજ પણ પાછીપાની કરવાની નથી અને તેના માટે સમજદારી, પારદર્શિતા અને નિષ્પક્ષતા હોય એ મજબૂતી માટેની પહેલી જરૂરિયાત છે.
- આપણે એ મજબૂતીને જેટલું વધારે ખાતર- પાણી નાખી શકીએ, સંસ્થાઓના માધ્યમથી આપી શકીએ, નાગરિક તરીકે જેટલું થઈ શકતું હોય એટલું કરી શકીએ, પરિવાર તરીકે કરી શકીએ, એટલું કરવું જોઈએ તે આપણી સામૂહિક જવાબદારી હોવી જોઈએ.
- છેલ્લાં 75 વર્ષના ઈતિહાસ પર નજર નાખો, ભારતના સામર્થ્યમાં સહેજ પણ કમી નથી આવી અને એક સમયે 'સોને કી ચિડિયા' કહેવાતો આ દેશ ફરીથી એ જ સામર્થ્ય સાથે બેઠો થઈ શકે છે.
- મને અતૂટ વિશ્વાસ છે મિત્રો, મારા પ્રિય પરિવારજનો, મને અખંડ, અતૂટ અને એકનિષ્ઠ વિશ્વાસ છે કે, 2047માં જ્યારે દેશ આઝાદીના 100 વર્ષની ઉજવણી કરશે ત્યારે મારો દેશ વિકસિત ભારત બનીને અચૂક ઉજવણી કરશે.

# ત્રણ દૂષણો સામે પૂરી તાકાત લગાવીને જંગ લડીએ



*મારા પ્રિય પરિવારજનો, આપણે આ ત્રણેય દૂષણો સામે આપણી પૂરી શક્તિથી લડવાનું છે. ભ્રષ્ટાચાર, પરિવારવાદ, તુષ્ટિકરણ, આ પડકારો, આ બાબતો જે ફુલી-ફાલી છે, જે આપણા દેશના લોકોની આકાંક્ષાઓનું શોષણ કરે છે. તે આપણા દેશના કેટલાક લોકો પાસે જે નાનું-મોટું સામર્થ્ય છે તેનું શોષણ કરે છે.*

## 1. ભ્રષ્ટાચારથી મુક્તિ

- આપણા દેશની તમામ સમસ્યાઓનું મૂળ ભ્રષ્ટાચાર છે, તેણે ઉધઈની જેમ દેશની તમામ વ્યવસ્થાઓ, દેશની તમામ ક્ષમતાઓ સંપૂર્ણપણે અંદરથી કોરી ખાધી છે. ભ્રષ્ટાચારથી આઝાદી, ભ્રષ્ટાચાર સામે જંગ દરેક એકમમાં, દરેક ક્ષેત્રમાં જરૂરી છે અને મારા દેશવાસીઓ, મારા પ્રિય પરિવારજનો, આ મોદીના જીવનની પ્રતિબદ્ધતા છે, મારા વ્યક્તિત્વની એક પ્રતિબદ્ધતા છે કે હું ભ્રષ્ટાચાર સામે લડતો રહીશ.
- આપણે ભ્રષ્ટાચાર સામે નફરતનો માહોલ ઉભો કરવાનો છે. જે રીતે ગંદકીના કારણે આપણા મનમાં નફરત પેદા થાય છે, જે રીતે આપણને ગંદકી ગમતી નથી, તેવી રીતે જાહેર જીવનમાં આનાથી મોટી ગંદકી કોઈ હોઈ શકે નહીં. અને તેથી જ આપણે આપણા સ્વચ્છતા અભિયાનને નવો વળાંક આપવો પડશે કે, આપણે ભ્રષ્ટાચારમાંથી મુક્તિ મેળવવાની છે.
- સરકાર ટેક્નોલોજી દ્વારા ભ્રષ્ટાચારમાંથી મુક્તિ મેળવવા માટે ઘણા પ્રયાસો કરી રહી છે. તમને જાણીને નવાઈ લાગશે, આ દેશમાં છેલ્લાં 9 વર્ષમાં મેં એક એવું કામ કર્યું છે; જો તમે આંકડો સાંભળો છો, તો તમને લાગશે કે મોદી એવું કામ કરે છે, એટલે કે લગભગ 10 કરોડ લોકો એવા લોકો હતા જે ખોટો લાભ ઉઠાવી રહ્યા હતા તેમને મેં રોકી દીધા છે.
- 10 કરોડ ગેરરીતિઓ ચાલતી હતી, તેને રોકવાનું પવિત્ર કામ કર્યું છે, ભ્રષ્ટાચારીઓની સંપત્તિને અમે જે રીતે જપ્ત કરી છે, તે પહેલાંની સરખામણીએ 20 ગણી વધારે છે.
- મારે ભ્રષ્ટાચાર સામેની લડાઈને આગળ વધારવી છે. અમારી સરકારી વ્યવસ્થામાં પહેલાં તો કૅમેરાની સામે કંઈક થઈ જતું હતું, પરંતુ પછી વાત અટકી જતી હતી. અમે પહેલાં કરતાં અનેક ગણી વધુ ચાર્જશીટ અદાલતમાં કરી છે અને હવે જામીન પણ નથી મળતા, એવી પાક્કી વ્યવસ્થા સાથે અમે આગળ વધી રહ્યા છીએ, કારણ કે અમે પ્રામાણિકતાથી ભ્રષ્ટાચાર સામે લડી રહ્યા છીએ.
- જો દેશને વિકાસ જોઈતો હોય, દેશને 2047માં વિકસિત ભારતનું સપનું પૂરું કરવું હોય, તો આપણા માટે જરૂરી છે કે આપણે કોઈ પણ સંજોગોમાં દેશમાં ભ્રષ્ટાચાર સહન ન કરીએ, આપણે મનમાં આ નિર્ધાર સાથે જ આગળ વધવું પડશે.

## 2. પરિવારવાદની વિકૃતિથી મુક્તિ

- પરિવારવાદે આપણા દેશને અંદરથી કોરી ખાધો છે. આ પરિવારવાદે જે રીતે દેશને સકંજામાં લઈ લીધો છે કે, તેણે દેશના લોકોના અધિકારો પણ છીનવી લીધા છે અને ત્રીજું દૂષણ છે તુષ્ટિકરણનું. આ તુષ્ટિકરણમાં પણ દેશની મૂળભૂત વિચારસરણી, દેશના સર્વસમાવેશી આપણા રાષ્ટ્રીય ચરિત્રને ડાઘ લાગ્યો છે. આ લોકોએ બધુ ખેદાન-મેદાન કરી નાખ્યું છે.
- આજે પરિવારવાદ અને તુષ્ટિકરણે દેશનું ખૂબ જ મોટું દુર્ભાગ્ય કર્યું છે. હવે લોકશાહીમાં એવું કઈ રીતે થઈ શકે તે રાજકીય પક્ષ, અને હું ખાસ ભાર મૂકીને કહું છુ કે, રાજકીય પક્ષ, આજે મારા દેશની લોકશાહીમાં એવી વિકૃતિ આવી છે જે ક્યારેય ભારતની લોકશાહીને મજબૂત કરી શકે તેમ નથી અને તે બીમારીનું નામ છે પરિવારવાદી પક્ષો. અને તેમનો મંત્ર એક જ છે, પરિવારનો, પક્ષ, પરિવાર માટે પક્ષ, પરિવાર દ્વારા પક્ષ.
- તેમનો તો જીવનમંત્ર જ તેમનો રાજકીય પક્ષ છે, તેમનું રાજકીય દળ પરિવારનું, પરિવાર દ્વારા અને પરિવાર માટે છે. પરિવારવાદ અને ભાઈ-ભત્રીજાવાદ પ્રતિભાના દુશ્મન હોય છે, યોગ્યતાઓને નકારે છે, સામર્થ્યને સ્વીકારતા નથી. અને તેથી, આ દેશની લોકશાહીની મજબૂતાઈ માટે, પરિવારવાદમાંથી મુક્તિ મેળવવી જરૂરી છે.



# ભ્રષ્ટાચાર, પરિવારવાદ અને તુષ્ટિકરણનો પડકાર

## 3. તુષ્ટિકરણથી મુક્તિ

- સર્વજન હિતાય સર્વજન સુખાય, દરેકને અધિકાર મળવો જોઈએ, તેના માટે સામાજિક ન્યાય માટે પણ તે ખૂબ જ જરૂરી છે, તેવી જ રીતે તુષ્ટિકરણ છે, તુષ્ટિકરણે સામાજિક ન્યાયને સૌથી વધુ નુકસાન કર્યું છે. જો કોઈએ સામાજિક ન્યાયનો નાશ કર્યો છે, તો તેના માટે આ તુષ્ટિકરણની વિચારસરણી જવાબદાર છે, તુષ્ટિકરણની રાજનીતિ, તુષ્ટિકરણ કરવા માટેની સરકારી યોજનાઓની રીતો, આ બધાએ સામાજિક ન્યાયને મોતને ઘાટ ઉતારી દીધો છે. અને તેથી જ તુષ્ટિકરણ, ભ્રષ્ટાચાર એ વિકાસના સૌથી મોટા દુશ્મન છે.
- મારા પ્રિય દેશવાદીઓ, આપણા ગરીબો હોય, દલિતો હોય, પછાત વર્ગ હોય, પસમંદા હોય, આપણા આદિવાસી ભાઈ-બહેનો હોય, આપણી માતા હોય કે બહેનો હોય, આપણે સૌએ તેમના હક માટે આ ત્રણેય દુષણોમાંથી મુક્તિ મેળવવાની છે.

## અમૃતકાળઃ ભારત માતા માટે કંઈક કરી બતાવાનો એક કર્તવ્યકાળ


- મારા પ્રિય પરિવારજનો, આપણા બધાની ફરજ છે, દરેક નાગરિકની ફરજ છે અને આ અમૃતકાળ કર્તવ્યકાળ છે. આપણે આપણી ફરજમાંથી પાછળ હટી શકીએ નહીં, આપણે એ ભારતનું નિર્માણ કરવાનું છે જેનું સપનું પૂજ્ય બાપુનું હતું, આપણે એવા ભારતનું નિર્માણ કરવાનું છે જે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓનું સપનું હતું, આપણે એવું ભારત બનાવવું છે જેનું સપનું આપણા વીર શહીદોનું હતું, આપણી વીરાંગનાઓનું હતું જેમણે માતૃભૂમિ માટે પોતાના જીવનનું બલિદાન આપી દીધું હતું.
- મને પૂરો વિશ્વાસ છે કે, આપણા પૂર્વજોએ આઝાદી માટે જે જંગ લડ્યા હતા, તેમણે જે સપનાં જોયાં હતાં, તે સપનાં આપણી સાથે જ છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં બલિદાન આપનારાઓના આશીર્વાદ આપણી સાથે છે અને 140 કરોડ દેશવાસીઓ માટે આ અવસર આપણા માટે મોટી તાકાત લઈને આવ્યો છે.
- આજે જ્યારે હું તમારી સાથે અમૃતકાળમાં વાત કરી રહ્યો છું, ત્યારે આ અમૃતકાળનું પ્રથમ વર્ષ છે, આ અમૃતકાળના આ પ્રથમ વર્ષમાં જ્યારે હું તમારી સાથે વાત કરી રહ્યો છું, ત્યારે હું તમને પૂરા વિશ્વાસ સાથે કહેવા માંગુ છું કે - ફરતું રહેતું સમયનું ચક્ર, અમૃતકાળનું ભાલચક્ર, સૌના સપના, આપણા સપના, ખીલે સૌના સપના, ધીર ચાલે, વીર ચાલે, ચાલે આપણા યુવાનો, નીતિ સાચી, રીત નવી, ગતિ સાચી, માર્ગ નવો, સામી છાતીએ પડકાર ઝીલો, જગમાં દેશનું નામ ઉજાળો.
- 140 કરોડ દેશવાસીઓના સપનાં અને સંકલ્પોને પણ સાકાર કરવાના છે અને 2047માં જ્યારે તિરંગો ઝંડો ફરકાવવામાં આવશે ત્યારે વિશ્વ એક વિકસિત ભારતના ગુણગાન ગાશે. આ વિશ્વાસ સાથે, આ સંકલ્પ સાથે, આપ સૌને અનેક-અનેક શુભેચ્છાઓ પાઠવું છું. જય હિન્દ, ભારત માતા કી જય, વંદે માતરમ્, વંદે માતરમ્, વંદે માતરમ્!

**આ અમૃતકાળ આપણા સૌના માટે ભારત માતા માટે કંઈક કરી બતાવવાનો સમય છે. આ કાળખંડમાં આપણે જેટલાં પગલાં લઈશું, જેટલા વધુ ત્યાગ અને તપસ્યા કરીશું. સર્વજન હિતાય, સર્વજન સુખાય, એક પછી એક નિર્ણયો લઈશું, આવનારા એક હજાર વર્ષનો દેશનો સ્વર્ણિમ ઈતિહાસ તેમાંથી અંકુરિત થવાનો છે. આ કાળખંડની ઘટનાઓ આગામી એક હજાર વર્ષ સુધી તેની અસર ઊભી કરશે.**



# ‘સામી છાતીએ પડકાર ઝીલો, જગમાં દેશનું નામ ઉજાળો’

**એક ભાવુક લેખક, કવિ અને સંસ્કૃતિ પ્રેમી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વ્યક્તિત્વને રાજનીતિ સિવાયના કેટલાક પાસાઓ પરથી પણ જોઈ શકાય છે. તેમણે લાલ કિલ્લાની પ્રાચીર પરથી ઘણી વખત વિષયોની વાસ્તવિકતા અને ઊંડાણને કવિના રૂપમાં રજૂ કર્યા છે. આ વખતે, લાલ કિલ્લા પરથી તેમના 10મા સંબોધનમાં, તેમણે સ્વતંત્રતાનો સંદેશ આપ્યો અને અમૃતકાળ માટેના લક્ષ્યો અને સંકલ્પો બતાવ્યા**



આજે જ્યારે હું તમારી સાથે અમૃતકાળમાં વાત કરી રહ્યો છું, આ અમૃતકાળનું પ્રથમ વર્ષ છે, જ્યારે હું અમૃતકાળના આ પ્રથમ વર્ષ પર તમારી સાથે વાત કરી રહ્યો છું, ત્યારે હું તમને પૂરા વિશ્વાસ સાથે કહેવા માંગુ છું-

*ફરતું રહેતું સમયનું ચક્ર,*
*અમૃતકાળનું ભાલચક્ર,*
*સૌના સપના, આપણા સપના,*
*ખીલે સૌના સપના, ધીર ચાલે,*
*વીર ચાલે, ચાલે આપણા યુવાનો,*
*નીતિ સાચી, રીત નવી,*
*ગતિ સાચી, માર્ગ નવો,*
*સામી છાતીએ પડકાર ઝીલો,*
*જગમાં દેશનું નામ ઉજાળો.”*

# 2018માં પ્રધાનમંત્રી મોદીએ આ કવિતા દ્વારા લાલ કિલ્લાની પ્રાચીર પરથી સંદેશ આપ્યો હતો

ભાઈઓ-બહેનો, વેદોથી લઈને આજ સુધી આપણે વિશ્વના પ્રાચીન વારસાથી સમૃદ્ધ છીએ. આપણા પર આ વારસાના આશીર્વાદ છે. એ વારસો જે આપણા આત્મવિશ્વાસને કારણે છે. તેને ધ્યાનમાં રાખીને આપણે ભવિષ્યમાં આગળ વધવા માંગીએ છીએ. મારા વ્હાલા દેશવાસીઓ, આપણે માત્ર ભવિષ્ય પર ધ્યાન આપીને આગળ નથી વધવા માંગતા, પરંતુ ભવિષ્યના શિખરનું સપનું રાખીને આપણે આગળ વધવા માંગીએ છીએ અને એટલા માટે મારા વ્હાલા દેશવાસીઓ, હું તમને એક નવી આશા, એક નવો ઉમંગ, એક નવો વિશ્વાસ આપું છું, દેશ તેના પર ચાલે છે, દેશ તેનાથી જ બદલાય છે અને તેથી જ મારા પ્રિય દેશવાસીઓ...

*આપણા મનમાં એક લક્ષ્ય રાખીને,*
*આપણા મનમાં એક લક્ષ્ય રાખીને,*
*મંઝીલ આપણી સામે રાખીને,*
*આપણા મનમાં એક લક્ષ્ય રાખીને,*
*મંઝીલ આપણી સામે રાખીને, આપણે બેડીઓ તોડી રહ્યા છીએ,*
*આપણે બેડીઓ તોડી રહ્યા છીએ, આપણે તસવીર બદલી રહ્યા છીએ,*
*આ નવો યુગ છે, આ નવો યુગ છે*
*આ નવું ભારત છે, આ નવો યુગ છે,*
*આ નવું ભારત છે.*
*"આપણે આપણું ભાગ્ય જાતે લખીશું, આપણે તસવીર બદલી રહ્યા છીએ,*
*આપણે આપણું ભાગ્ય જાતે લખીશું, આ નવો યુગ છે, નવું ભારત છે,*
*અમે પ્રયાણ કરી લીધું છે, આપણે સંકલ્પ સાથે પ્રયાણ કર્યું છે,*
*આપણે સંકલ્પ સાથે પ્રયાણ કર્યું છે, આપણું તન-મન અર્પણ કરીને,*
*આપણું તન-મન અર્પણ કરીને, જીદ છે, જીદ છે, જીદ છે,*
*એક સૂરજ ઊગાડવો છે, જીદ છે એક સૂરજ ઊગાડવો છે,*
*મારે આકાશથી ઊંચે જવું છે, મારે આકાશી ઊંચે જવું છે,*
*એક ભારત નવું બનાવવું છે, એક ભારત નવું બનાવવું છે."*



# 2021ના સ્વતંત્રતા દિવસના ભાષણમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું

21મી સદીમાં ભારતનાં સપનાં અને આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં આપણને કંઈ રોકી શકશે નહીં. આપણી શક્તિ એ આપણું જીવનશક્તિ છે, આપણી શક્તિ એ આપણી એકતા છે, આપણી પ્રાણશક્તિ એ રાષ્ટ્ર પ્રથમ છે - હંમેશા પ્રથમની ભાવના છે. આ સમય છે એક સહિયારું સપનું જોવાનો, આ સમય છે એક સહિયારો સંકલ્પ લેવાનો, આ સમય છે સહિયારો પ્રયાસ કરવાનો... અને આ સમય છે વિજય તરફ કૂચ કરવાનો.

*અને એટલા માટે હું ફરી કહું છું -*
*આ જ સમય છે, આ જ સમય છે,*
*યોગ્ય સમય છે, ભારતનો અનમોલ સમય છે.*
*આ જ સમય છે.. યોગ્ય સમય છે! ભારતનો અનમોલ સમય છે!*
*અસંખ્ય ભુજાઓની શક્તિ છે,*
*અસંખ્ય ભુજાઓની શક્તિ છે, ચારે તરફ દેશની ભક્તિ છે!*
*અસંખ્ય ભુજાઓની શક્તિ છે, ચારે તરફ દેશની ભક્તિ છે!*
*તમે ઉઠો તિરંગો લહેરાવી દો, તમે ઉઠો તિરંગો લહેરાવી દો,*
*ભારતના ભાગ્યને ફરકાવી દો, ભારતના ભાગ્યને ફરકાવી દો!*
*આ જ સમય છે, યોગ્ય સમય છે! ભારતનો અનમોલ સમય છે!*
*કઈં પણ એવું નથી..*
*કઈં પણ એવું નથી, જે ના કરી શકો,*
*કઈં પણ એવું નથી, જે ના મેળવી શકો,*
*તમે ઊભા થઈ જાવ.. તમે ઊભા થઈ જાવ, તમે લાગી જાવ,*
*તમારા સામર્થ્યને ઓળખો.. તમારા સામર્થ્યને ઓળખો..*
*તમારા કર્તવ્યને બધા જાણો.. તમારા કર્તવ્યને બધા જાણો..*
*આ જ સમય છે, યોગ્ય સમય છે! ભારતનો અનમોલ સમય છે!*




**508 રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ**


# રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી નવા યુગનો શુભારંભ

**એક સમય એવો હતો કે જ્યારે રેલવેમાં મુસાફરી કરવાની વાતો થતી હતી, ત્યારે સ્ટેશન પર વધુ પડતી ભીડ-ગીચતા, પરેશાની, સુવિધાના અભાવથી માંડીને પ્રવાસ માટે કેટલાય કલાકો અગાઉ સ્ટેશને પહોંચવાની મજબૂરી હતી, પરંતુ હવે સમય બદલાયો, દેશનું નેતૃત્વ બદલાયું છે, નવો વિચાર અને નીતિ સાથે કામ કરવાની રીત પણ બદલાઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી વિચારસરણી અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણના કારણે રેલવે સ્ટેશનો પર પણ એરપોર્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ ક્રમમાં, 6 ઑગસ્ટના રોજ, પ્રધાનમંત્રી મોદીએ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ 508 રેલવે સ્ટેશનોના પુનર્વિકાસ માટે શિલાન્યાસ કર્યો...**

અમૃતકાળ હવે ભારતના નવનિર્માણનું અમૃત બની રહ્યો છે. ઈતિહાસમાં પ્રથમ વખત 500થી વધુ રેલવે સ્ટેશનોને અત્યાધુનિક બનાવવાનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. ગાંધીનગરના કેપિટલ રેલવે સ્ટેશન, ભોપાલના રાણી કમલાપતિ સ્ટેશન અને બેંગલુરુના સર એમ. વિશ્વેશ્વરૈયા રેલવે સ્ટેશનના પુનર્વિકાસ બાદ હવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના 27 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 508 રેલવે સ્ટેશનોના પુનર્વિકાસ માટે શિલાન્યાસ કર્યો છે. આ સ્ટેશનોને 'અમૃત ભારત સ્ટેશન' યોજનામાં ચિહ્નિત કરાયેલ દેશના 1,309 મુખ્ય રેલવે સ્ટેશનોમાં સામેલ કરવામાં આવ્યા છે, જેને આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ 508 રેલવે સ્ટેશનોના પુનર્વિકાસ પર આશરે રૂ. 25,000 કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસથી માત્ર રેલવેની કાયાપલટ નહીં થાય પરંતુ રેલવેના નવા યુગની શરૂઆત થશે અને તે શહેરનો પણ વિકાસ થશે. તમામ અમૃત સ્ટેશનોનો પુનર્વિકાસ હરિત માપદંડોને અનુરૂપ થશે.

> આજે ભારતમાં આધુનિક ટ્રેનોની સંખ્યા ઝડપથી વધી રહી છે. આજે દેશનું ધ્યેય એ છે કે, રેલવે યાત્રા દરેક મુસાફર માટે સુલભની સાથે સાથે આનંદપ્રદ પણ હોવી જોઈએ. પ્લેટફોર્મ પર બેસવા માટે સારી સીટો, સરસ વેઈટિંગ રૂમ બનાવવામાં આવી રહ્યા છે, ફ્રી વાઈ-ફાઈની સુવિધા આપવામાં આવી રહી છે. હવે તમને ટ્રેનથી સ્ટેશન સુધી વધુ સારો અનુભવ આપવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## હવે રેલવે સ્ટેશન પર એરપોર્ટ જેવી સુવિધાઓ






## આધુનિક અને અનુકૂળ થઈ રહેલી રેલવે

- 10,000થી વધુ રેલવે ઓવરબ્રિજ અને અંડરબ્રિજ બનાવવામાં આવ્યા, 2014 પહેલાં આ સંખ્યા 6,000 હતી.
- 100 ટકા રેલ લાઈન વિદ્યુતીકરણનો લક્ષ્યાંક ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે.
- છેલ્લાં નવ વર્ષમાં સોલાર પેનલથી વીજળી ઉત્પન્ન કરનારા સ્ટેશનોની સંખ્યા વધીને 1,200 કરતાં પણ વધુ થઈ ગઈ છે.
- છેલ્લાં કેટલાક વર્ષોમાં 70,000 કોચમાં LED લાઈટ લગાવવામાં આવી છે.
- 2030 સુધીમાં, ભારતનું રેલવે નેટવર્ક નેટ ઝીરો ઉત્સર્જન પર ચાલશે.
- રેલવેનું બજેટ હવે 2.40 લાખ કરોડ રૂપિયા છે, જે વર્ષ 2014માં 65 હજાર કરોડ રૂપિયા હતું.
- પ્રારંભિક તબક્કામાં આવરી લેવામાં આવેલા 508 રેલવે સ્ટેશનોના પુનર્વિકાસમાં રૂ. 24,470 કરોડથી વધુનો ખર્ચ થશે.





પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે, દેશે આઝાદીના અમૃતકાળમાં પોતાના વારસા પર ગૌરવ કરવાનો સંકલ્પ કર્યો છે. આ અમૃત ભારત સ્ટેશનો, ભારતના સાંસ્કૃતિક અને સ્થાનિક વારસાની ઝલક આપશે. જયપુરના રેલવે સ્ટેશન પર રાજસ્થાનના હવામહેલ અને આમેર કિલ્લાની ઝલક જોવા મળશે. જમ્મુ-કાશ્મીરનું જમ્મુ તાવી રેલવે સ્ટેશન પ્રસિદ્ધ રઘુનાથ મંદિરથી પ્રેરિત હશે અને નાગાલેન્ડનું દીમાપુર સ્ટેશન આ પ્રદેશની 16 વિવિધ જનજાતિઓના સ્થાનિક સ્થાપત્યને પ્રદર્શિત કરશે. દરેક રેલવે સ્ટેશન પ્રાચીન વારસાની સાથે સાથે દેશની આધુનિક આકાંક્ષાઓનું પણ પ્રતિક હશે. આ રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ કરવાથી દેશમાં વિકાસ માટે એક નવો માહોલ બનશે કારણ કે તે મુલાકાતીઓમાં સારી છાપ ઉભી કરશે. અપગ્રેડ કરવામાં આવેલા સ્ટેશનો માત્ર પ્રવાસનને જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ આપશે. 'વન સ્ટેશન, વન પ્રોડક્ટ' યોજના કારીગરોને મદદ કરશે અને જિલ્લાના બ્રાન્ડિંગમાં પણ મદદરૂપ થશે.

દેશના આર્થિક વિકાસને વેગ આપવામાં રેલવેની મહત્વની ભૂમિકા છે. રેલવેમાં વિક્રમી રોકાણ થયું છે. રેલવેને આ વર્ષે રૂ. 2.4 લાખ કરોડથી વધુનું બજેટ મળ્યું છે, જે 2014ની સરખામણીએ પાંચ ગણું વધારે છે. છેલ્લાં નવ વર્ષમાં લોકોમોટિવ અને ઉત્પાદનમાં 9 ગણો વધારો થયો છે. હવે 13 ગણા વધુ HLB કોચ બનાવવામાં આવી રહ્યા છે. પૂર્વોત્તરમાં રેલવેના વિસ્તરણ અંગે પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, લાઈનોના ડબલિંગની કામગીરી, ગેજ રૂપાંતરણ, વિદ્યુતીકરણ અને નવા રૂટ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં જ પૂર્વોત્તરના તમામ રાજ્યોના પાટનગરોને રેલવે નેટવર્કથી જોડી દેવામાં આવશે. છેલ્લાં નવ વર્ષમાં, 2,200 કિમીથી વધુ સમર્પિત ફ્રેટ કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેના કારણે માલગાડીનો મુસાફરીનો સમય ઘટી ગયો છે. હવે દિલ્હી-NCRથી માલ 24 કલાકમાં પશ્ચિમ બંદરો પર પહોંચે છે, જે પહેલાં 72 કલાક લેતો હતો. અન્ય રૂટ પર પણ સમયમાં 40 ટકાનો ઘટાડો થયો છે, જેના કારણે ઉદ્યમીઓ, વેપારીઓ અને ખેડૂતોને મહત્તમ લાભ મળી રહ્યો છે. છેલ્લાં નવ વર્ષમાં દેશમાં બિછાવેલા રેલવે ટ્રેકની લંબાઈ દક્ષિણ આફ્રિકા, યુક્રેન, પોલેન્ડ, બ્રિટન અને સ્વીડનનું કુળ મળીને જેટલું રેલવે નેટવર્ક છે તેના કરતાં પણ વધુ છે. ●


હૈદરાબાદમાં આવેલી રાષ્ટ્રીય મત્સ્ય વિકાસ બોર્ડની (NDDB) ઈમારત

# સુધારા અને પરિવર્તનોથી ઉછળતી- કૂદતી મત્સ્યકૃષિ

કર્ણાટકના બેંગલુરુ અર્બનના આર. આર. નગર ગામના રહેવાસી ચેતન રાજે ફાઈનાન્સમાં MBA કર્યું છે અને ઈન્ટિરિયર ડિઝાઈનર છે. શહેરમાં માછલીની વધુ માંગ અને વર્તમાન કેન્દ્ર સરકારની યોજનાઓએ તેમને એક્વાકલ્ચર (જળકૃષિ) વ્યવસાય શરૂ કરવાની પ્રેરણા આપી. શરૂઆતમાં નાનાપાયે ઝીંગા ઉછેરવાનું શરૂ કર્યું અને પછી તિલાપિયા માછલીના સંવર્ધનમાં તેમને સફળતા મળી. વર્ષ 2020-21માં, PMMSYની સહાયથી, મીઠા પાણીના બાયોફ્લોક તળાવો અને મરેલ કલ્ચર તળાવોનું નિર્માણ કરાવ્યું. આ યોજના પાછળ રૂ. 28 લાખનો ખર્ચ કર્યો હતો, જેમાંથી રૂ. 11.20 લાખની નાણાકીય સહાય મળી હતી. તેમણે 5 લોકોને રોજગારી પણ આપી હતી. પહેલાંના સમયમાં તેઓ દર મહિને 60 હજાર રૂપિયા કમાતા હતા, હવે તેને દર મહિને 1.20 લાખ રૂપિયા મળે છે.


હરિયાણાના સિરસામાં રાજસ્થાન સરહદને અડીને આવેલા ગામમાં ખારા પાણીનું સ્તર વધવાને કારણે જમીન બિન-ઉપજાઉ બનવા લાગી હતી. PMMSYના સહયોગથી, ત્યાંના ખેડૂતોએ ખારા પાણીમાં ઝીંગા માછલીનો ઉછેર કરવાનું શરૂ કર્યું. મત્સ્ય પાલક સુમિત્રા કહે છે કે, તેણે 2021માં ઝીંગા ઉછેરનું કામ શરૂ કર્યું હતું. ચેન્નાઈથી ત્રણ લાખ મત્સ્યબીજ લાવ્યા હતા. આમ તો, તેને 120 દિવસનો સમય લાગે છે, પરંતુ માત્ર 106 દિવસ બાદ જ 25 લાખ રૂપિયાના ઝીંગા વેચાયા અને તરત જ ખાતામાં પૈસા આવી ગયા. 2022માં સુમિત્રાએ અઢી એકરને બદલે પાંચ એકરમાં ઝીંગા પાલનનું કામ કર્યું હતું. કહેવાય છે કે આમાં નુકસાનની સંભાવના ઘણી ઓછી હોય છે, તેથી મત્સ્ય પાલકોની સંખ્યા વધી રહી છે.

## યોજના હેઠળ 2024-2025માં આ મોટા લક્ષ્યો પૂરાં થશે

- માછલીનું ઉત્પાદન 2018-2019માં 13.75 મિલિયન મેટ્રિક ટન હતું તે વધારીને 2024-2025માં 22 મિલિયન મેટ્રિક ટન કરવું.
- માછલીની ઉત્પાદકતા પ્રતિ હેક્ટર 3 ટનથી વધારીને 5 ટન સુધી કરવી.
- 2024-2025 સુધીમાં 1 લાખ કરોડ રૂપિયાની માછલીની નિકાસ કરવી.
- માછલીના ઉત્પાદન પછી થતું નુકસાન 20-25% થી ઘટાડીને 10% સુધી સીમિત કરવું.
- વ્યક્તિ દીઠ માછલીનો વપરાશ 5 કિલોથી વધારીને 12 કિલો સુધીનો કરવો.



### આ રીતે દેશમાં માછલીનું ઉત્પાદન વધ્યું




છેલ્લાં 9 વર્ષમાં ભારતના મત્સ્ય ઉત્પાદનમાં લગભગ 7.58 મિલિયન મેટ્રિક ટનનો વધારો થયો છે.

> આઝાદી પછી આ ક્ષેત્રમાં જેટલું રોકાણ કરવામાં આવ્યું છે તેનાથી અનેકગણું વધારે રોકાણ પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનામાં કરવામાં આવી રહ્યું છે. સાથે બ્લુ રિવોલ્યુશન યોજના ચલાવી રહ્યા છીએ. આ પ્રયાસોનું જ પરિણામ છે કે, દેશમાં માછલી ઉત્પાદનના તમામ વિક્રમો તૂટી ગયા છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## PMMSYની મદદથી જીવન અને આજીવિકાની સુરક્ષા

- 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ યોજનામાં સમાવી લેવાયા છે.
- માછીમારોને લીન સીઝન (નબળી સીઝન)માં 1,500 રૂપિયાની માસિક સહાય વધુમાં વધુ 3 મહિના માટે આપવામાં આવે છે.
- નાણાકીય વર્ષ 2022-23માં 6.77 લાખ માછીમાર પરિવારોને આજીવિકા અને પોષણ સહાય આપવામાં આવી હતી.
- પ્રથમ વખત મત્સ્યપાલક ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં લગભગ 88,000 કિસાન કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા છે અને 1,060 કરોડ રૂપિયાની લોન મંજૂર કરવામાં આવી છે.
- માછીમારો માટે રૂ. 5 લાખનું જૂથ વીમા કવરેજ, બે વર્ષમાં 27.51 લાખ માછીમારોનો વીમો કરવામાં આવ્યો.

**નાણાકીય વર્ષ 2023-24માં PMMSYની પેટા યોજના પણ 6,000 કરોડ રૂપિયાના ખર્ચ સાથે શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ પેટા યોજનાનો ઉદ્દેશ્ય એક્વાકલ્ચર પ્રણાલી સાથે સંકળાયેલા જોખમોનો ઉકેલ લાવવામાં મદદ કરવાનો છે.**

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) એ કર્ણાટકના ચેતન રાજ, પંજાબની સુમિત્રા, ઉત્તરપ્રદેશના રામપુરના રઘુવીરસિંહ અથવા હિમાચલ પ્રદેશમાં સોલન જિલ્લાના અમૃત લાલ સહિત સમગ્ર દેશમાં જળચરઉછેર અને મત્સ્યઉદ્યોગ સાથે સંકળાયેલા લાખો લોકોની આર્થિક સ્થિતિને મજબૂત કરી છે. સિરસાના ખેડૂતોએ બિન-ઉપજાઉ જમીન પર ઝીંગાનો ઉછેર શરૂ કર્યો છે. આ કામગીરી તેમનો આર્થિક આધાર મજબૂત કરી રહી છે. પંજાબમાં 50% ઝીંગા પાલન માત્ર સિરસામાં જ થાય છે. તેલંગાણા અને પશ્ચિમ બંગાળ સિરસાથી સફેદ ઝીંગા ખરીદીને ચીનમાં નિકાસ કરી રહ્યા છે. આ માછલી ઉત્પાદકોમાં મોટાભાગની મહિલાઓ છે. આ યોજના મત્સ્યપાલન કરતા ખેડૂતોને આત્મનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. સિરસાના ખેડૂતોની પ્રશંસા કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આ પ્રયાસ જ્યાં પીએમ મત્સ્ય સંપદા યોજનાના લાભો બહાર લાવે છે, તો સાથે જ મહિલા સશક્તિકરણનું પણ પ્રતીક છે. વિશ્વમાં ઝીંગાનો સૌથી મોટો ઉત્પાદક અને વિશ્વનો ત્રીજો સૌથી

## PMMSYમાં શું-શું થયું?

**14,687** હેક્ટર અંતર્દેશીય તળાવ ક્ષેત્રમાં જળ કૃષિ.

**6,241** ફુટકર માછલી માર્કેટ અને કિયોસ્કની શરૂઆત.

**468** જહાજને મંજૂરી આપી, ઊંડા સમુદ્રમાં માછલી પકડવા માટે, ખરીદી શરૂ.

**16** લાખ અંદાજિત લાભાર્થી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે.

**6.77** લાખ માછીમાર પરિવારોને માછલી પકડવા પર પ્રતિબંધની મુદતમાં સહાયતા.

**5,000** વાહનની વ્યવસ્થા માછલીની હેરફેર માટે કરવામાં આવી.

**5,475** માછીમારીની હોડીઓ બદલવામાં આવી.


**1,945** સજાવટી મત્સ્યપાલન એકમો શરૂ કરાયા.

**429** કોલ્ડ સ્ટોરેજ.

**68** લાખ રોજગાર સર્જનની પરિકલ્પના 2024-25 સુધીમાં.

**14,683** કરોડ રૂપિયાનો પ્રસ્તાવ 2 ઑગસ્ટ 2023 સુધીમાં મંજૂર.

**ભારતીય જળસીમામાં ઉપલબ્ધ દરિયાઇ માછલીના સ્ટોકનો 2022નો અભ્યાસ દર્શાવે છે કે, 135 માછલીના સ્ટોકમાંથી, ઉપલબ્ધતા 91% કરતા વધુ ઉપલબ્ધ છે.**



મોટો માછલી ઉત્પાદક દેશ ભારતછે જેમાં લગભગ 2.8 કરોડ લોકો માછલી ક્ષેત્ર પર નિર્ભર છે. 2014માં જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશનું નેતૃત્વ સંભાળ્યું ત્યારે તેમણે ખેડૂતોની આવક બમણી કરવાનો સંકલ્પ લીધો હતો. દેશમાં હરિત અને શ્વેત ક્રાંતિ પછી પ્રથમ વખત, ખેડૂતોની આવક વધારવા માટે બ્લુ રિવોલ્યુશનનો સમાવેશ કરીને 10 સપ્ટેમ્બર 2020ના રોજ PMMSY શરૂ કરવામાં આવી હતી. આ યોજના પર 2024-25 સુધી 20.50 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. PMMSY દ્વારા મત્સ્યપાલન ક્ષેત્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવામાં આવી રહ્યું છે. નવી તકો વધવાની સાથે નફાની સંભાવના પણ વધી છે. આ યોજનામાં નવી ટેકનોલોજી અને નવી પદ્ધતિઓ (RAS, બાયોફ્લોક અને કેજ કલ્ચર)ને કારણે માછલીની ઉત્પાદકતા સતત વધી રહી છે. આ યોજના હેઠળ મત્સ્યપાલન કરતા ખેડૂતો અને વેપારી લોકોની સુરક્ષા માટે વીમો, મત્સ્ય ઉદ્યોગને લગતા જહાજોનો વીમો અને સુશોભન માટેની માછલીઓના ઉછેર તેમજ દરિયાઈ ઉપજ વ્યવસાયથી મહિલાઓનું સશક્તિકરણ થઈ રહ્યું છે.

આઝાદી પછીથી 2014 સુધીમાં આ ક્ષેત્રમાં માત્ર 3,682 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હતું. જ્યારે, વર્ષ 2014 થી 2024-2025 સુધીમાં, PMMSY, બ્લુ રિવોલ્યુશન યોજના અને ફિશરીઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટ ફંડ સહિત 30,572 કરોડ રૂપિયાની બજેટ જોગવાઈની મદદથી, માછલી ઉછેરતા ખેડૂતોની મદદ કરીને તેમની આવક વધારવાનું કામ ચાલી રહ્યું છે. PMMSY હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં જ 14,655 કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, જેમાં 16 લાખથી વધુ લાભાર્થીઓ છે. મત્સ્ય ઉત્પાદનનો અસરકારક વૃદ્ધિ દર 9%થી ઉપર ચાલી રહ્યો છે.

ભારત સરકારે 2018-19માં આશરે રૂ. 7,522 કરોડ સાથે ફિશરીઝ અને એક્વાકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડની રચના કરી હતી, જેમાંથી આશરે રૂ. 5,589 કરોડના માળખાકીય સુવિધાઓને લગતા વિવિધ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. મત્સ્ય ઉછેર અને એક્વાકલ્ચર માટેનો હાલનું ક્ષેત્ર અને વિશાળ સંભાવનાઓથી સમૃદ્ધ વ્યવસ્થાના પ્રભાવના કારણે જ સી-ફૂડની નિકાસ 2020-2021માં 1.15 મિલિયન મેટ્રિક ટન હતી તે 2021-2022માં વધીને 1.51 મિલિયન મેટ્રિક ટન સુધી પહોંચી ગઈ છે. ભારત વિશ્વના 112 દેશોમાં સી-ફૂડની નિકાસ કરે છે અને વિશ્વમાં સી-ફૂડનો ચોથો સૌથી મોટો નિકાસકાર છે. ભારત 125 દેશોમાં ઝીંગા માછલીની નિકાસ કરે છે. ●




# બેંકિંગ સેવાઓ સાથે જોડાતો દરેક વર્ગ, ઘરે બેઠા બેંકિંગ ટ્રાન્ઝેક્શનની સુવિધા

દેશના અંતિમ છેડે બેઠેલી વ્યક્તિ પણ નાણાકીય સમાવેશમાં સામેલ હોય, તે વ્યક્તિ બેંક સાથે જોડાયેલી હોય, તેનો સૌથી મજબૂત આધાર બેંક ખાતું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2014માં ગ્રામીણ અને સૌથી નીચલા સ્તરે બેઠેલા લોકોને જોડવા માટે પ્રધાનમંત્રી જન-ધન યોજના શરૂ કરી હતી. 1 સપ્ટેમ્બર 2018ના રોજ પોસ્ટ ઓફિસના વિશાળ નેટવર્ક સાથે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB) શરૂ કરવામાં આવી હતી જેથી કરીને દૂરના વિસ્તારોમાં રહેતા લોકોના ઘર સુધી બેંકિંગ પહોંચાડી શકાય. આ યોજનામાં 5 વર્ષમાં 6 કરોડ ગ્રાહકો ઉમેરવામાં આવ્યા, જેના કારણે ગ્રામીણ સ્તરે ઘરે બેઠા બેંકિંગ ટ્રાન્ઝેક્શનની સુવિધા અને ઈઝ ઓફ લિવિંગને વેગ મળ્યો...

> "ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક એ માત્ર એક બેંક નથી, પરંતુ તે આર્થિક સાક્ષરતા દ્વારા નાણાકીય સમાવેશના લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં દેશની સૌથી મોટી પહેલ છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી.**

### ઘરની નજીક બેંકિંગ સુવિધાનો લાભ

E-KYC આધારિત પેપરલેસ સુવિધા ડિજિટલ નિરક્ષર અથવા ભણેલા ન હોય તેવા લોકોને પણ બાયોમેટ્રિક્સ અને આધારનો ઉપયોગ કરીને બેંકિંગ સિસ્ટમની સુવિધા સુધી પહોંચવામાં સમર્થ બનાવે છે. તમે તમારું ખાતું ખોલી શકો છો, ટ્રાન્ઝેક્શન કરી શકો છો. કોઈપણ ફરિયાદ અથવા આશંકાના કિસ્સામાં, તમે નજીકની પોસ્ટ ઓફિસમાં જઈને ઉકેલ મેળવી શકો છો.

*કટક-ઓડિશાના સાગડાઈલો ગામના રહેવાસી બિજય કહે છે કે, "પહેલાં બેંકમાં પૈસા જમા કરવા કે ઉપાડવા માટે 20-30 કિલોમીટર દૂર સુધી જવું પડતું હતું. હવે સરકારે પોસ્ટ ઓફિસમાં જ બેંક બનાવી દીધી છે, તેનાથી સુવિધા વધી છે."* દેશભરમાં લગભગ 77% ગ્રામીણ ખાતાધારકો સાથે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક સાથે સંકળાયેલા સંખ્યાબંધ ગ્રાહકોએ તેમના ઘરે બેઠા આરામથી પૈસા ઉપાડવા અથવા જમા કરવાની સુવિધા પર ખુશી વ્યક્ત કરી છે.

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના વધી રહેલા નેટવર્કની મદદથી, બેંકિંગ સેવાઓ દેશના દૂરના સ્થળોએ પહોંચી ગઈ છે. તેના કારણે ગ્રામીણ લોકોને સરકારી સહાય મેળવવા અથવા ઘરે બેઠા પૈસા ઉપાડવા કે જમા કરાવવાની સુવિધા આપવામાં આવી છે. દેશમાં 1.38 લાખ પોસ્ટ ઓફિસમાંથી બેંકિંગ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. દરેક ઘર સુધી બેંકની સેવાઓ પહોંચાડી શકાય તેના માટે 1.90 લાખ પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકોને સ્માર્ટ ફોન અને બાયો-મેટ્રિક ઉપકરણોથી સજ્જ કરવામાં આવ્યા છે. પાંચ વર્ષમાં સમગ્ર દેશમાં 6 કરોડથી વધુ ખાતા ખોલવામાં આવ્યા છે. શાળાના વિદ્યાર્થીઓના લગભગ 8 લાખ ખાતા, મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં 96 લાખથી વધુ ખાતા, ડાબેરી ઉગ્રવાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં 67 લાખથી વધુ ખાતા ખોલવામાં આવ્યા છે. IPPBની શરૂઆત કરવાથી ગ્રામીણ બેંકિંગ માળખામાં લગભગ અઢી ગણો વધારો થયો છે. આ માટે પોસ્ટમેનને 1 કરોડથી વધુ કલાકની તાલીમ આપીને તેમના કૌશલ્યમાં વધારો કરવામાં આવ્યો છે. મર્ચન્ટ એપ, સહભાગી સ્ટાર્ટઅપ સાથે સમાવેશી નાણાકીય ઉકેલો માટે 'ફિન્કલુવેશન'ની શરૂઆત કરવામાં આવી છે. આના પરિણામે જ સામાન્ય લોકોને સરળ, સસ્તી અને ભરોસાપાત્ર બેંક સેવાઓ મળી રહી છે અને ગ્રામીણ સ્તરે પણ ડિજિટલ અને કૅશલેસ ઈકોનોમીને પ્રોત્સાહન મળી રહ્યું છે. ●




## કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો

# વિશ્વકર્મા યોજનાને મંજૂરી, 169 શહેરોમાં 10 હજારથી વધુ ઈલેક્ટ્રિક બસો દોડશે

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 77માં સ્વતંત્રતા દિવસ પર, લાલ કિલ્લાની પ્રાચીર પરથી પરંપરાગત કારીગરીમાં કૌશલ્યવાન લોકોને લાભ આપવા માટે રચવામાં આવેલી 'પીએમ વિશ્વકર્મા યોજના'ના પ્રારંભ વિશે માહિતી આપી હતી. આ યોજના અંગે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, સ્વાતંત્ર્ય દિવસના બીજા જ દિવસે એટલે કે 16 ઑગસ્ટે કેન્દ્રીય મંત્રીમંડળે તેને મંજૂરી આપી હતી. આ યોજના પરંપરાગત હસ્તકળા કૌશલ્ય ધરાવતા લોકોને, જેમાં ખાસ કરીને OBC સમુદાયને લાભ આપશે. મંત્રીમંડળે 'પીએમ-ઈ બસ સેવા' યોજના, 7 રેલવે પરિયોજનાઓ અને ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામના વિસ્તરણ સહિત કેટલાક અન્ય મહત્વપૂર્ણ નિર્ણયોને મંજૂરી આપી છે...**

- **નિર્ણય:** કેન્દ્રીય મંત્રીમંડળે નાણાકીય વર્ષ 2023-24થી નાણાકીય વર્ષ 2027-28 માટે રૂ. 13,000 કરોડના ખર્ચ સાથેની કેન્દ્રીય ક્ષેત્રની યોજના પીએમ વિશ્વકર્મા યોજનાને મંજૂરી આપી છે.
- **અસર:** યોજનાનો ઉદ્દેશ્ય ગુરુ-શિષ્ય પરંપરા અથવા પોતાના હાથ અને સાધનો વડે કામ કરતા કારીગરો અને શિલ્પકારોના પરંપરાગત કૌશલ્યને મજબૂત બનાવવા અને તેમને પ્રોત્સાહન આપવાનો છે. આ યોજનાનો હેતુ કારીગરો અને શિલ્પકારોનાં ઉત્પાદનો અને સેવાઓની ગુણવત્તા તેમજ સુલભતામાં સુધારો કરવાનો છે. વિશ્વકર્મા યોજના સ્થાનિક અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓ સાથે જોડાઈ શકે તે પણ સુનિશ્ચિત કરવાનું છે.
- પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ, કારીગરો અને શિલ્પકારોને પીએમ વિશ્વકર્મા પ્રમાણપત્ર અને ઓળખ કાર્ડ આપીને માન્યતા આપવામાં આવશે. 5 ટકાના સસ્તા વ્યાજ દર સાથે

પ્રથમ હપ્તામાં રૂ. 1 લાખ અને બીજા હપ્તામાં રૂ. 2 લાખ સુધીની લોનની સહાય આપવામાં આવશે. આ યોજના હેઠળ આવનારા સમયમાં કૌશલ્ય અપગ્રેડેશન, ટૂલકીટ પ્રોત્સાહન, ડિજિટલ ટ્રાન્ઝેક્શન માટે પ્રોત્સાહન અને માર્કેટિંગ સહકાર પ્રદાન કરવામાં આવશે.

- વિશ્વકર્મા યોજના હેઠળ, સમગ્ર દેશના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રહેતા કારીગરો અને શિલ્પકારોને સહાય પૂરી પાડવામાં આવશે. પીએમ વિશ્વકર્મા હેઠળ, પ્રથમ તબક્કામાં 18 પરંપરાગત વ્યવસાયોને સામેલ કરવામાં આવશે.
- **નિર્ણયઃ** સિટી બસની કામગીરી વધારવા માટે 'પીએમ-ઈ બસ સેવા' યોજનાને મંજૂરી. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ 57,613 કરોડ રૂપિયા થશે. કુલ મળીને 10,000 નવી ઈલેક્ટ્રિક બસો ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- **અસરઃ** આ બસો 169 શહેરોમાં જાહેર-ખાનગી ભાગીદારી મોડલ પર ચલાવવામાં આવશે. આ યોજના 3 લાખ અને તેથી વધુ વસ્તી ધરાવતા શહેરોને આવરી લેવામાં આવશે, જેમાં કેન્દ્રશાસિત પ્રદેશો, ઉત્તર પૂર્વીય ક્ષેત્ર અને પર્વતીય રાજ્યોના તમામ પાટનગરોનો સમાવેશ થાય છે. આ યોજનામાં એવા શહેરોને પ્રાથમિકતા આપવામાં આવશે જ્યાં સુવ્યવસ્થિત બસ સેવા ઉપલબ્ધ નથી. સરકારની આ પહેલથી આ શહેરોમાં 45,000 થી 55,000 પ્રત્યક્ષ રોજગારીની તકો ઉભી થવાની અપેક્ષા છે.
- **નિર્ણયઃ** રેલવે મંત્રાલયે આશરે રૂ. 32,500 કરોડના અંદાજિત ખર્ચ સાથે સાત પ્રોજેક્ટને મંજૂરી આપી.
- **અસરઃ** આ પ્રોજેક્ટ ઉત્તરપ્રદેશ, બિહાર, તેલંગાણા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, ઓડિશા, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ સહિત નવ રાજ્યોના 35 જિલ્લાઓને આવરી લેશે. આ પ્રોજેક્ટ્સ ભારતીય રેલવેના વર્તમાન નેટવર્કમાં 2,339 કિમીનો ઉમેરો કરશે. આ ઉપરાંત, આ રાજ્યોના લોકોને 7.06 કરોડ માનવ-દિવસની રોજગારી ઉપલબ્ધ થશે. આ પ્રોજેક્ટથી પરિચાલન સરળ બનશે અને ભીડમાં ઘટાડો થશે. સાથે જ, ભારતીય રેલવેના અત્યંત વ્યસ્ત સેક્શન પર જરૂરી માળખાકીય વિકાસ થઈ શકશે.
- ક્ષમતામાં વધારો કર્યા પછી, આ પ્રોજેક્ટ્સ દ્વારા દર વર્ષે 200 મિલિયન ટન માલનું પરિવહન કરવામાં આવશે. આનાથી ખાદ્યાન્ન, ખાતર, કોલસો, સિમેન્ટ, ફ્લાઈ-એશ, લોખંડ અને તૈયાર સ્ટીલ, ક્લિંકર, ક્રૂડ ઓઈલ, લાઈમસ્ટોન, ખાદ્ય તેલ વગેરે જેવી વિવિધ ચીજવસ્તુઓના પરિવહન માટે આવશ્યક માર્ગ તૈયાર થશે.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 15 ઑગસ્ટે લાલ કિલ્લા પરથી પોતાના સંબોધનમાં કહ્યું હતું કે વણકરો, સોની, લુહાર, ધોબી કામ કરનારા લોકો, વાળંદ અને આ શ્રેણીમાં આવતા ઘણા પરિવારોનું 'વિશ્વકર્મા યોજના' દ્વારા સશક્તિકરણ કરવામાં આવશે.

- **નિર્ણયઃ** ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમના વિસ્તરણ માટે મંજૂરી. આના માટે 14,903 કરોડ રૂપિયાની રકમ રાખવામાં આવી છે. નાગરિકોને ડિજિટલ સેવાઓ પૂરી પાડવા માટે 1 જુલાઈ, 2015ના રોજ ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અત્યંત સફળ સાબિત થયો છે.
- **અસરઃ** આ પ્રોજેક્ટ હેઠળ, 6.25 લાખ IT પ્રોફેશનલો નવી ટેક્નોલોજી અનુસાર કૌશલ્યવાન બનશે. સાથે જ, 2.65 લાખ લોકોને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રે તાલીમ આપવામાં આવશે. કોલેજમાં અભ્યાસ કરતા 12 કરોડ વિદ્યાર્થીઓ માટે સાઈબર-જાગૃતિ અભ્યાસક્રમો હાથ ધરવામાં આવશે અને નેશનલ સુપર કોમ્પ્યૂટર મિશન હેઠળ વધુ 9 સુપર કોમ્પ્યૂટર ઉમેરવામાં આવશે. સરકારની આ જાહેરાતોથી ભારતની ડિજિટલ અર્થવ્યવસ્થાને વેગ મળશે. આ સેવાઓ માટે ડિજિટલ ઍક્સેસને સક્ષમ કરશે અને ભારતની ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને ઈલેક્ટ્રોનિક્સ ઈકોસિસ્ટમ વિકસિત કરવામાં પણ મદદ મળશે.

મોદી મંત્ર : રાજ્યના વિકાસથી દેશનો વિકાસ

# ભારતના વિકાસથી મહારાષ્ટ્રને લાભ મળી રહ્યો છે

*વર્તમાન કેન્દ્ર સરકાર રાજ્યના વિકાસથી દેશના વિકાસના જે મંત્ર સાથે આગળ વધી રહી છે, તેને પુણે અને મહારાષ્ટ્રમાંથી પણ સતત વેગ મળી રહ્યો છે. ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને હવે દેશના નાના શહેરોમાં પણ આધુનિક કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવી રહી છે. કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પર્યાવરણ, માર્ગ સલામતી, મુસાફરીમાં સમયની બચતનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કરવામાં આવતા ખર્ચમાં અનેક ગણો વધારો કરવામાં આવ્યો છે. આ ક્રમમાં, 1 ઑગસ્ટના રોજ, પ્રધાનમંત્રી મોદીએ મહારાષ્ટ્રના પુણેમાં મેટ્રો રેલને લીલી ઝંડી બતાવી અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો...*



આઝાદી મળી ત્યારથી જ, મહારાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસે ભારતના ઔદ્યોગિક વિકાસને સતત ગતિ આપી છે અને આમાં પુણે મહાનગર અગ્રેસર રહ્યું છે. પુણેમાં કેન્દ્ર સરકારની સહાયથી રૂ. 15,000 કરોડના મૂલ્યના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ આ પ્રદેશના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપશે. તેનાથી માત્ર મહારાષ્ટ્ર જ નહીં પરંતુ સમગ્ર દેશને ફાયદો થશે. પુણે મેટ્રોની શરૂઆત થવાથી 65 લાખ પુણેવાસીઓની મુસાફરી સરળ બનશે અને અહીંના ઉદ્યોગોને પણ તેનાથી નવી ઉડાન મળશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેટ્રો ટ્રેનની ભેટ આપવાની સાથે સાથે, પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને 3930થી વધુ મકાનો સોંપ્યા. તેમણે PCMC દ્વારા બાંધવામાં આવનારા 1,190 PMAY આવસો અને પુણે મહાનગર ક્ષેત્ર વિકાસ સત્તામંડળ દ્વારા બાંધવામાં આવનારા 6,400થી વધુ આવાસોનો શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રી મોદીએ 300 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલા વેસ્ટ-ટુ-એનર્જી પ્લાન્ટનું પણ ઉદ્ઘાટન કર્યું હતું, જેમાં વાર્ષિક આશરે 2.5 લાખ મેટ્રિક ટન કચરાનો ઉપયોગ કરવામાં આવશે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, સ્વચ્છ ભારત અભિયાન માત્ર શૌચાલય પૂરતું સીમિત નથી, પરંતુ કચરાનું વ્યવસ્થાપન પર પણ અગ્રતા સાથે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે, જેના કારણે મિશન મોડમાં કચરો દૂર કરવામાં આવી રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, મહારાષ્ટ્ર અને તેના ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે અહીં અભૂતપૂર્વ રોકાણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં નવા એક્સપ્રેસ-વે, રેલ રૂટ અને એરપોર્ટના વિકાસનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, 2014 પહેલાંના સમયની સરખામણીમાં રેલવેના વિસ્તરણ પર ખર્ચ 12 ગણો વધ્યો છે, તેમજ મહારાષ્ટ્રના ઘણા શહેરો પડોશી રાજ્યોના આર્થિક કેન્દ્રો સાથે પણ જોડાયેલા છે. મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કે, જે મહારાષ્ટ્ર અને ગુજરાત બંને રાજ્યોને લાભ આપશે, દિલ્હી-મુંબઈ ઈકોનોમિક કોરિડોર જે મહારાષ્ટ્રને મધ્યપ્રદેશ તેમજ ઉત્તર ભારતના અન્ય રાજ્યો સાથે જોડશે અને નેશનલ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પરિવર્તન લાવશે.

## ઘરોના નિર્માણમાં પારદર્શિતા અને ગુણવત્તા પર ધ્યાન

વર્ષ 2014 પહેલાં ગરીબોને ઘર આપવા માટે બે યોજનાઓ ચાલી રહી હતી. આ યોજના હેઠળ બાંધવામાં આવતા મકાનોની હાલત એટલી ખરાબ હતી કે, યોજના સાથે સંકળાયેલા લોકોએ બે લાખથી વધુ બાંધેલા મકાનો સ્વીકારવાની ના પાડી દીધી હતી. 2014 પછી, આ મકાનોના નિર્માણમાં પારદર્શિતા લાવવામાં આવી, ગુણવત્તામાં પણ સુધારો થયો. લગભગ ચાર કરોડ લોકોને સરકાર દ્વારા ઘર આપવામાં આવ્યા છે.



## સ્વચ્છતાને કારણે જીવનની ગુણવત્તા સુધારી રહી છે

જીવનની ગુણવત્તામાં સુધારો કરવા માટે સ્વચ્છતા એ એક મહત્વપૂર્ણ પરિબળ છે. સ્વચ્છ ભારત અભિયાન માત્ર શૌચાલય બનાવવા પૂરતું મર્યાદિત નથી. આ અભિયાનમાં કચરાના વ્યવસ્થાપન પર પણ ઘણું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. શહેરોમાં કચરાના મહાકાય પહાડો મોટી સમસ્યા બની ગયા છે, ત્યારે હવે આવા કચરાના પહાડોને દૂર કરવા માટે 'વેસ્ટ ટુ વેલ્થ' બનાવવાનું કામ મિશન મોડ પર કરવામાં આવી રહ્યું છે.





મહારાષ્ટ્ર અને ઉત્તર ભારત વચ્ચે રેલ કનેક્ટિવિટી અને મહારાષ્ટ્રને છત્તીસગઢ, તેલંગાણા અને અન્ય પડોશી રાજ્યો સાથે જોડવા માટે ટ્રાન્સમિશન લાઈન નેટવર્ક જેવા પ્રોજેક્ટમાં મહારાષ્ટ્રની અર્થવ્યવસ્થામાં નવી ઊર્જાનો સંચાર કરવાની ક્ષમતા છે.

જીવનની ગુણવત્તામાં સુધારો કરવા માટે જાહેર પરિવહન માળખામાં સુધારો કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, મેટ્રો નેટવર્કનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે, નવા ફ્લાય ઓવર બનાવવામાં આવી રહ્યા છે. ટ્રાફિક લાઈટની સંખ્યા ઓછી કરવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. 2014 પહેલાંના સમયમાં દેશમાં માત્ર 250 કિલોમીટરનું મેટ્રો નેટવર્ક હતું, જ્યારે આજે દેશમાં મેટ્રો નેટવર્ક વધીને 800 કિલોમીટર કરતાં પણ વધુ થઈ ગયું છે અને 1,000 કિલોમીટરની નવી મેટ્રો લાઈન માટે કામ ચાલી રહ્યું છે. 2014 પહેલાંના સમયમાં મેટ્રો નેટવર્ક માત્ર 5 શહેરો સુધી સીમિત હતું જે આજે 20 શહેરોમાં પહોંચી ગયું છે. મહારાષ્ટ્રની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ પૂણેના દગડુ શેઠ મંદિરમાં જઈને પૂજા-અર્ચના પણ કરી હતી. ●

## પુણેના રહેવાસીઓના જીવનમાં જોડાયો નવો અધ્યાય

- પુણે મેટ્રો ફેઝ-1 ના બે કોરિડોરના સમગ્ર સેક્શન પર સેવાઓનું ઉદ્ઘાટન.
- ફુગેવાડીથી સિવિલ કોર્ટ અને ગરવારે કોલેજથી રૂબી હોલ ક્લિનિક વચ્ચે મેટ્રો દોડતી થઈ.
- મેટ્રો શિવાજી નગર, સિવિલ કોર્ટ, પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસ, પુણે RTO અને પુણે રેલવે સ્ટેશનને જોડશે.
- છત્રપતિ સંભાજી ઉદ્યાન મેટ્રો સ્ટેશન અને ડેક્કન જીમખાના મેટ્રો સ્ટેશનની ડિઝાઈન છત્રપતિ શિવાજી મહારાજના સૈનિકો દ્વારા પહેરવામાં આવતી ટોપી જેવી છે.
- સિવિલ કોર્ટ મેટ્રો સ્ટેશન દેશના સૌથી ઊંડા મેટ્રો સ્ટેશનોમાંનું એક છે જેની ઊંડાઈ 33.1 મીટર છે.
- પૂણે મેટ્રો પ્રોજેક્ટનો શિલાન્યાસ વર્ષ 2016માં પ્રધાનમંત્રી મોદીએ કર્યો હતો.
- PMAY હેઠળ બાંધવામાં આવેલા 2650 મકાનો લાભાર્થીઓને સોંપવામાં આવ્યા.
- પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાંધવામાં આવેલા 1280 મકાનો લાભાર્થીઓને સોંપવામાં આવ્યા.



# વારસાની સમૃદ્ધિની સાથે-સાથે વિકાસ

*વિકસિત અને સમૃદ્ધ રાષ્ટ્રના સંકલ્પને સાકાર કરવામાં જોડાયેલી સરકાર દેશમાં ભૌતિક વિકાસની સાથે સાથે સાંસ્કૃતિક ધરોહર, સનાતન સંસ્કૃતિ અને સંતોના સંદેશનો પણ વિશ્વને પરિચય કરાવી રહી છે, દરેક લોકોને જોડી રહી છે. ભારતના સંતોએ સમાજને આધ્યાત્મિક જ્ઞાનના માર્ગે આગળ લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. અગ્રણી સંતો અને સમાજ સુધારકોનું સન્માન કરવું એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યોની વિશેષ ઓળખ રહી છે. આ શ્રેણીમાં, પ્રધાનમંત્રી મોદીએ 12 ઑગસ્ટના રોજ, મધ્યપ્રદેશના સાગરમાં સંત રવિદાસના સ્મારક-સંગ્રહાલયનો શિલાન્યાસ કર્યો, 4000 કરોડ રૂપિયાની અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કર્યો અને તૈયાર થયેલી પરિયોજનાઓનું રાષ્ટ્રને લોકાર્પણ કર્યું...*

સંત રવિદાસનું જીવન, તેમનું દર્શન અને સંદેશ સદાકાળ અને કાલાતીત છે. એ જ સંત રવિદાસના જન્મસ્થળ વારાણસીની સંસદીય બેઠકનું પ્રતિનિધિત્વ કરી રહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુધારા અને નવીનતાની ભાવના રાખીને સતત ગરીબો, ખેડૂતો, મહિલાઓ, અનુસૂચિત જાતિ, જનજાતિ અને વંચિત સમાજના સશક્તિકરણ માટે અથાક પ્રયાસો કરી રહ્યા છે. આ શ્રેણીમાં સંત રવિદાસ મંદિરનું નિર્માણ કરીને આ ભૂમિના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાના પુનરોદ્ધારને પ્રોત્સાહન આપવાની સાથે તમામ લોકોને તેમના અધિકારો અપાવવા, માનવ ધર્મની સ્થાપના કરવાની સાથે સાથે સમરસતાનો સંદેશ આપવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, રાષ્ટ્રની સહિયારી સમૃદ્ધિને આગળ વધારવા માટે સંત શિરોમણી ગુરુદેવ રવિદાસના સ્મારકનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. દિવ્ય સ્મારકના 'ભૂમિપૂજન' બાદ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સંતોના આશીર્વાદથી તેઓ થોડાં વર્ષોમાં મંદિરનું કામ પૂર્ણ થયા બાદ તેનું ઉદ્ઘાટન કરવા માટે પણ આવશે. જ્યારે પ્રેરણા અને પ્રગતિ એક સાથે આવે છે, ત્યારે એક નવો યુગ શરૂ થાય છે. અમૃતકાળમાં, આપણા વારસાને આગળ લઈ જવાની અને ભૂતકાળમાંથી બોધપાઠ લેવાની જવાબદારી આપણા સૌની છે.

અભૂતપૂર્વ ગતિએ અને વ્યાપકતા પર દેશના ખૂણે-ખૂણે માળખાકીય સુવિધાઓનું નિર્માણ અને આધુનિક કનેક્ટિવિટીને



## પરિયોજનાઓનો લાભ

- લોકાર્પણ કરવામાં આવેલી પરિયોજનાઓમાં 288 કિમી બીનાથી કોટા રેલ લાઈનનું ડબલિંગનું કામ છે, જે રાજસ્થાન અને મધ્યપ્રદેશના થર્મલ પાવર પ્લાન્ટને કોલસાનો પુરવઠો પહોંચાડવામાં ઝડપ લાવશે અને લોકોને અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરશે.
- મોરીકોરી-વિદિશા-હિનોતિયા સેક્શન 4 લેન માર્ગના નિર્માણ માટે શિલાન્યાસ કરવામાં આવ્યો. આનાથી પાટનગર ભોપાલથી સાગર સુધી સીધી રોડ કનેક્ટિવિટી થશે અને મુસાફરીનો સમય લગભગ એક કલાક ઓછો થઈ જશે.
- હિનોતિયા-મેહલુઆ રોડ સેક્શન 2 લેનમાં પેવ્ડ શોલ્ડર માર્ગ નિર્માણના કાર્ય માટે પણ શિલાન્યાસ કરવામાં આવ્યો, જે ભોપાલથી હિનોતિયા, મેહલુઆ, અશોક નગર અને ચંદેરી તેમજ ઝાંસી સુધી ડાયરેક્ટ કનેક્ટિવિટી પ્રદાન કરશે, સમયની બચત કરશે.

## બુંદેલખંડમાં વિકાસ અને સમૃદ્ધિમાં ભાગીદારીનું કેન્દ્ર

- બીનામાં પેટ્રોકેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ પ્રોડક્ટ્સ પર 50 હજાર કરોડ રૂપિયાનું રોકાણ આવવાનું છે.
- કેન-બેટવા નદી લિંક પ્રોજેક્ટ ટૂંક સમયમાં શરૂ થશે, જેનાથી બુંદેલખંડમાં 20 લાખ એકર જમીનમાં સિંચાઈ થશે.
- મધ્યપ્રદેશના 1.30 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

## સંતોનું સન્માન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓને વારસા તરીકે જુએ છે. સંતો સમાજ અને તેમના સંદેશને આગળ રાખીને કામ કરે છે. ગુરુ તેગ બહાદુરના 400મા પ્રકાશ પર્વમાં હાજરી આપવી, આદિ શંકરાચાર્યના જન્મસ્થળની મુલાકાત લેવી અને કેદારનાથમાં તેમની પ્રતિમાનું અનાવરણ કરવું, રાજસ્થાનમાં જૈનાચાર્ય વિજય વલ્લભ સૂરીશ્વરજી મહારાજના 'સ્ટેચ્યુ ઓફ પીસ'નું અનાવરણ કરવું કે પછી ઉત્તરપ્રદેશમાં સંત કબીર એકેડેમીનો શિલાન્યાસ કરવો, દરેક જગ્યાએ હાજર રહીને સંતોના ઉપદેશો અપનાવવાનું આહ્વાન કરે છે.

**સંત રામાનુજાચાર્યના સન્માનમાં સ્ટેચ્યુ ઓફ ઈક્વેલિટી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 5 ફેબ્રુઆરી 2022ના રોજ હૈદરાબાદમાં 11મી સદીના હિન્દુ સંત રામાનુજાચાર્યના માનમાં બનાવવામાં આવેલી 216 ફૂટ ઊંચી સ્ટેચ્યુ ઓફ ઈક્વેલિટીનું ઉદ્ઘાટન કર્યું હતું.

**સંત તુકારામ શિલા મંદિર:** પ્રધાનમંત્રી મોદીએ 14 જૂન 2022ના રોજ સંત તુકારામ શિલા મંદિરની સાથે આસપાસના માર્ગના નિર્માણનો શુભારંભ કર્યો હતો. સંત જ્ઞાનેશ્વર પાલખી માર્ગનું નિર્માણ 5 તબક્કામાં અને સંત તુકારામ પાલખી માર્ગનું નિર્માણ 3 તબક્કામાં કરવામાં આવશે. સંત તુકારામ એક વારકરી સંત હતા.

**કરતારપુર સાહિબ કોરિડોર ખોલવામાં આવ્યો:** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2019માં ડેરા નાનકથી કરતારપુર સાહિબ કોરિડોર સંચાલનની પદ્ધતિઓ પર પાકિસ્તાન સાથે સમજૂતી કરીને શીખ સમુદાય માટે એક મહત્વપૂર્ણ કાર્ય કર્યું.

> "આજે દેશના દલિત હોય, વંચિત હોય, પછાત હોય કે આદિવાસી હોય, અમારી સરકાર તેમને યોગ્ય સન્માન અને નવી તકો આપી રહી છે. ન તો આ સમાજના લોકો નબળા છે, ન તો તેમનો ઈતિહાસ નબળો છે. સમાજના આ વર્ગોમાંથી જ એકથી એક મહાન વિભૂતીઓ આવી છે. તેમણે રાષ્ટ્ર નિર્માણમાં અસાધારણ ભૂમિકા ભજવી છે. તેથી જ આજે દેશ તેમના વારસાને ગૌરવ સાથે સાચવી રહ્યો છે."
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## સ્મારક અને સંગ્રહાલય સુવિધા સંપન્ન હશે

સંત રવિદાસ સ્મારક અને સંગ્રહાલયમાં ભવ્યતાની સાથે સાથે દિવ્યતા પણ હશે. સમરસતાની ભાવનાથી ઓતપ્રોત, 20,000થી વધુ ગામડાઓ અને 300થી વધુ નદીઓની માટી, આજે આ સ્મારકનો એક ભાગ બની ગઈ છે. સંત શિરોમણી ગુરુદેવ શ્રી રવિદાસ સ્મારકનું નિર્માણ 11.25 એકરથી વધુ વિસ્તારમાં 100 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે કરવામાં આવી રહ્યું છે. આ ભવ્ય સ્મારકમાં સંત રવિદાસના જીવન, તત્વચિંતન અને ઉપદેશોને પ્રદર્શિત કરવા માટે એક ભવ્ય આર્ટ મ્યુઝિયમ અને ગેલેરી હશે. અહીં આવનારા ભક્તો માટે ભક્ત નિવાસ, ભોજનાલય વગેરે સુવિધાઓ પણ ઉપલબ્ધ રહેશે.

પ્રોત્સાહન આપવાનું કામ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વર્ષ 2014થી સતત રાત-દિવસ ચાલી રહ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે લોકોના જીવનમાં સરળતા, વેપાર અને વ્યવસાયમાં સરળતા, લાખો નવી રોજગારીની તકોનું સર્જન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે ઝડપી વિકાસ. તેજ ગતિએ વિકાસ કરવાની દિશામાં આગળ વધી રહેલા ભારતની આ યાત્રામાં મધ્યપ્રદેશ પણ એક મહત્વપૂર્ણ ભાગીદાર છે, જ્યાં ઘણા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના કામ પૂરાં થયા છે અને ઘણા પ્રોજેક્ટ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. આ શ્રેણીમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રૂ. 1580 કરોડના ખર્ચે બે રોડ પ્રોજેક્ટનો શુભારંભ કર્યો તેમજ રૂ. 2475 કરોડથી વધુના ખર્ચે ડબલિંગનું કામ કરવામાં આવેલી કોટા-બીના રેલવેનું રાષ્ટ્રને લોકાર્પણ કર્યું. ●




# સ્વદેશી અંગે દેશમાં નવી ક્રાંતિ
# હેન્ડલૂમ ક્ષેત્રમાં અભૂતપૂર્વ કામ

*વર્તમાન સરકારનો પ્રયાસ છે કે હેન્ડલૂમ ક્ષેત્ર સાથે જોડાયેલી પરંપરાઓને માત્ર પુનર્જીવિત કરવાના બદલે, સાથે સાથે વિશ્વને તેના નવા અવતારમાં આકર્ષિત પણ કરવામાં આવે. આ જ કારણ છે કે સરકાર હાથશાળ અને હસ્તકળા સાથે સંકળાયેલા કારીગરો અને કલાકારોના શિક્ષણ, તાલીમ અને કમાણી પર ભાર મૂકી રહી છે. સરકાર વણકર અને કારીગરોના બાળકોની આકાંક્ષાઓને ઉડાન આપવા માંગે છે. આ પ્રયાસોને મજબૂત કરવા માટે, સ્વદેશી ચળવળની યાદમાં 7 ઑગસ્ટ, 2015ના રોજ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 7 ઑગસ્ટના રોજ ભારત મંડપમ ખાતે 9મા રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની ઉજવણી વખતે સંબોધન આપ્યું હતું...*

ઉત્તરપ્રદેશના અંગિકા હેન્ડલૂમ વિકાસ ઉદ્યોગ સહકારી મંડળી લિમિટેડ, વારાણસીના વણકર છોટે લાલ પાલ કહે છે કે, સહકારી મંડળીની રચના થઈ ત્યારથી વણકરોનું જીવન પહેલાં કરતાં વધુ સારું બન્યું છે. કામ વધ્યું છે, સરકારી યોજનાઓનો લાભ મળ્યો છે. મહેનતાણું સીધું બેંક ખાતામાં આવે છે. તમિલનાડુના તિરુભુવનમ સિલ્ક હેન્ડલૂમ વણકર સહકારી મંડળીના સંયુક્ત નિર્દેશક સેલ્વમ કહે છે કે, શરૂઆતથી જ મંડળીએ નફો કર્યો છે. અમે તમામ સભ્યોને લાભાંશ અને બોનસ આપીએ છીએ. મંડળીના એક પ્લેટફોર્મ પર વિવિધ પ્રકારની સાડીઓ ઉપલબ્ધ છે. 2018માં, હેન્ડલૂમ પ્રોડક્ટ્સના માર્કેટિંગ બદલ રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

આ એવી સફળતાની ગાથાઓ છે જે હેન્ડલૂમના ક્ષેત્રમાં છેલ્લાં નવ વર્ષમાં થયેલી રાષ્ટ્રની પ્રગતિ પર પ્રકાશ પાડે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રગતિ મેદાનમાં આવેલા ભારત મંડપમ ખાતે યોજાયેલા રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની ઉજવણીમાં સામેલ થયેલા કેટલાક વણકરો અને કારીગરો સાથે વાતચીત કરી હતી અને કાર્યક્રમમાં સંબોધન આપ્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, “આજે, 'વોકલ ફોર લોકલ'ની ભાવના સાથે, દેશવાસીઓ પૂરા દિલથી સ્વદેશી ઉત્પાદનો ખરીદી રહ્યા છે, આ એક જન આંદોલન બની ગયું છે. આવનારા દિવસોમાં, આપણે રક્ષાબંધન, ગણેશ ઉત્સવ, દશેરા, દીવાળી, દુર્ગા પૂજા વગેરે તહેવારો આવશે ત્યારે આપણે આપણા સ્વદેશી સંકલ્પનો પુનરોચ્ચાર કરવાનો છે.”








રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ એ આપણા હાથશાળના વારસાને બચાવવા તેમજ વણકર સમુદાયને વધુ સશક્ત બનાવવાના આપણા સંકલ્પની પણ ફરીથી પુષ્ટિ કરવાનો પ્રસંગ છે. સરકારનો પ્રયાસ હેન્ડલૂમ, ખાદી, હસ્તકલા ક્ષેત્રનો ટકાઉક્ષમ વિકાસ સુનિશ્ચિત કરવાનો છે.

હેન્ડલૂમ એ ભારતની સભ્યતા અને સંસ્કૃતિનું પ્રતીક છે. દેશના સૌથી વધુ રોજગાર પેદા કરતા ક્ષેત્રોમાંનું એક હોવાને કારણે, તે 35 લાખ કરતાં વધુ વણકરોની આજીવિકાનું સાધન છે. આમાં 25 લાખથી વધુ વણકર મહિલાઓ છે અને આ ક્ષેત્ર મહિલા સશક્તિકરણનું મહત્વનું ઉદાહરણ પણ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં હેન્ડલૂમ ક્ષેત્રએ છેલ્લાં 9 વર્ષમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. વણકરોની ઉત્પાદકતા વધારવા અને તેમની જીવનશૈલી સુધારવા માટે હેન્ડલૂમને ટેક્નોલોજી સાથે જોડવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ વણકરોની જરૂરિયાતોને સમજીને અસરકારક નીતિઓ અને યોજનાઓ બનાવી છે. વણકરોને યોજનાઓનો લાભ મળ્યો, જેના કારણે તેઓ વ્યવસાયને આધુનિક સ્વરૂપ આપી રહ્યા છે, સમૃદ્ધિ સાથે જોડાઈ રહ્યા છે.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "આપણા કપડાં, આપણા પહેરવેશને આપણી ઓળખ સાથે જોડવામાં આવી રહ્યા છે. દેશના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિવાસી સાથીઓથી માંડીને બરફથી ઢંકાયેલા પર્વતો, રણથી લઈને દરિયાઈ વિસ્તારો અને ભારતના મેદાનો સુધી, આપણી પાસે વસ્ત્રોનું સુંદર મેઘધનુષ્ય છે." આજે દેશના ખૂણે ખૂણે આવેલી આપણી હેન્ડલૂમ સંસ્થાઓની કાર્યક્ષમતા, ઉત્પાદકતા અને ગુણવત્તામાં વધારો થયો છે. આ જ કારણ છે કે, ભારતીય હેન્ડલૂમ ઉત્પાદનો સ્થાનિક બજારથી લઈને વિદેશી બજારોમાં પોતાનું સ્થાન બનાવી રહ્યાં છે. ભારતીય સાંસ્કૃતિક વારસાનું પ્રતીક ગણાતી ખાદી હવે પરંપરાગત વસ્ત્રોની સાથે રાષ્ટ્રીય ઓળખ બની ગઈ છે. આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી દ્વારા તૈયાર કરવામાં આવેલા ઈ-પોર્ટલ 'ભારતીય વસ્ત્ર અને શિલ્પ કોષ- કપડા અને શિલ્પનો ભંડાર'નો શુભારંભ કર્યો હતો. ●

## ખાદીનાં વસ્ત્રોના ઉત્પાદનમાં ત્રણ ગણો વધારો

- છેલ્લાં 9 વર્ષમાં ખાદીનાં વસ્ત્રોનું ઉત્પાદન ત્રણ ગણા કરતાં વધારે વધ્યું છે. નાણાકીય વર્ષ 2014-15માં માત્ર રૂ. 879 કરોડનું ઉત્પાદન થયું હતું, જ્યારે 2022-23માં રૂ. 2,915 કરોડનું ઉત્પાદન થયું હતું.
- છેલ્લાં 9 વર્ષમાં ખાદીનાં ઉત્પાદનોના વેચાણમાં 5 ગણો વધારો થયો છે. ખાદીએ નાણાકીય વર્ષ 2022-23માં રૂ. 5,942 કરોડનું વેચાણ કરીને નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે.
- નાણાકીય વર્ષ 2022-23માં ખાદી અને ગ્રામોદ્યોગના કુલ ઉત્પાદનોમાંથી રૂ. 1,34,000 કરોડથી વધુનું રેકોર્ડ વેચાણ થયું હતું. 9 વર્ષ પહેલાં ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગોનો કારોબાર 31 હજાર કરોડ રૂપિયાની નજીક હતો.
- વણકરોનાં બાળકોને કૌશલ્ય તાલીમ માટે ટેક્સટાઈલ સંસ્થાઓમાં રૂ. 2 લાખ સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- છેલ્લાં 9 વર્ષમાં 600થી વધુ હેન્ડલૂમ ક્લસ્ટર તૈયાર કરવામાં આવ્યા છે. તેમાં પણ હજારો વણકરોને તાલીમ આપવામાં આવી છે.
- પ્રધાનમંત્રી મોદીએ મન કી બાત કાર્યક્રમના પ્રારંભિક તબક્કા દરમિયાન દેશવાસીઓને ખાદીનાં ઉત્પાદનો ખરીદવા અને તેનો ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. હાથવણાટ અને હાથબનાવટ સંબંધિત લગભગ 1.75 લાખ સંસ્થાઓ JAM સાથે સંકળાયેલી છે.
- નાણાકીય વર્ષ 2013-14માં ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગોની કુલ રોજગારી 13,038,444 હતી, તે 2022-23માં 36 ટકાના વધારા સાથે 17,716,288 પર પહોંચી ગઈ છે.
- નાણાકીય વર્ષ 2013-14માં ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગોમાંથી 5,62,521 નવી નોકરીઓનું સર્જન થયું હતું, તેની સામે નાણાકીય વર્ષ 2022-23માં તે 70 ટકાના વધારા સાથે 9,54,899 પર પહોંચી ગયું છે.



# લોકસભામાં 22 અને રાજ્યસભામાં 25 બિલ પાસ થયા

*સંસદના ચોમાસુ સત્રમાં કોલાહલ અને હોબાળો થવા છતાં સરકારે જનહિત સંબંધિત મુદ્દાઓ છોડ્યા નહીં અને પ્રજાના કલ્યાણને લગતા અનેક બિલ રજૂ કર્યા. બંને ગૃહો દ્વારા ઘણા બિલો પસાર પણ કરવામાં આવ્યા હતા, જે રાષ્ટ્રપતિના હસ્તાક્ષર પછી કાયદાનું સ્વરૂપ લેશે. 23 દિવસના ચોમાસુ સત્રમાં સંસદની બેઠક 17 વખત મળી હતી. આ દરમિયાન લોકસભામાં 22 અને રાજ્યસભામાં 25 બિલ પાસ થયા હતા. બંને ગૃહો દ્વારા પસાર કરાયેલા બિલની કુલ સંખ્યા 23 રહી. સંસદના વર્તમાન સત્રમાં લોકસભામાં 20 બિલ રજૂ કરવામાં આવ્યા હતા જ્યારે રાજ્યસભામાં 5 બિલ રજૂ કરવામાં આવ્યા હતા. હોબાળાને કારણે લોકસભામાં 45 ટકા જ્યારે રાજ્યસભામાં 63 ટકા કામ થયું હતું...*

વિપક્ષના હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી ઘણી વખત રોકવી પડી હતી, આમ છતાં સરકારે સત્ર દરમિયાન 23 બિલ (ખરડા) પાસ કરાવ્યા હતા. આ બિલમાં વટહુકમનું સ્થાન લેનારો રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી સરકાર (સુધારા) વટહુકમ 2023 પણ સમાવિષ્ટ છે જેને ચોમાસુ સત્ર પહેલા રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો. સંસદમાં આ ખરડા પર વિચાર કરવામાં આવ્યો અને પસાર કરવામાં આવ્યો. બંધારણના અનુચ્છેદ 239AAની જોગવાઈઓ હેઠળ આવતા હેતુને પ્રભાવિત કરવા માટે, દિલ્હીના મુખ્ય સચિવ અને ગૃહ સચિવ સાથે દિલ્હીના મુખ્યમંત્રીની અધ્યક્ષતા હેઠળની એક કાયમી ઓથોરિટીની રચના કરવામાં આવી રહી છે જે ટ્રાન્સફર, પોસ્ટિંગ, સતર્કતા અને અન્ય બાબતો અંગે લેફ્ટનન્ટ ગવર્નરને ભલામણો મોકલશે. 20 જુલાઈના રોજ શરૂ થયેલું સંસદનું ચોમાસુ સત્ર 11 ઑગસ્ટના રોજ અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરવામાં આવ્યું હતું. સત્ર દરમિયાન, ગૌરવ ગોગોઈ દ્વારા લાવવામાં આવેલા મંત્રી પરિષદમાં અવિશ્વાસ પ્રસ્તાવ પર લગભગ 20 કલાક ચર્ચા થઈ હતી. ચર્ચામાં 60 સભ્યોએ ભાગ લીધો, જેનો પ્રધાનમંત્રી મોદીએ જવાબ આપ્યો હતો. ગૃહ દ્વારા ધ્વનિ મતથી આ પ્રસ્તાવને નકારી કાઢવામાં આવ્યો હતો.

## સત્ર દરમિયાન સંસદના બંને ગૃહો દ્વારા કુલ 23 બિલ પસાર કરવામાં આવ્યા

- સિનેમેટોગ્રાફ (સુધારો) બિલ, 2023
- બંધારણ (અનુસૂચિત જનજાતિ) આદેશ (ત્રીજો સુધારો) બિલ, 2023
- બંધારણ (અનુસૂચિત જનજાતિ) આદેશ (પાંચમો સુધારો) બિલ, 2023
- બહુ-રાજ્ય સહકારી મંડળીઓ (સુધારો) બિલ, 2023
- જૈવિક વિવિધતા (સુધારો) બિલ, 2023
- ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) સુધારો બિલ, 2023
- ઑફશોર ક્ષેત્ર ખનીજ (વિકાસ અને નિયમન) સુધારો બિલ, 2023
- વન (સંરક્ષણ) સુધારો બિલ, 2023
- જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) બિલ, 2023
- જન્મ અને મૃત્યુની નોંધણી (સુધારો) બિલ, 2023
- મધ્યસ્થતા બિલ, 2023
- આંતર-સેવા સંગઠન (કમાન્ડ, નિયંત્રણ અને શિસ્ત) બિલ, 2023
- ધ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ (સુધારો) બિલ, 2023
- રાષ્ટ્રીય દંત ચિકિત્સા પંચ બિલ, 2023
- રાષ્ટ્રીય નર્સિંગ અને મિડવાઈફરી પંચ બિલ, 2023
- બંધારણ (અનુસૂચિત જાતિ) આદેશ (સુધારો) બિલ, 2023
- અનુસંધાન રાષ્ટ્રીય રિસર્ચ ફાઉન્ડેશન બિલ, 2023
- ડિજિટલ પર્સનલ ડેટા સુરક્ષા બિલ, 2023
- તટીય એક્વાકલ્ચર સત્તામંડળ (સુધારો) બિલ, 2023
- ફાર્મસી (સુધારો) બિલ, 2023
- રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી સરકાર (સુધારા) બિલ, 2023
- કેન્દ્રીય વસ્તુ અને સેવા કર (સુધારો) બિલ, 2023
- સંકલિત વસ્તુ અને સેવા કર (સુધારો) બિલ, 2023



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બે મંત્રીસ્તરીય બેઠકોમાં સંબોધન આપ્યું, કહ્યું કે લાલચ આપણને સત્યનો અનુભવ કરવાથી રોકે છે

# ઉકેલકર્તા ભારતની ક્ષમતાઓ શિખર સંમેલનમાં દુનિયાને દેખાશે

**વિશ્વભરના દેશો અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. આવા દેશોની સમસ્યાઓના ઉકેલ માટે અને વિશ્વને એક પરિવાર તરીકે માનીને, ભારત વૈશ્વિક ઉકેલ શોધવા માટે G-20ની અધ્યક્ષતા કરી રહ્યું છે. શેરપા, ફાઈનાન્સ ટ્રેક અને મંત્રી સ્તરે લગભગ 190 બેઠકો યોજવામાં આવી છે. ભવિષ્યલક્ષી વિચારસરણી સાથે, ભારત 9-10 સપ્ટેમ્બરના રોજ G-20 નેતાઓના શિખર સંમેલનમાં તેની ક્ષમતાઓ દર્શાવીને બાકીની કેટલીક પ્રાથમિકતાઓ પર સંમત થવાનો પ્રયાસ કરશે. ઑગસ્ટ મહિનામાં, ભ્રષ્ટાચાર વિરોધી અને મહિલા સશક્તિકરણ પરની મંત્રી સ્તરીય બેઠકમાં, યુક્રેન યુદ્ધના મુદ્દા સિવાય અન્ય તમામ મુદ્દાઓ પર સમજૂતી સાધવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બે બેઠકોમાં સંબોધન આપ્યું હતું...**

વિશ્વના GDPમાં 85 ટકા અને વેપારમાં 75 ટકા હિસ્સો ધરાવતા G-20 દેશોના નેતાઓનું શિખર સંમેલન નવી દિલ્હીમાં નવનિર્મિત ભારત મંડપમમાં યોજાઈ રહ્યું છે, જે વિશ્વના સૌથી મોટા સંમેલન અને પ્રદર્શન કેન્દ્રો પૈકી એક છે. આ સંમેલન સ્થળ ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાઓની ક્ષમતાઓને મજબૂતીથી આગળ ધપાવશે. G-20ની આ સૌથી મોટી બેઠકમાં સભ્યો અને આમંત્રિત સભ્યોના દેશના વડા અથવા કાર્યકારી પ્રમુખો સામેલ થાય છે. ભારતની G-20ની અધ્યક્ષતા દરમિયાન મહિલા સશક્તિકરણ પર એક નવો કાર્ય સમૂહ, આપદા, જોખમ અને સ્થિતિસ્થાપકતા સમૂહ, સ્ટાર્ટઅપ-20ના સહભાગી સમૂહની શરૂઆત કરવા સહિત અનેક એવી પહેલ કરવામાં આવી છે જે પ્રાથમિકતાઓને આગળ વધારે છે. ભારત, G-20ની અધ્યક્ષતા દ્વારા અનેક મુદ્દાઓ પર વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે, તેની ઝાંખી પણ શિખર સંમેલનમાં જોવા મળશે.

ભારત 1 ડિસેમ્બર, 2022 થી 30 નવેમ્બર, 2023 સુધી G-20ની અધ્યક્ષતા કરી રહ્યું છે. ભારત, અધ્યક્ષ તરીકે, G-20 નેતાઓના શિખર સંમેલનના એજન્ડાને અંતિમ સ્વરૂપ આપવા માટે જવાબદાર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂઆતમાં જ સ્પષ્ટ કર્યું હતું કે, ભારતનો G-20નો એજન્ડા સર્વસમાવેશી, મહત્ત્વાકાંક્ષી, ક્રિયાલક્ષી અને નિર્ણાયક હશે. તે વાતને ધ્યાનમાં રાખીને ભારતે પ્રાથમિકતાઓને વૈશ્વિક પ્રતિનિધિઓ સમક્ષ આગળ વધારી છે. પ્રાથમિકતાઓમાં ચર્ચાના વ્યાપક ક્ષેત્રો જેમ કે સમાવેશી અને પ્રતિરોધકતાની ક્ષમતા સાથે વૃદ્ધિ, SDGમાં પ્રગતિ, પર્યાવરણને અનુકૂળ વિકાસ અને જીવનશૈલી,

ટેકનોલોજિકલ પરિવર્તન અને જાહેર ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બહુપક્ષીય સંસ્થાઓનું પુનર્ગઠન, મહિલાઓના નેતૃત્વમાં વિકાસ અને આંતરરાષ્ટ્રીય રાષ્ટ્રીય શાંતિ તેમજ એકતાનો સમાવેશ થાય છે. સાથે જ, ભારત ગ્લોબલ સાઉથના મુદ્દાઓ અને ચિંતાઓને પણ દુનિયા સમક્ષ લાવી રહ્યું છે.

G-20 શિક્ષણ સંબંધિત કાર્ય સમૂહ અને મંત્રી સ્તરીય બેઠકમાં ચાર પ્રાથમિકતાવાળા ક્ષેત્રો ઓળખી કાઢવામાં આવ્યા છે. G-20 દેશોમાં શિક્ષણ સંબંધિત નીતિ અને કાર્યક્રમોની સર્વોત્તમ પ્રથાઓ અંગેનો એક અહેવાલ અપનાવવામાં આવ્યો છે. ભારતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020, પીએમ ઈ-વિદ્યા, સ્વયમ, દીક્ષા, નિપુણ ભારત અને સમર્થ જેવી પહેલોને G-20 દેશોની સમક્ષ રજૂ કરી છે, જ્યારે G-20 દેશોની અગ્રતાના ક્ષેત્રો પર એક અહેવાલ પણ તૈયાર કરવામાં આવ્યો છે. જે www.g20.org પર નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

### મહિલાની સમૃદ્ધિમાં જ દુનિયાની સમૃદ્ધિ છે

મહિલા સશક્તિકરણ પર G-20 મંત્રી સ્તરીય સંમેલન 2 થી 4 ઑગસ્ટ દરમિયાન યોજવામાં આવ્યું હતું જેમાં મહિલા અને લૈંગિત સમાનતા મંત્રીઓએ ભાગ લીધો હતો. સંમેલનની શરૂઆતમાં, મહિલા અને બાળ વિકાસ તેમજ લઘુમતી બાબતોના મંત્રી સ્મૃતિ ઝુબિન ઈરાનીએ પ્રતિનિધિઓને ભારતના ફોકસ પોઈન્ટ્સ વિશે માહિતગાર કર્યા હતા. આ સંમેલનમાં સંબોધન આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસ માટેના ભારતના અભિગમને સમજાવતા જણાવ્યું હતું કે, મહિલાઓનું સશક્તિકરણ એ આપણા સમાજના વિકાસનો આધાર છે અને તેમનું નેતૃત્વ, જેમાં ખાસ કરીને પાયાના સ્તરે તેમનું નેતૃત્વ, આપણી સમાવેશી અને સતત પ્રગતિ માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. મહિલાઓને સશક્ત બનાવવાનો સૌથી અસરકારક રસ્તો એ છે કે મહિલાઓના નેતૃત્વ હેઠળનો વિકાસ અભિગમ રાખવામાં આવે. ભારત આ દિશામાં આગળ વધી રહ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, એક સામાન્ય જનજાતીય પૃષ્ઠભૂમિમાંથી આવીને પ્રેરક ઉદાહરણ પૂરું પાડનારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વિશ્વની સૌથી મોટી લોકશાહીનું નેતૃત્વ કરી રહ્યાં છે, તેમજ ભારતના ગ્રામીણ સ્થાનિક સ્વરાજમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં 46 ટકા મહિલાઓ છે. પ્રધાનમંત્રી મુદ્રા યોજનામાં, લગભગ 70 ટકા લોન મહિલાઓ માટે મંજૂર કરવામાં આવી છે, જ્યારે સ્ટેન્ડઅપ ઈન્ડિયા હેઠળ, 80 ટકા લાભાર્થીઓ મહિલાઓ છે. ટેકનિકલ શિક્ષણમાં મહિલાઓની સંખ્યા બમણી થઈ છે જ્યારે વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતના સ્નાતકોમાં લગભગ 43 ટકા મહિલાઓ છે. અવકાશ વૈજ્ઞાનિકોમાં ચોથા ભાગની મહિલાઓ છે, જ્યારે સશસ્ત્ર દળોમાં, મહિલાઓને ઓપરેશન અને ફાઈટર વિમાનના મોરચે તૈનાત કરવામાં આવી રહી છે.



> જ્યારે મહિલાઓ સમૃદ્ધ થાય છે, ત્યારે દુનિયા સમૃદ્ધ થાય છે. તેમનું આર્થિક સશક્તિકરણ વિકાસને પ્રોત્સાહન આપે છે. શિક્ષણ સુધીની તેમની પહોંચ વૈશ્વિક પ્રગતિને સંચાલિત કરે છે, તેમનું નેતૃત્વ સમાવેશિતાને પ્રોત્સાહન આપે છે અને તેમનો અવાજો સકારાત્મક પરિવર્તનને પ્રેરણા આપે છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ G-20 દેશોને એક એવા સ્તરીય મંચનું નિર્માણ કરવા માટે આગ્રહ કર્યો હતો જ્યાં સિદ્ધિઓ પ્રાપ્ત કરનારી મહિલાઓ માપદંડ બની જાય. આપણે એવા અવરોધોને દૂર કરવા માટે કામ કરવું જોઈએ જે મહિલાઓને બજારો, વૈશ્વિક મૂલ્ય-શૃંખલાઓ અને સસ્તું ફાઈનાન્સ સુધી પહોંચતા અટકાવે છે. સાથે સાથે આપણે એ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે, સંભાળ લેવાના અને પારિવારિક કામના બોજનો યોગ્ય રીતે ઉકેલ લાવવામાં આવે.

મંત્રી સ્તરીય બેઠકના આયોજન પહેલાં, G-20 અધિકારપ્રાપ્ત પહેલે શિક્ષણ, નેતૃત્વ, ઉદ્યોગસાહસિકતા અને ડિજિટલ કૌશલ્યો અંગેની પોતાની ભલામણો મંત્રાલય સમક્ષ રજૂ કરી હતી. G-20 અધિકારપ્રાપ્ત પહેલના પરિણામોમાં એક ડિજિટલ સમાવેશીતા પ્લેટફોર્મ અને G-20 દેશોની 149 પહેલ ધરાવતી સર્વોચ્ચ પ્રેક્ટિસ પ્લેબુકનો સમાવેશ થાય છે. તેની વેબસાઈટ પર 73 પ્રેરણાદાયી ગાથાઓ પણ અપલોડ કરવામાં આવી છે. આ ઉપરાંત, મહિલા-20એ મહિલાઓ માટે સારા કામ અને રોજગારની તકોની

પહોંચમાં સુધારો કરવા માટે 2022 બાલી નેતાઓની ઘોષણા હેઠળ અગાઉની પ્રતિબદ્ધતાઓને આગળ વધારવાની કરવાની ભલામણ કરી છે.

મહિલા સશક્તિકરણ પર G-20 મંત્રી સ્તરીય સંમેલનમાં ભવિષ્યની નીતિઓ માટે હાકલ કરવામાં આવી હતી, જેમાં સભ્યોને લિંગ આધારિત ભેદભાવ દૂર કરવા, શિક્ષણ, ઉદ્યોગસાહસિકતા, નેતૃત્વ અને આબોહવા સંબંધિત મુદ્દાઓ સહિત વિકાસના તમામ ક્ષેત્રોમાં લૈંગિક અંતરાય ઓછો કરવા માટે મહિલાઓના નેતૃત્વમાં વિકાસના એજન્ડાને આગળ વધારવામાં વધુ સહયોગની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરવામાં આવે તેવું કહેવામાં આવ્યું હતું. મહિલા સશક્તિકરણ પર G-20 મંત્રી સ્તરીય સંમેલનમાં લૈંગિક સમાનતા અને મહિલા સશક્તિકરણના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે 12 મુદ્દાઓ સાથેનો એક અધ્યક્ષીય દસ્તાવેજ બહાર પાડવામાં આવ્યો હતો, જે https://www.g20.org/content/dam/gtwenty/gttwenty_new/document/G20_Chair's_Statement_Women's_Ministerial.pdf લિંક પર મળી શકે છે.

## ભ્રષ્ટાચાર વિરોધી મંત્રી સ્તરીય જૂથમાં કાયદાના અમલ, માહિતીના આદાનપ્રદાન અને સંપત્તિની વસુલાત પર સંમતિ

ભ્રષ્ટાચારની અસરનો સૌથી વધુ અનુભવ ગરીબો અને વંચિતોને છે. સંસાધનોના ઉપયોગ, બજારો અને સેવા વિતરણને અસર કરીને લોકોના જીવનની ગુણવત્તાને ઘટાડે છે. આ જ કારણ છે કે, ભારતમાં ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સની કડક નીતિ છે. પારદર્શક અને જવાબદાર ઈકો સિસ્ટમનું નિર્માણ કરવા માટે ટેક્નોલોજી અને ઈ-ગવર્નન્સનો ઉપયોગ થઈ રહ્યો છે. બેંક ખાતામાં 360 અબજ ડૉલરના ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરથી તિજોરીને લગભગ 33 અબજ ડૉલરની બચત થઈ છે. સરકારી ખરીદી માટેના ઈ-માર્કેટપ્લેસ દ્વારા પારદર્શિતા વધી છે, જ્યારે આર્થિક અપરાધી અધિનિયમ ઘડવામાં આવતા જ આર્થિક અપરાધીઓ અને ભાગેડુઓ પાસેથી 8 અબજ ડૉલરની સંપત્તિ વસૂલ કરવામાં આવી છે. મની લોન્ડરિંગ એક્ટ હેઠળ 12 અબજથી વધુની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે.

ભારતની અધ્યક્ષતામાં G-20 ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી જૂથની ત્રીજી બેઠક અને ભ્રષ્ટાચાર વિરોધી મંત્રી સ્તરીય બેઠક 9 થી 11 ઑગસ્ટ દરમિયાન કોલકાતામાં યોજાઈ હતી જેને સંબોધિત કરતી વખતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ આંકડા રજૂ કર્યા હતા. આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે, વર્તમાન સરકાર દેશમાં માત્ર ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સ પર કામ કરી રહી નથી, પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2014માં તેમના પ્રથમ G-20 શિખર સંમેલન અને પછી 2018માં G-20 શિખર સંમેલનમાં પણ નાસી ગયેલા આર્થિક ગુનેગારોનો મુદ્દો ઉઠાવ્યો હતો. 2018માં તેમની સામેની કાર્યવાહી અને મિલકતની વસૂલાત માટે નવ પોઈન્ટનો એજન્ડા રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં નિર્ણાયક પગલાં લેવામાં આવી રહ્યા છે.

> “
>
> **ભારતની અધ્યક્ષતામાં G-20નો આ સમૂહ કાયદા અમલીકરણમાં સહયોગ, માહિતીના આદાનપ્રદાન અને સંપત્તિ રિકવરી પર સર્વસંમતિ સાધવામાં સફળ રહ્યો છે. મને ખાતરી છે કે G-20ના સભ્યો પ્રત્યાર્પણના વ્યવસ્થાતંત્રની અસરકારકતા વધારવા અને સરહદ પારના નાણાકીય પ્રવાહને વધુ સારી રીતે ટ્રૅક કરવા માટે આ સિદ્ધાંતોને અમલમાં મૂકવા માટે નક્કર પગલાં લેશે, જેનાથી ભાગેડુ આર્થિક ગુનાગારોને અંકુશમાં લઈ શકાશે.**
>
> **- ડૉ. જીતેન્દ્રસિંહ, કેન્દ્રીય કાર્મિક અને વહીવટી સુધારણા મંત્રી**

પ્રાથમિકતા વાળા ક્ષેત્રો - માહિતીના આદાનપ્રદાન દ્વારા કાયદાના અમલમાં સહકાર; ભ્રષ્ટાચારને લગતી સંપત્તિની રિકવરીના વ્યવસ્થાતંત્રને મજબૂત કરવા અને ભ્રષ્ટાચારને રોકવા તેમજ તેનો સામનો કરવા માટે જવાબદાર જાહેર સંસ્થાઓ અને સત્તાધિકારીઓની અખંડિતતા અને અસરકારકતાને પ્રોત્સાહન આપવા જેવા ક્રિયાલક્ષી ઉચ્ચ સ્તરીય સિદ્ધાંતોને આવકારીને, પ્રધાનમંત્રી મોદીએ કાયદાના અમલીકરણની એજન્સીઓ વચ્ચે અનૌપચારિક સહયોગ પર એક સહમતિ પર પહોંચવા અંગેની ખુશી વ્યક્ત કરી હતી. પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય સહયોગમાં વધારો કરીને અને ભ્રષ્ટાચારના મૂળ કારણોનો સામનો કરનારા મજબૂત પગલાંના અમલીકરણ દ્વારા પરિવર્તન લાવવાની હાકલ કરી હતી.

ભ્રષ્ટાચાર વિરોધી મંત્રી સ્તરીય બેઠકની અધ્યક્ષતા કાર્મિક અને વહીવટી સુધારણા મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કરી હતી. કોલકાતામાં ભ્રષ્ટાચાર વિરોધી મંત્રી સ્તરીય બેઠક બાદ કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે બ્રિટનના સુરક્ષા મંત્રી ટોમ ટુંગેડહટ સાથે કહ્યું હતું કે, ભારતની G-20 અધ્યક્ષતાથી ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં આંતરરાષ્ટ્રીય સહયોગ અને જવાબદારી સુનિશ્ચિત કરવાની દિશામાં ચાલી રહેલી રાજનીતિને ગતિ મળશે. ભારતના નેતૃત્વ હેઠળ, G-20 ભ્રષ્ટાચાર વિરોધી કાર્ય સમૂહે ઉચ્ચ-સ્તરના સિદ્ધાંતોના ત્રણ સેટ અપનાવવા સહિત મહત્વપૂર્ણ સીમાચિહ્નો હાંસલ કર્યા છે. ●

# સ્વસ્થ શ્રમિક અને શ્રમિક પરિવાર
# અમૃતકાળના ભારતનો મજબૂત આધાર

**આર્થિક રીતે નબળા લોકોની આરોગ્ય સંભાળ પ્રત્યે સંવેદનશીલ ભારત સરકાર આરોગ્ય સંબંધિત વિવિધ યોજનાઓ ચલાવી રહી છે. આયુષ્માન ભારત યોજના હેઠળ સામાજિક-આર્થિક જાતિગત વસ્તીગણતરીમાં સામેલ 50 કરોડથી વધુ લોકો હોય કે પછી શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ કામ કરતી સંસ્થા કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC)ના લાભાર્થીઓ હોય, બધાને વધુ સારી તબીબી સુવિધાઓ મળી રહી છે. ESIC તેના વીમાધારક શ્રમિકો અને તેમના પરિવારના સભ્યોને વ્યાપક તબીબી સંભાળ આપવા સહિત સામાજિક સુરક્ષા લાભો પૂરા પાડે છે. હરિયાણા રાજ્યના પનેરા કલાં ગામની ESIC લાભાર્થી પ્રેમલતાની ફરીદાબાદની ESIC મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી છે...**

ફરીદાબાદના PVR મોલમાં ચોકીદાર તરીકે કામ કરતા ESIC વીમાધારક સુનીલ શર્માની પત્ની પ્રેમલતા સ્તન કેન્સરથી પીડિત હતી. તેમની બીમારી ખૂબ જ ગંભીર તબક્કામાં પહોંચી ગઈ હતી. હરિયાણામાં ઘણા ડૉક્ટરોની સલાહ લીધા પછી નિરાશ અને લાચાર પ્રેમલતા પોતાની બીમારીની સારવાર માટે ફરીદાબાદની ESIC મેડિકલ કોલેજ અને હોસ્પિટલ પહોંચી. સારવાર માટે જરૂરી રકમ અંગે પણ તેને ઘણી ચિંતા હતી. ત્યાં કેન્સર વિભાગના નિષ્ણાત તબીબોની ટીમે તેની સારવાર શરૂ કરી. ડૉ. વિવેક અગ્રવાલ, ડૉ. હેમંત અત્રી, ડૉ. નિશા અને ડૉ. મૈત્રીની ટીમ દ્વારા માસ્ટેક્ટોમીની સર્જિકલ પ્રક્રિયા અને કીમોથેરાપી બાદ પ્રેમલતા હવે સ્વસ્થ જીવન જીવી રહી છે. તેમની સારવાર કૅશલેસ હતી. કેન્દ્રીય શ્રમ અને રોજગાર તેમજ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે એક ટ્વીટમાં પ્રેમલતાની સફળ સારવાર શેર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ESICની મદદથી હરિયાણાના વીમાધારક શ્રમિક સુનીલ શર્માની પત્ની પ્રેમલતા દેવીએ સ્તન કેન્સરની મફત સારવાર મેળવી છે.

ફરીદાબાદની ESIC હોસ્પિટલના સિનિયર કન્સલ્ટન્ટ ડૉ. ભૂપેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, પ્રેમલતાનું કેન્સર એડવાન્સ સ્ટેજમાં હતું. આ ગાંઠ સ્તનથી આગળ સુધી ફેલાઈ ગઈ હતી. અમે સારવાર કરી અને તમામ ગાંઠો બહાર કાઢી નાખી. આજે તે પહેલાં કરતા ઘણી સારી અને બહેતર છે. ફરીદાબાદની ESIC મેડિકલ કોલેજ અને હોસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરોની ટીમે જણાવ્યું હતું કે, જો સ્તન કેન્સરનું નિદાન વહેલું થઈ જાય અને નિયત સારવાર પ્રોટોકોલ સાથે સારવાર કરવામાં આવે તો રોગ સામેની લડાઈ જીતી શકાય છે. જો કોઈ મહિલાને સ્તનના ભાગમાં કોઈ ગાંઠ દેખાય તો તેણે તરત જ તેની તપાસ કરાવવી જોઈએ. આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં સ્તન કેન્સરના સ્ક્રિનિંગની સુવિધા ઉપલબ્ધ છે. રોગના નિદાન પછી, સહેજપણ વિલંબ કર્યા વિના નિષ્ણાત ડૉક્ટર પાસેથી સારવાર લેવી જોઈએ. ●



**ESICના સહયોગથી, હરિયાણાના વીમાધારક શ્રમિક સુનીલ શર્માની પત્ની પ્રેમલતા દેવીને સ્તન કેન્સરની મફત સારવાર મળી.**

# રાષ્ટ્ર ગૌરવનાં




# વર્ષ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાની પ્રાચીર પરથી વિક્રમી 10મી વખત તિરંગો લહેરાવવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું. લાલ કિલ્લાની પ્રાચીર પરથી કરવામાં આવેલી દરેક જાહેરાત સાકાર થઈ છે અને દુનિયા પણ તિરંગાની આન-બાન-શાન જોઈ રહી છે. રાષ્ટ્ર પ્રત્યે નેતૃત્વની નિષ્ઠા, નીતિ અને નિયત દરેક ક્ષેત્રમાં પ્રતિબિંબિત થાય છે. તિરંગો ફરી એકવાર ભારતની એકતા અને ચેતનાનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે.**


ન્યૂ ઈન્ડિયા **સમાચાર** પાક્ષિક

RNI DELGUJ/2020/78810 1-15 September 2023
RNI Registered No. DELGUJ/2020/78810, Delhi Postal License No. DL(S)-1/3554/2023-25, WPP No. U(S)-102/2023-25, posting at BPC, Market Road, New Delhi-110001 on 26-30 advance Fortnightly
(Publishing Date- 18 August, 2023, Pages-60)

Gujarati

**Editor in Chief**
**Rajesh Malhotra,**
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Manish Desai,** Principal Director General, on behalf of **Central Bureau Of Communication**

**Published from:**
**Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at**
Infinity Advertising services Pvt.Ltd.
FBD-One Corporate Park, 10th floor,
New Delhi-Faridabad border,
NH-1,Faridabad-121003